# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 235 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ આશ્વિન સુદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 October 2024, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૩ ઑક્ટોબર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



VIHANG AHEAD
REYANSHP REALTY LLP

7 STAR BUSINESS SPACES

પ્રસ્તુત છે વિહંગ વેન્ચુરા, જે મીરા રોડમાં
સૌથી આશાસ્પદ રોકાણ તક છે.

મીરા રોડના
ઊભરતા વ્યાવસાયિક
ઉપનગરોમાં સ્થિત

ક્લબ x માં વૈભવી
મનોરંજન સુવિધાઓ

પ્રોડક્ટિવિટી અને
કમ્ફર્ટ માટે તૈયાર
કરાયેલી ઓફિસ સ્પેસીસ

વિશાળ સમર્પિત
બેન્ક્વેટ ફ્લોર

અદ્ભુત ડાઈનિંગ અનુભવ




મીરા રોડમાંના સૌથી ઊંચા
પ્રીમિયમ વ્યાવસાયિક
ટાવર પૈકી એક

મંત્રમુગ્ધ કરનારું
રૂફટોપ લાઉન્જ

8 હાઈ-સ્પીડ
એલીવેટર્સ સાથે
વિશાળ પ્રવેશ લોબી

પ્રીમિયમ રિટેઈલ
ફ્લોર્સ

પોડિયમ પાર્કિંગ

VIHANG VENTURA
MIRA ROAD

8655314474
તમારા ખાસ પ્રીવ્યુ બુક કરવા માટે

પ્રોજેક્ટ મહારેરા રજિસ્ટ્રેશન નંબર P51700049126
થકી નોંધણીકૃત છે, જે રજિસ્ટર્ડ પ્રોજેક્ટ્સ હેઠળ
વેબસાઈટ https://maharera.mahaonline.gov.in
પર ઉપલબ્ધ છે.

*નિયમો અને શરતો લાગુ

# પૂ. બાપુના ત્યાગ, તપસ્યા અને બલિદાનથી આપણને આઝાદીનાં મીઠાં ફળ ચાખવા મળ્યાં

## ગાંધીની જન્મજયંતીએ પોરબંદરના કીર્તિ મંદિર ખાતે મહાત્મા ગાંધીને મુખ્ય પ્રધાનની પુષ્પાંજલિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પ્રાર્થના આત્માનો ખોરાક, મહાત્મા ગાંધીના સર્વ ધર્મ પ્રાર્થનાના વિચારોને આત્મસાત કરીને વિશ્વભરમાંથી લોકો કીર્તિ મંદિર આવીને નવું બળ મેળવે છે, અહિંસાના પૂજારી, સત્ય અને સ્વચ્છતાના આગ્રહી મહાત્મા ગાંધીએ ભારતના આઝાદી સંગ્રામમાં સમગ્ર વિશ્વને નવો રાહ ચિંધ્યો હતો. ગરીબ કલ્યાણ, આત્મનિર્ભરતા અને પર્યાવરણીય સુરક્ષા સાથે વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મહાત્મા ગાંધીના અંત્યોદયના વિચારોને સાકાર કર્યા છે એવું ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

મહાત્મા ગાંધીજીના જન્મસ્થળ પોરબંદરમાં કીર્તિ મંદિરમાં ગાંધી જયંતી પ્રસંગે પૂ.બાપૂને પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ મુખ્ય પ્રધાને વધુમાં કહ્યું હતું કે, પૂજ્ય બાપુના ત્યાગ, તપસ્યા અને બલિદાનથી આપણને આઝાદીના અમૃતકાળના મીઠાં ફળ ચાખવા મળી રહ્યા છે. અહિંસા નમ્રતાની પરાકાષ્ઠા છે. સમગ્ર વિશ્વને અહિંસાનો રાહ ચિંધનાર પૂજ્ય બાપુનો જીવન એ જ એમનો સંદેશ છે. મહાત્મા ગાંધીજીએ સ્વરાજ્ય અપાવી છેવાડાના માનવીને સાથે રાખી ગ્રામોત્થાનનો વિચાર આપ્યો છે . વડા પ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીએ એ જ સ્વરાજ્યને સુરાજ્યમાં પલટાવી અંત્યોદયથી સર્વોદયનો મંત્ર સાર્થક કર્યો છે. પટેલે વધુમાં જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પૂજ્ય મહાત્મા ગાંધીજીના અંત્યોદયના મંત્ર સાથે ગરીબો, ખેડૂતો, યુવાનો અને નારી વિકસિત ભારતના ચાર સ્તંભને પણ સશક્ત કર્યા છે. તેમણે મહાત્મા ગાંધીના વિચારોને આત્મસાત કરવા ૧૦ વર્ષ પહેલાં સ્વચ્છ ભારત મિશન શરૂ કર્યું જે દેશભરમાં ઘર ઘર સુધી પહોંચ્યું અને સ્વચ્છતા એ આપણો સ્વભાવ બને તે માટે પ્રેરણા મળી.સ્વચ્છતા એ જન ભાગીદારીનું કાર્ય છે અને એ આપણે સાર્થક કર્યું છે. આત્મનિર્ભરતા, ગરીબ કલ્યાણ અને પર્યાવરણ આધારિત વિકાસના સંકલ્પ સાથે ગાંધી વિચારમૂલ્યોને ચરિતાર્થ કરીને ભારતને વિકસિત, ઉન્નત અને અમૃતમય બનાવવા આપણે સૌ પ્રતિબદ્ધ થઈએ. આ પ્રસંગે કેન્દ્રીય પ્રધાન ડૉ. મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું કે, રાજ્યશાસન પરિવર્તન માટે અહિંસા એક માર્ગ હોઈ શકે તેવો માર્ગ પૂજ્ય મહાત્મા ગાંધીજીએ વિશ્વને ચીંધ્યો હતો. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ આપેલા દર્શનનો વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ વિકસિત બને તે માટે અમલ થઈ રહ્યો છે. પૂજ્ય બાપુના દર્શન અહિંસા, સ્વચ્છતા, બુનિયાદી શિક્ષણ, અર્થવ્યવસ્થા અને અંત્યોદય તથા સમાજ કેવો હોવો જોઈએ તે બાપુના વિચારદર્શનને વડા પ્રધાને અમલમાં મૂકી દેશને વિકસિત ભારત બનાવવા પરિશ્રમ કરી રહ્યા છે.

સરકારી શાળાના શિક્ષકોના કલાવૃંદ દ્વારા ખૂબ જ ભાવમયી રીતે સર્વધર્મ પ્રાર્થના રજૂ કરવામાં આવી હતી.

# સિંહોની સલામતી માટે રાત્રે ગીરમાં ટ્રેન નહીં દોડે: મીટરગેજ પર દોડતી ૧૦ ટ્રેનોના સમયમાં ફેરફાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: એશિયાટીક સિંહોની સલામતી માટે હાઈ કોર્ટ ગુજરાતના આદેશ મુજબ કાંસિયાનેશ-સાસણગીર અને જૂનાગઢ-બીલ્ખા સેક્શનમાં રાત્રિ દરમિયાન ટ્રેનો ચલાવવાની નથી. હાલમાં ટ્રેન નંબર ૦૯૫૩૧ દેલવાડા-જૂનાગઢ અને ટ્રેન નંબર ૦૯૫૪૦ જૂનાગઢ-અમરેલી તેમના ગંતવ્ય સ્થાને અનુક્રમે ૨૦.૨૦ કલાકે અને ૨૦.૩૦ કલાકે પહોંચે છે. તેમના સમયમાં સુધારો થાય અને મીટરગેજ પર ચાલતી તમામ ટ્રેનો સમયસર દોડે તે હેતુથી ભાવનગર ડિવિઝનની મીટરગેજ પર દોડતી ૧૦ ટ્રેનોના સમયમાં ૦૭.૧૦.૨૦૨૪ થી ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ડિવિઝનલ રેલવે મેનેજર રવીશ કુમારના જણાવ્યા મુજબ, આ ટ્રેનોનું વિગતવાર વર્ણન આ મુજબ છે.

ટ્રેન નંબર ૦૯૨૯૫ વેરાવળ-દેલવાડા વેરાવળથી તેના વર્તમાન નિર્ધારિત સમય ૧૫.૪૫ કલાકના બદલે ૧૪.૦૫ કલાકે એટલે કે ૧ કલાક ૪૦ મિનિટ વહેલા ઉપડશે અને વર્તમાન નિર્ધારિત સમય ૧૮.૫૫ કલાકને બદલે ૧૭.૫૦ કલાકે દેલવાડા સ્ટેશન પહોંચશે. ટ્રેન નંબર ૦૯૫૩૧ દેલવાડા-જૂનાગઢ દેલવાડા સ્ટેશનથી ૧૪.૦૦ કલાકને બદલે ૧૧.૩૦ કલાકે ઉપડશે એટલે કે તેના વર્તમાન નિર્ધારિત સમય કરતાં ૨ કલાક ૩૦ મિનિટ વહેલા ઉપડશે અને જૂનાગઢ સ્ટેશને વર્તમાન નિર્ધારિત સમય ૨૦.૨૦ કલાકને બદલે ૧૮.૨૫ કલાકે પહોંચશે.

ટ્રેન નંબર ૦૯૨૯૨ અમરેલી-વેરાવળ અમરેલી સ્ટેશનથી તેના વર્તમાન નિર્ધારિત સમય ૦૮.૫૦ કલાકના બદલે ૦૬.૩૦ કલાકે ઉપડશે એટલે કે ૨ કલાક ૨૦ મિનિટ વહેલા અને ૧૩.૫૦ કલાકના વર્તમાન નિર્ધારિત સમયને બદલે ૧૧.૪૦ કલાકે વેરાવળ સ્ટેશને પહોંચશે. ટ્રેન નંબર ૦૯૫૩૯ અમરેલી-જૂનાગઢ અમરેલી સ્ટેશનથી તેના નિર્ધારિત સમય ૦૬.૩૦ના બદલે ૦૭.૧૦ વાગ્યે ઉપડશે એટલે કે ૪૦ મિનિટ મોડી અને જૂનાગઢ સ્ટેશને તેના વર્તમાન નિર્ધારિત સમય ૧૦.૧૦ને બદલે સવારે ૧૧.૧૦ વાગ્યે પહોંચશે.

ટ્રેન નંબર ૦૯૫૩૨ જૂનાગઢ-દેલવાડા જૂનાગઢ સ્ટેશનથી તેના નિર્ધારિત સમય ૦૭.૨૦ કલાકના બદલે ૦૮.૪૦ કલાકે ઉપડશે એટલે કે ૧ કલાક ૨૦ મિનિટ મોડી અને તેના વર્તમાન નિર્ધારિત સમય ૧૩.૧૦ કલાકને બદલે ૧૫.૨૫ કલાકે દેલવાડા સ્ટેશન પહોંચશે. ટ્રેન નંબર ૦૯૫૦૫ વેરાવળ-અમરેલી વેરાવળ સ્ટેશનથી ૧૩.૦૦ કલાકને બદલે ૧૩.૨૫ કલાકે એટલે કે ૨૫ મિનિટ મોડી ઉપડશે અને તેના વર્તમાન નિર્ધારિત સમય ૧૮.૦૫ કલાકને બદલે ૧૮.૪૦ કલાકે અમરેલી સ્ટેશન પહોંચશે.

ટ્રેન નંબર ૦૯૫૪૦ જૂનાગઢ-અમરેલી જૂનાગઢ સ્ટેશનથી ૧૭.૪૦ કલાકને બદલે ૧૪.૦૫ કલાકે એટલે કે ૩ કલાક ૩૫ મિનિટ વહેલા ઉપડશે અને તેના વર્તમાન નિર્ધારિત સમય ૨૧.૩૦ કલાકને બદલે ૧૮.૦૫ કલાકે અમરેલી સ્ટેશને પહોંચશે. ટ્રેન નંબર ૦૯૨૯૧ વેરાવળ-અમરેલી વેરાવળ સ્ટેશનથી તેના નિર્ધારિત સમય ૦૯.૪૦ કલાકે ઉપડશે પરંતુ તેના વર્તમાન નિર્ધારિત સમય ૧૪.૪૫ કલાકને બદલે ૧૫.૦૦ કલાકે એટલે કે ૧૫ મિનિટ મોડી અમરેલી સ્ટેશને પહોંચશે.

ટ્રેન નંબર ૦૯૫૦૮ અમરેલી-વેરાવળ અમરેલી સ્ટેશનથી તેના નિર્ધારિત સમય ૧૨.૧૦ કલાકના બદલે ૧૨.૨૫ કલાકે એટલે કે ૧૫ મિનિટ મોડી ઉપડશે અને તેના વર્તમાન નિર્ધારિત સમય ૧૭.૨૦ કલાકને બદલે ૧૭.૨૫ કલાકે વેરાવળ સ્ટેશન પહોંચશે.

ટ્રેન નંબર ૦૯૨૯૬ દેલવાડા-વેરાવળ દેલવાડા સ્ટેશનથી તેના નિર્ધારિત સમય ૦૮.૧૫ કલાકને બદલે ૦૮.૦૦ કલાકે એટલે કે ૧૫ મિનિટ વહેલા ઉપડશે અને વર્તમાન નિર્ધારિત સમય ૧૧.૧૫ કલાકને બદલે ૧૧.૨૦ કલાકે વેરાવળ સ્ટેશને પહોંચશે.

# ભુજ-ગાંધીનગર વચ્ચે દોડતી ઈન્ટરસિટી ટ્રેન સેવા સમાપ્તઃ અનેક પ્રવાસી રઝળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના વડા મથક ભુજથી અમદાવાદ વચ્ચે નવી સેમી હાઈસ્પીડ નમો ભારત રેપિડ ટ્રેનને વાજતે ગાજતે શરૂ કરવામાં આવતાં ભુજ-ગાંધીનગર ઈન્ટરસિટી ટ્રેન સેવાને આજથી વિધિવત્ રીતે સમાપ્ત કરી દેવામાં આવી છે. આ બાબતથી અજાણ અનેક પ્રવાસીઓ રેલવે સ્ટેશને પહોંચ્યા હતા અને રઝળી પડ્યા હતા.

નવી ટ્રેન એક સરખા રુટ અને સમયે શરૂ થતાં આ ટ્રેન સેવાનો ૧લી ઓક્ટોબરથી અંત આવી જવાની શક્યતા સેવાતી હતી જે સાચી પડી છે. છેલ્લે ૩૦ સપ્ટેમ્બર સુધી ત્રણ માસ પૂરતી આ ટ્રેન સેવા વિસ્તારવામાં આવી હતી.

નવી કોર્પોરેટ કક્ષાની નમો ભારત ટ્રેનના ટિકિટ દરની તુલનાએ આ ટ્રેનમાં સ્લીપર કોચનું ભાડું લગભગ અડધું અને જનરલ કોચનું ભાડું આમ જનતાના ખિસ્સાને પહોંચે એટલું માત્ર દોઢસો રૂપિયા હતું.

ગત ૭ એપ્રિલ ૨૦૨૩થી ભુજ અમદાવાદ (સાબરમતી) વચ્ચે સમર સ્પેશિયલ તરીકે ત્રણ માસ પૂરતી આ ટ્રેન શરૂ કરવામાં આવી હતી.ઉપયોગિતા અને લોકપ્રિયતા વધતાં દર ત્રણ મહિને આ ટ્રેનની મુદત લંબાતી રહેતી હતી. રેલવે યાર્ડની કામગીરીને અનુલક્ષીને થોડાક માસથી આ ટ્રેન સાબરમતીના બદલે ગાંધીનગર સુધી વિસ્તારવામાં આવી હતી.

આ બંધ કરી દેવામાં આવેલી ટ્રેન આગામી સમયમાં ભુજ-રાજકોટ વચ્ચે દોડાવાય તેવી શક્યતા હોવાનું રેલવે સૂત્રોએ જણાવ્યું હતું.

# વિદ્યાપીઠના ૧,૮૦૦ વિદ્યાર્થીઓ ૨૧ થી ૨૬ ઑક્ટોબર સુધી ૧૮,૦૦૦ ગામોમાં ગાંધી ગ્રામજીવન પદયાત્રા કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વિદ્યાપીઠના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સેવકો સાથે ૧,૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ તારીખ ૨૧ થી ૨૬ ઑક્ટોબર દરમિયાન ગુજરાતના ૧૮,૦૦૦ જેટલાં ગામોમાં પદયાત્રા કરશે અને સ્વાસ્થ્ય, સમૃદ્ધિ તથા સંપદાના સંરક્ષણ માટેના પ્રાકૃતિક ખેતી મહાઅભિયાન માટે ખેડૂતો-ગ્રામજનોને પ્રેરણા અને પ્રશિક્ષણ આપશે. વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી દેશની ચિંતા કરીને સમગ્ર દેશમાં પ્રાકૃતિક ખેતી અભિયાનનો વ્યાપ વધારવા પ્રયત્નશીલ છે ત્યારે ગુજરાત વિદ્યાપીઠના પ્રાકૃતિક ખેતી મહાઅભિયાનથી ગ્રામીણ પરિવારોની સૌથી મોટી સેવા થશે, ગામડાં સમૃદ્ધ થશે એવું ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું.

પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૫મી જન્મ જયંતી એ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ''મેરા જીવન હી મેરા સંદેશ હૈ.'' પૂજ્ય બાપુનું આ કથન જીવન વ્યવહારમાં ઉતારવાની આવશ્યકતા છે. માનવતા અને વિશ્વ કલ્યાણ માટે ‘સત્ય’ અને ‘અહિંસા’ માટેનું તેમનું આહ્વાન વિશ્વને સુખના માર્ગે લઈ જશે.

ભારતના વિકાસનો માર્ગ ગામડાઓમાં થઈને નીકળે છે એવા પૂજ્ય ગાંધીજીના અવતરણને ટાંકીને આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ગ્રામ વિકાસ અને અંત્યોદયથી જ ભારતને સમૃદ્ધ અને વિકસિત બનાવી શકાશે. ગામનો પૈસો ગામમાં રહે અને શહેરનો પૈસો પણ ગામમાં આવે તો ગ્રામ વિકાસ થાય. ‘સાદું જીવન અને ઉચ્ચ વિચારો’ - પૂજ્ય બાપુના વ્યવહારમાં રહેલી સાદગી અને તેમના વિચારોથી આખું વિશ્વ આજે તેમને આદરપૂર્વક નમન કરે છે. વિશ્વમાં માનવતારહિત વિચારોને કારણે વિવિધ દેશો વચ્ચે વૈમનસ્ય અને યુદ્ધની સ્થિતિ છે ત્યારે આખા વિશ્વને ‘ગાંધી વિચાર’ની તરસ છે.

ગુજરાત વિદ્યાપીઠમાં ગાંધી જયંતીની ઉજવણી અંતર્ગત અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. આચાર્ય દેવવ્રતજીએ ગાંધી ગ્રામજીવન પદયાત્રાનો શુભારંભ કરાવ્યો હતો.

# ગુજરાત સરકારને વર્ષ ૨૦૨૩-૨૪માં જીએસટી, વેટ અને વિદ્યુત શુલ્ક થકી ૧,૨૦,૭૩૫ કરોડની આવક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વર્ષ ૨૦૨૩-૨૪ નું વર્ષ રાજ્ય કર વિભાગ માટે લાભદાયક રહ્યું છે. જીએસટી, વેટ અને વિદ્યુત શુલ્કની આવકના કારણે રાજ્ય સરકારની તિજોરી છલકાઈ છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં ૧, ૨૦,૭૩૫ કરોડની આવક નોંધાઇ છે. રાજ્ય કર વિભાગે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ફાળવેલા લક્ષ્યાંકની સામે ૧૧૪ ટકા આવક નોંધાઇ હતી. રાજ્ય કર વિભાગને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં જીએસટી, વેટ અને ઇલેક્ટ્રીસિટી ચાર્જિસ થકી રૂપિયા ૧,૨૦,૭૩૫ કરોડની આવક થઈ હતી. રાજ્ય કર વિભાગને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં જીએસટી, વેટ અને ઇલેક્ટ્રીસિટી ચાર્જિસ થકી રૂપિયા ૧, ૧૪, ૮૬૪ કરોડની આવક થઈ હતી. આમ, ગત નાણાકીય વર્ષ કરતા ચાલુ વર્ષે રૂપિયા ૫૮૭૧ કરોડની વધુ આવક પ્રાપ્ત થઈ છે. રાજ્ય કર વિભાગે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં તેને ફાળવેલ લક્ષ્યાંકની સામે ૧૧૪ ટકા આવક રળી છે. રાજ્યને જીએસટી હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં ગત નાણાકીય વર્ષની સરખામણીમાં ૧૪ ટકાના ગ્રોથ સાથે રૂપિયા ૬૪, ૧૩૧ કરોડની આવક થઇ છે. આ ઉપરાંત, રાજ્યને ઇલેક્ટ્રિસિટી ચાર્જિસ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં ગત નાણાકીય વર્ષની સરખામણીમાં ૯ ટકાના ગ્રોથ સાથે રૂપિયા ૧૧,૪૯૭ કરોડની આવક થઇ છે. જ્યારે રાજ્યને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં વેટ હેઠળ રૂપિયા ૩૪,૧૫૬ કરોડની આવક થઇ છે. આમ જીએસટી, વેટ અને ઇલેક્ટ્રીસિટી ચાર્જિસ મળી કુલ આવક ૧,૨૦,૭૩૫ કરોડની થઈ હતી.

# ગુજરાતમાં ગરબા ગ્રાઉન્ડમાં ઘૂસતા દારૂડિયા, રોમિયો કે ટપોરીઓની ખેર નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નવ દુર્ગાની ઉપાસનાનું પર્વ નવરાત્રી ૩ ઓક્ટોબરથી શરૂ થઈ રહ્યું છે. નવરાત્રી મહોત્સવ દરમિયાન રાજ્યની બહેનો-દીકરીઓ સુરક્ષિત વાતાવરણમાં ગરબે ઘૂમી શકે તે માટે રાજ્યના ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ રાજ્યના તમામ ગરબા આયોજકો અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે બેઠક કરી ગરબાના મેદાનમાં ઘૂસતા દારૂડિયા, રોમિયો કે ટપોરી જેવા અસામાજિક તત્ત્વો સામે કડક કાર્યવાહીની સૂચના આપી હતી. તેમજ ગરબા મહોત્સવના કોઈ પણ આયોજક કે કમિટીના સભ્ય દારૂ પીધેલી હાલતમાં પકડાશે તો તરત આયોજન બંધ કરાવવામાં આવશે તેમ જણાવ્યું હતું.

હર્ષ સંઘવીએ તમામ આયોજકોને જણાવ્યું હતું કે, કોઈ પણ રોમિયો કે ટપોરી ગ્રાઉન્ડમાં આવે અને આયોજકોને ખબર પડે તો પોલીસને જાણ કરવી. પોલીસે કડકમાં કડક કાર્યવાહી કરવી અને એવી ટ્રીટમેન્ટ આપવી જેથી કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેમજ આજુ બાજુ રહેણાંક વિસ્તાર હોય તો કોઈને હેરાનગતિ ન થાય તેવું આયોજન સુનિશ્ચિત કરવું જરૂરી છે.

આ ઉપરાંત શહેરની ભાગોળે યોજાતાં આયોજનો માટે આયોજકો અને સત્તાધીશો સાથે બેઠક યોજી, રસ્તા પર અંધારું હોય તો લાઈટ ફીટ કરાવી, દારૂ પીધેલ લોકો ગરબા ગ્રાઉન્ડમાં એન્ટ્રી ન લે તે માટે ખાસ ધ્યાન રાખવું, આયોજકોની આજુ બાજુ પેટ્રોલિંગ કરવાની પણ પોલીસને સૂચના આપવામાં આવી હતી. તમામ અધિકારીઓએ તેમના શહેર - જિલ્લાના પીઆઇ, પીએસઆઇ સહિતના જવાનો સાથે બેઠક કરી માહિતી આપવાની પણ સૂચના આપવામાં આવી હતી.

નવરાત્રી મહોત્સવ દરમ્યાન તમામ ઉચ્ચ અધિકારીઓ પણ ઓન ગ્રાઉન્ડ એક્ટિવ રહેવાનું રહેશે તેમજ ગરબા મહોત્સવના કોઈ પણ આયોજક કે કમિટીના સભ્ય દારૂ પીધેલી હાલતમાં પકડાશે તો તરત આયોજન બંધ કરાવવાની પણ સૂચના આપવામાં આવી હતી.

# વડોદરાના માથેથી પૂરનું સંકટ ટળતા આજવા અને પ્રતાપપુરા ડેમમાંથી પાણી છોડાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરાના માથેથી પૂરનું સંકટ ટળી જતા ફરી એકવાર આજવા સરોવર અને પ્રતાપપુરા ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું હતું. વિશ્વામિત્રી નદીના જળસ્તરનું નિરીક્ષણ કરી અને ત્યાર બાદ ખતરો નહીં જણાતા વહીવટી તંત્ર દ્વારા આજવા અને પ્રતાપપુરા ડેમમાંથી પાણી છોડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જે અંતર્ગત આજવા ડેમના ૬૨ દરવાજા અને પ્રતાપપુરા ડેમના ૨ દરવાજા ખોલી પાણી છોડવામાં આવ્યું હતું.

થોડા દિવસો અગાઉ વડોદરા શહેરમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેના કારણે અનેક વિસ્તારોમાં ફરી પાણી ભરાઈ ગયા હતા. વિશ્વામિત્રી નદીની જળ સપાટીમાં વધારો થયો હતો. જેથી ફરી એકવાર પૂરની પરિસ્થિતિ સર્જાવાના એંધાણ વર્તાતા કેટલાય નીચાણવાળા વિસ્તારોમાંથી તો લોકોનું સ્થળાંતર પણ કરવામાં આવ્યું હતું. જોકે, વરસાદે વિરામ લેતા પૂરનું સંકટ શહેરીજનોના માથેથી હટી ગયું છે. બાદમાં વિશ્વામિત્રી નદીના જળસ્તરનું મોનોટરિંગ કરવામાં આવ્યું હતું. અને ફરી એકવાર આજવા સરોવર અને પ્રતાપપુરા ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું હતું.

આજવા સરોવર ડેમની જળ સપાટી ૨૧૩.૪૦ ફૂટે પહોંચી ગઈ હતી. જેને ૨૧૩ સુધીનું રૂલ લેવલ જાળવવા માટે આજવા ડેમના ૬૨ દરવાજા ખોલવામાં આવ્યા હતા. તેવી જ રીતે તંત્ર દ્વારા પ્રતાપપુરા ડેમમાંથી પણ ડેમના ૨ દરવાજા ખોલી પાણી છોડવામાં આવ્યું હતું. જેના કારણે વિશ્વામિત્રી નદીની જળ સપાટી ૧૫ ફૂટ હતી. જે હવે પાણી છોડવાના કારણે ૨ ફૂટ જેટલી વધીને ૧૭ ફૂટે પહોંચે તેવી શક્યતા છે. પૂરનું સંકટ ટળી જતા તંત્ર દ્વારા નગરજનોને ચિંતા ન કરવાની પણ અપીલ કરવામાં આવી હતી.

# જૂની પેન્શન યોજના ફરી શરૂ કરવા શિક્ષકોની અમદાવાદથી ગાંધીનગર સુધી પદયાત્રા

અમદાવાદ: સમગ્ર દેશમાં સરકારી કર્મચારીઓ જૂની પેન્શન યોજના ફરી શરૂ કરવા માટે લડત ચલાવી રહ્યા છે, ગુજરાતમાં પણ જૂની પેન્શન યોજના શરૂ કરવા માટે શિક્ષકો સહિત સરકારના વિવિધ વિભાગના કર્મચારીઓ ઘણા સમયથી આંદોલન કરી રહ્યા છે. બુધવારે ગાંધી જયંતી નિમિત્તે શિક્ષકોએ અમદાવાદ કલેક્ટર કચેરીથી ગાંધીનગર સત્યાગ્રહ છાવણી સુધીની પદયાત્રા યોજી હતી. જેમાં હાથમાં બેનર સાથે મોટી સંખ્યામાં શિક્ષકો જોડાયા હતા. આ ઉપરાંત નિવૃત્ત થયેલા શિક્ષકો જેમને જૂની પેન્શન યોજનાનો લાભ મળતો નથી તે શિક્ષકો પણ જોડાયા હતા. આ રેલીમાં રાજ્યભરમાંથી આવેલા શિક્ષકો જોડાયા હતા. રેલીમાં નિવૃત્ત અને દિવ્યાંગ શિક્ષકો પણ જોડાયા હતા. જૂની પેન્શન યોજના શરૂ કરવા માટે શિક્ષકોએ સૂત્રોચાર કર્યા હતા ત્યારબાદ શિક્ષકોએ હાથમાં બેનર સાથે કલેક્ટર કચેરીથી ગાંધીનગર સુધીની પદયાત્રા યોજી હતી.

# જમજીર ધોધ પાસે રીલ બનાવવા બદલ ગુજરાતી અભિનેત્રી સામે ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર સોમનાથ જિલ્લામાં જામવાળા નજીક આવેલાં જમજીર ધોધના કાયમી પ્રતિબંધ એવાં કોતર અને ધોધના પાંચ મીટર નજીક બેસીને એકાદ મહિના પહેલા અમદાવાદ નિકોલમાં રહેતી ગુજરાતી અભિનેત્રી જીલ પ્રેમજી જોષી વીડિયો રીલ બનાવી પોતાનાં ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર અપલોડ કર્યો હતો.

આ વીડિયો પર્યાવરણ બચાવ સમિતિની નજરે આવતાં આ બાબતે તંત્ર તાત્કાલિક દોડતું થયું હતું અને ગુજરાતી અભિનેત્રી જીલ જોષી સામે કોડિનાર પોલીસ સ્ટેશનમાં જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો હતો. કોડિનાર પોલીસના હેડ કોન્સ્ટેબલે જીલ જોશી વિરુદ્ધ જિલ્લા કલેક્ટરના જાહેરનામા ભંગ બદલ ફરિયાદ નોંધી હતી.

હકીકતમાં ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર દ્વારા ગીર જંગલના જામવાળા નજીક આવેલા જમજીર ધોધ પર રીલ બનાવવા તેમજ સેલ્ફી લેવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આમ છતાં ગુજરાતી અભિનેત્રી ઝીલ જોશીએ જમજીરના ધોધ નજીક ખુરશી પર બેસીને રીલ બનાવીને પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મૂકી હતી. આ વીડિયો વાઈરલ થતાં વન પર્યાવરણ સમિતિના પ્રમુખ હર્ષદ બાંભણીયા દ્વારા અભિનેત્રી વિરુદ્ધ પગલાં લેવાની માગ કરવામાં આવી હતી.

# સુરત સિવિલ હૉસ્પિટલમાં દર્દીઓનો ધસારોઃ રોગચાળો વકરતા બેડની અછત સર્જાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો વકર્યો છે, નવી સિવિલ હૉસ્પિટલમાં દર્દીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. જેના કારણે બેડની અછત સર્જાતા દર્દીઓને જમીન પર પથારીમાં સુવડાવીને સારવાર આપવી પડી રહી છે, જેથી દર્દીઓને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. દર્દીઓમાં તાવના સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે.

સુરત સિવિલમાંથી મળતી માહિતી પ્રમાણે, સિવિલ હૉસ્પિટલમાં દર મહિને ૬૦ હજારથી વધુ ઓપીડીના કેસો નોંધાઈ રહ્યા છે, મેડિકલ વિભાગમાં પૂર્વે ૫૦૦થી ૬૦૦ ઓપીડી નોંધાતી હતી તે હાલ ૭૫૦થી ૮૦૦ સુધી પહોંચી ગઈ હતી. આ ઓપીડીમાં ૧૦૦થી વધુ લોકોને દાખલ કરવાની ફરજ પડી રહી છે. જ્યારે બાળકોની પણ ૧૫૦થી ૨૦૦ જેટલી ઓપીડી હોય છે, જેમાંથી ૫૦ બાળકોને દાખલ કરવાની પણ ફરજ પડે છે. આ પહેલાં પણ જ્યારે દર્દીઓનો ધસારો વધ્યો ત્યારે કિડની બિલ્ડિંગના પાંચમા માળે આવેલા વોર્ડની બહાર પેસેજમાં બેડ મૂકીને દર્દીઓની સારવાર કરવાની ફરજ પડી હતી. ત્યારે હવે આઠમા માળે આવેલા વોર્ડની અંદર નીચે પથારીમાં સુવડાવી દર્દીઓની સારવાર કરવાની ફરજ પડી રહી છે.

# અંજારમાં અપહરણ સાથે ૧૦ કરોડની ખંડણીના ગુનામાં ફરાર આરોપી મધ્ય પ્રદેશથી પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આજથી સાડા ત્રણ વર્ષ અગાઉ પૂર્વ કચ્છના અંજાર વિસ્તારમાં અપહરણ સાથે રૂ.૧૦ કરોડની ખંડણી માગવાના જે-તે સમયે ભારે ચર્ચાસ્પદ બનેલા ગુનામાં નાસતા ફરતા ‘વોન્ટેડ’ આરોપીને કચ્છ પોલીસે મધ્ય પ્રદેશથી દબોચી લીધો હતો.

અંજારના વિજયનગર વિસ્તારમાં સાડા ત્રણ વર્ષ અગાઉ અપહરણ સાથે રૂપિયા ૧૦ કરોડની ખંડણી માગવાના પ્રકરણમાં સંડોવાયેલો આરોપી ઉપેન્દ્ર અજુદી વિશ્વકર્મા રહે.વિજયનગર, અંજારવાળો હાલે કેથોરા તા. બતીયાગઢ જિ. દમોહ મધ્ય પ્રદેશ ખાતે હોવાની પૂર્વબાતમી મળતાં સ્થાનિક ગુન્હાશોધક શાખાના કર્મીઓ મધ્ય પ્રદેશમાં વેશપલટો કરી કેથોરા ગામની આસપાસ આવેલા ખેતરોમાં સોયાબીનના વેપારી તરીકે ગયા હતા.

ત્યારબાદ આરોપીની ચોક્કસ જાણકારી મેળવી વોચ ગોઠવી હતી. જેમાં આ શખ્સ આબાદ સપડાઈ ગયો હતો. આરોપીને આગળની કાર્યવાહી માટે અંજાર પોલીસને સોંપવામાં આવ્યો હોવાનું એલસીબીના પોલીસ ઇન્સ્પેક્ટર એન.એન.ચુડાસમાએ જણાવ્યું હતું.

# નડિયાદના ડભાણ પાસે કાળા મરીમાં ભેળસેળ કરતી ફેક્ટરી ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં જીવન જરૂરિયાતની ખાદ્યચીજોમાં ભેળસેળનું દૂષણ સતત વધી રહ્યું છે. લેભાગુ વેપારીઓ ચીજોની પૂરી રકમ વસૂલ્યા બાદ પણ ખાદ્યવસ્તુઓમાં ભેળસેળ કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે. નડિયાદના ડભાણ પાસે આવેલી જય અંબે સ્પાઇસીસ નામની ફેક્ટરીમાં કાળા મરીમાં ભેળસેળ કરવામાં આવતી હોવાની બાતમીને આધારે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ તથા એસઓજી પોલીસે દરોડો પાડ્યો હતો. દરોડા વખતે ભેળસેળમાં વપરાતા મુદ્દામાલ સહિત રૂપિયા નવ લાખનો જથ્થો જપ્ત કરી આ બાબતે વધુ તપાસ માટે કાર્યવાહી હાથ ધરી છે. આ ફેક્ટરીમાં કાળા મરીનું વજન વધારવા માટે તેને કોટિંગ કરવામાં આવતું હોવાનું ખુલવા પામતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો હતો. મે. જય અંબે સ્પાઇસીસ એફએસએસએઆઈનું લાઈસન્સ ધરાવતી ન હોવાનું તપાસમાં ખુલ્યું હતું. જય અંબે સ્પાઈસીસ ગોડાઉનનાં ધંધાના માલિક ધીરેન વાસુદેવ પટેલ સ્થળ ઉપર હાજર રહેલા અને આ અંગે તેમણે જણાવ્યું હતું કે તેઓ દ્વારા કાળા મરીનું રો-મટિરીયલ લાવી તેની ઉપર ગુંદર પાવડર અને સ્ટાર્ચ પાવડરનો કોટિંગ કરી તેના ઉપર તેઓની પાસે રહેલા ઓઈલમાં પોલિશ કરી માલનું વજન વધારે પકડાય તે અર્થે ધંધો કરે છે. આથી, તંત્ર દ્વારા માલિક ધીરેન વાસુદેવ પટેલની હાજરીમાં કાળા મરી, સ્ટાર્ચ પાઉડર, ઓઈલ અને ગુંદર ના એમ કુલ પાંચ નમૂના લેવામાં આવ્યા હતા. અંદાજિત આશરે રૂ. ૯ લાખની કિંમતનો ૨૬૦૦ કિગ્રા શંકાસ્પદ જથ્થો જાહેર આરોગ્યના હિતમાં જપ્ત કરવામાં આવ્યો હતો.

# જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ૫૦ હજારથી વધુ ફરિયાદો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન દ્વારા તારીખ ૧૪ સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે જોકે, ગુજરાતનાં ૩૮ શહેર જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ૫૦,૦૦૦થી વધુ ફરિયાદો અને અપીલોનો ભરાવો થયો છે. અમદાવાદ શહેરની ત્રણ ગ્રાહક કોર્ટમાં ૧૧,૦૦૦થી વધુ ફરિયાદોનો ભરાવો છે. ફરિયાદી ગ્રાહકોને વિના વિલંબે ઝડપી ન્યાય મળવો જોઈએ આથી પેન્ડિંગ ફરિયાદોનો ઝડપી નિકાલ થાય તે હેતુથી ભારત સરકારે રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવા આદેશ આપ્યો છે. તારીખ ૧૪ સપ્ટેમ્બરના રોજ લોક અદાલતમાં વધુને વધુ પક્ષકારો પોતાના કેસો મૂકે અને સુખદ સમાધાન થાય તેવો આશય છે.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 235 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ આશ્વિન સુદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 October 2024, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૩ ઑક્ટોબર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## દિલ્હીમાંથી ₹ ૨,૦૦૦ કરોડનું ડ્રગ્સ પકડાયું

નવી દિલ્હીઃ દિલ્હી પોલીસે ડ્રગ્સ માફિયાઓ વિરુદ્ધ સૌથી મોટી કાર્યવાહી હાથ ધરી છે, જેમાં દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે લગભગ ૨,૦૦૦ કરોડ રૂપિયાનું કોકેન જપ્ત કર્યું છે. દક્ષિણ દિલ્હી દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં ૫૬૫ કિલોથી વધુ કોકેન જપ્ત કર્યું છે. આ કેસમાં પોલીસે ચાર લોકોની ધરપકડ કરી છે. હાલમાં જપ્ત કરવામાં આવેલા ડ્રગ્સની કિંમત ૨,૦૦૦ કરોડ રૂપિયા છે.

પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવેલા લોકોની સખત પૂછપરછ હાથ ધરવામાં આવી છે, આ ડ્રગ્સ કોનું છે તથા કોનું કનેક્શન છે એના અંગે તપાસ હાથ ધરવામાં આવી છે, એમ પોલીસે જણાવ્યું હતું.

અત્યાર સુધીમાં પહેલી વખત ૨,૦૦૦ કરોડ રૂપિયાના મૂલ્યનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. ઉપલબ્ધ રિપોર્ટ અનુસાર આ સપ્લાય પાછળ ઈન્ટરનેશનલ ડ્રગ સિન્ડિકેટ કામ કરી રહી છે. અત્યાર સુધીમાં દિલ્હીમાંથી પહેલી વખત આટલી માત્રામાં પુરવઠો જપ્ત કરવામાં આવ્યો છે, તેમાંય વળી જપ્ત કરવામાં આવેલું કોકેન હાઈ પ્રોફાઈલ પાર્ટીમાં ઉપયોગ કરવામાં આવતું હોવાનું કહેવાય છે.

દિલ્હી પોલીસે આ અગાઉ ડ્રગ્સ માફિયા વિરુદ્ધ કાર્યવાહી કરતા ઈન્ટરનેશનલ રેકેટનો પર્દાફાશ કર્યો હતો. ૨૦ સપ્ટેમ્બરે દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે કાર્યવાહી કરતા ૧.૧૪ કરોડ રૂપિયાના મૂલ્યનો ૨૨૮ કિલો ગાંજો જપ્ત કર્યો હતો. પોલીસે આ કાર્યવાહીમાં બે જણની ધરપકડ પણ કરી હતી.

આરોપી આંધ્ર પ્રદેશ અને ઓડિશા બોર્ડર પરથી ગાંજો લાવીને દિલ્હી અને એનસીઆરમાં સપ્લાય કરતા હતા. ક્રાઈમ બ્રાન્ચે ઓપરેશન કવચ શરૂ કર્યું છે, જેનો ઉદ્દેશ દિલ્હી-એનસીઆરમાં ડ્રગ્સ સપ્લાયને રોકવાનો છે. ■


ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 69,570/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

સ્વતંત્ર રસોડા સાથે
નેપાલ
Heena Tours & Travels
9326474508 / 9769442741


## ઈરાનમાંના ભારતીયોને સાવચેત રહેવા ચેતવણી

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયામાંના યુદ્ધને કારણે વધેલી તંગદિલીને લીધે ભારતે પોતાના નાગરિકોને ઇરાનનો પ્રવાસ ટાળવાની બુધવારે સૂચના આપી હતી. ભારતના વિદેશ મંત્રાલયે ઇરાનમાંના (જુઓ પાનું ૨) ▶▶

## સ્વચ્છ ભારત ઝુંબેશ સમૃદ્ધિનો નવો રસ્તોઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ભારત સરકારની સ્વચ્છ ભારત ઝુંબેશને એકવીસમી સદીની સૌથી મોટી અને સૌથી સફળ નાગરિકોની ચળવળ ગણાવતાં કહ્યું હતું કે તેની અસર નાગરિકોના આરોગ્ય અને સમૃદ્ધિ પર જોવા મળી રહી છે.

સ્વચ્છ ભારત ઝુંબેશને ૧૦ વર્ષ પૂરા થયા તે નિમિત્તે આયોજિત કાર્યક્રમને સંબોધતાં તેમણે કહ્યું હતું કે આ ઝુંબેશમાં સામૂહિક ભાગીદારીએ તેને દેશની સમૃદ્ધિની નવી દિશામાં લઈ જવાનું કામ કર્યું છે.

તમે લોકોએ સ્વચ્છ ભારત ઝુંબેશને સફળ બનાવી છે, એમ જણાવતાં વડા પ્રધાને નોંધ્યું હતું કે 'સેવા પખાવાડા' નિમિત્તે આયોજિત ૨૭ લાખ કાર્યક્રમોમાં કુલ ૨૮ કરોડથી વધુ લોકો સહભાગી થયા હતા.

તેમણે કહ્યું હતું કે મુખ્ય પ્રધાનો, પ્રધાનો અને અન્ય પ્રતિનિધિઓએ મહત્ત્વની ભૂમિકા આ રાષ્ટ્રીય ઝુંબેશમાં નિભાવી છે. ભારતને સ્વચ્છ કરવા માટે સતત પ્રયાસો આવશ્યક છે. આ કાર્યક્રમમાં વડા પ્રધાને સ્વચ્છ ભારત ઝુંબેશ અને અમૃત (જુઓ પાનું ૨) ▶▶










LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કંગનાના ગાંધીજી વિશેના લવારા સામે ભાજપ કેમ ચૂપ?

**થોડા** સમયની શાંતિ પછી ભાજપની સાંસદ અને એક્ટ્રેસ કંગના રણૌત પાછી વર્તાઈ છે. ૨ ઓક્ટોબરે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનો જન્મદિન એટલે કે ગાંધી જયંતી હતી. ગાંધીજીની જન્મજયંતી પર કંગના રણૌતે સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકીને ડહાપણ ડહોળ્યું છે કે, દેશના પિતા નહીં, દેશના તો લાલ હોય છે. ધન્ય છે, આ ભારત માતાના પુત્રને.

આ પોસ્ટની નીચે કંગનાએ લાલ બહાદુર શાસ્ત્રીનો ફોટો મૂક્યો છે. ૨ ઓક્ટોબરે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સાથે ભૂતપૂર્વ વડા પ્રધાન અને ભારત રત્ન લાલ બહાદુર શાસ્ત્રીનો પણ જન્મદિન છે તેથી આખો દેશ બાપુ અને શાસ્ત્રીજી બંનેને નમન કરે છે. ગાંધીજી અને શાસ્ત્રીજી બંને મહાન નેતા હતા ને બંને આદરણીય છે તેથી આખો દેશ તેમને નમન કરે છે. કંગનાએ પણ લાલ બહાદુર શાસ્ત્રીને નમન કર્યા, તેમના યોગદાનને વખાણ્યા તેમાં કશું ખોટું નથી.

કંગનાને ગાંધીજી આદરણીય ના લાગતા હોય ને તેમને માન આપવાની જરૂર નથી એવું લાગતું હોય તો એ તેના પોતાના વિચારો છે ને એ વિચારો તેણે પોતાની પાસે રાખવા જોઈએ, જાહેરમાં આ બકવાસ વિચારો વ્યક્ત કરીને ગાંધીજી પર કટાક્ષ કરવાની જરૂર નહોતી. ગાંધીજી પર કટાક્ષ કરીને કંગનાએ પોતાની હલકી માનસિકતા વ્યક્ત કરી છે. એક કહેવત છે કે, તમને સૂરજ પર ધૂળ નાંખો તો સૂરજને કંઈ ના થાય પણ ધૂળ તમારા પર આવીને જ પડે. ગાંધીજી વિશે બકવાસ કરનાર દરેકને આ કહેવત એકદમ લાગુ પડે છે ને કંગનાને પણ લાગુ પડે જ છે.

કમનસીબે ભાજપ કંગનાના લવારા પર ચૂપ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી મહાત્મા ગાંધીના ચરણોમાં પુષ્પમાળા અર્પણ કરે ને બીજી તરફ કંગના મહાત્મા ગાંધીનું અપમાન કરી રહી છે. નરેન્દ્ર મોદી માનો કે કંઈ ના બોલે પણ ભાજપે તો કંગનાને રોકવી જોઈએ પણ ભાજપનો કોઈ ટોચના નેતા કંગનાને કશું કહેવા તૈયાર નથી. એક માત્ર પંજાબ ભાજપના વરિષ્ઠ નેતા હરજીત ગ્રેવાલે કંગનાની ઝાટકણી કાઢીને કહ્યું છે કે, કંગનાએ ગાંધીજી વિશે આપેલું નિવેદન ખૂબ જ શરમજનક છે.

ગ્રેવાલે કટાક્ષ પણ કર્યો કે, કંગનાને મહાત્મા ગાંધી પસંદ નથી પણ લાલ બહાદુરને પસંદ કર્યા છે. કંગનાને કોઈએ કહેવું જોઈએ કે લાલ બહાદુર શાસ્ત્રી ગાંધીજીના અનુયાયી હતા અને તેમની વિચારધારા પ્રમાણે ચાલતા હતાં. હવે કંગના શિષ્યનું સન્માન કરી રહી છે જ્યારે તેમના માર્ગદર્શકનું અપમાન કરી રહી છે એ શાણપણ નથી. ગ્રેવાલે તો ત્યાં સુધી કહ્યું કે, કંગનાના વિચારો નાથુરામ ગોડસેના વિચારો છે ને મને લાગે કે મંડીના લોકોથી ભૂલ થઈ ગઈ છે પણ ભગવાન કંગનાને સદબુદ્ધિ આપે.

કંગનાની કૉંગ્રેસ પણ ઝાટકણી કાઢી છે પણ તેનાથી કંગનાને કદાચ ફરક પડતો નથી. કંગના પહેલાં પણ આ રીતે ગાંધીજી વિરુદ્ધ લવારા કરી ચૂકી છે અને મોં-માથા વિનાની વાતો કરી ચૂકી છે. તેનું કારણ એ કે, કંગનાનું કોઈ વાંચન નથી, કોઈ અભ્યાસ નથી, કોઈ બુદ્ધિમત્તા નથી. વોટ્સએપ યુનિવર્સિટી પર પિરસાતો એંઠવાડ ખાઈને ઓકનારી જમાતમાંથી કંગના આવે છે ને તમે એંઠવાડ ખાઓ એટલે ઊલટી જ કરવાનાં, કંગના પણ ઊલટીઓ પર ઊલટીઓ કરીને ગંધ ફેલાવી રહી છે.

કંગના કઈ હદે બુદ્ધિહીન છે તેનો પુરાવો એ છે કે, બહુ પહેલાં કંગનાએ દાવો કર્યો હતો કે, આઝાદ હિંદ ફોજના સંસ્થાપક સુભાષ ચંદ્ર બોઝ અને શહીદ ભગતસિંહને મહાત્મા ગાંધીનું સમર્થન મળ્યું નહોતું. કંગનાએ ગાંધીજીને સુભાષચંદ્ર બોઝના વિરોધી પણ ગણાવ્યા હતા. આ બાઈને એ પણ ખબર નથી કે, સુભાષબાબુએ જ પહેલી વાર ફાધર ઓફ નેશન એટલે કે રાષ્ટ્રપિતા ગણાવ્યા હતા.

મોહનદાસ કરમચંદ ગાંધીને લોકો પહેલાં મહાત્મા ગાંધી અને બાપુ તરીકે ઓળખતા હતા પણ ૪ જૂન, ૧૯૪૪ના રોજ, સુભાષચંદ્ર બોઝે સિંગાપોર રેડિયો પરથી દેશવાસીઓને સંદેશ આપતી વખતે મહાત્મા ગાંધીને 'રાષ્ટ્રપિતા' તરીકે સંબોધ્યા હતા. આ નામ આખા દેશે અપનાવ્યું અને આઝાદી પછી ભારત સરકારે પણ આ નામને માન્યતા આપી હતી. ગાંધીજીના મૃત્યુ પછી વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ રેડિયો દ્વારા રાષ્ટ્રને સંબોધિત કર્યું ત્યારે કહેલું કે, રાષ્ટ્રપિતા હવે નથી રહ્યા.

આ પહેલાં કંગનાએ મહાત્મા ગાંધીએ આપેલા 'અહિંસાના મંત્ર'ની પણ મજાક ઉડાવીને કહેલું કે,કોઈ એક ગાલ પર તમાચો મારે ત્યારે બીજો ગાલ આગળ કરવાથી ભિક્ષા મળે, આઝાદી નહીં. કંગનાએ એક ટીવી ચેનલના કાર્યક્રમમાં કહ્યું કે, દેશને અસલી આઝાદી ૨૦૧૪માં મળી જ્યારે ૨૦૧૭માં મળેલી આઝાદી તો ભીખ હતી. ભાજપના જ સાંસદ વરુણ ગાંધીએ આ વાત સામે વાંધો લીધેલો. વરુણે સવાલ કરેલો કે, દેશની આઝાદી માટે લડનારા શહીદ મંગલ પાંડેથી માંડીને રાણી લક્ષ્મીબાઈ, ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, નેતાજી સુભાષચંદ્ર બોઝ અને લાખો સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનનો તિરસ્કાર કરીને કંગના જે માનસિકતા બતાવી રહી છે તેને ગાંડપણ કહું કે દેશદ્રોહ?

આ સવાલ સામે કંગનાએ ટ્વીટ કરીને વરુણને જવાબ આપેલો કે, મેં સ્પષ્ટ કર્યું છે કે, ૧૮૫૭માં આઝાદીની પહેલી લડાઈ લડાઈ હતી કે જેને દબાવી દેવાઈ હતી. એ પછી બ્રિટિશ શાસને પોતાના અત્યાચાર અને ક્રૂરતાને વધારી દીધાં. પછી એક સદી પછી ગાંધીના ભીખના કટોરામાં આપણને આઝાદી આપી દીધી.....જાઓ અને રડ્યા કરો. ગાંધીજી આ દેશનાં રાષ્ટ્રપિતા છે ને કંગનાએ આપણા રાષ્ટ્રપિતા માટે ગાંધીજી શબ્દ પણ નહોતા વાપર્યા, માત્ર 'ગાંધી' લખ્યું હતું.

ટૂંકમાં કંગનાની માનસિકતા ગાંધીજી વિરોધી છે ને આ માનસિકતા છાસવારે દેખાયા કરે છે. તેનાથી ગાંધીજીને કંઈ ફરક પડતો નથી. કંગના જેવાં બહુ આવ્યા ને ગયાં, ગાંધીજીને વરસોથી આ રીતે ગાળો અપાય છે પણ તેના કારણે ગાંધીજી રાષ્ટ્રપિતા મટી ગયા નથી ને લોકો હજુય ગાંધીજીને પૂજે જ છે. તેનું કારણ એ કે, ગાંધી એક માણસ નહીં પણ એવી વિચારધારા કે જેને કોઈ કદી ખતમ નહીં કરી શકે. ગાંધીજીની હત્યા ભલે થઈ પણ તેમની વિચારધારા નથી મરી. બલ્કે આ વિચારધારા વધારે પ્રબળ બની છે. કહેવાતાં હિંદુવાદી સંગઠનોના નેતા વરસોથી ગાંધીજી સામે મનફાવે એવી વાતો કર્યા કરે છે પણ તેના કારણે ગાંધીજી અપ્રિય થયા નથી

ગાંધીજીની લોકપ્રિયતા આજેય અકબંધ છે ને તેના કારણે સંઘની પેદાશ જેવા નરેન્દ્ર મોદી જેવા નેતાઓએ પણ ગાંધીજીનાં ગુણગાન ગાવા પડે છે. કમનસીબે મોદી સહિતના નેતાઓને ગાંધીજીનું નામ વાપરવામાં જ રસ છે, ગાંધીજી સામે ગંદી વાતો કરનારાંને ઠપકારીને ચૂપ કરી દેવામાં રસ નથી.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), ગુરુવાર, તા. ૩-૧૦-૨૦૨૪, નવરાત્રિ પ્રારંભ, આશ્વિન શુક્લ પક્ષ શરૂ

- ભારતીય દિનાંક ૧૧, માહે આશ્વિન, શકે ૧૯૪૬,
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન સુદ -૧
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ સુદ-૧
- પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૦મો બહેરામ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૩૦મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર હસ્ત બપોરે ક. ૧૫-૩૧ સુધી, પછી ચિત્રા.
- ચંદ્ર કન્યામાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૦૫ (તા. ૪થી) સુધી પછી તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૫, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતી : બપોરે ક. ૧૨-૦૭, મધ્યરાત્રે ક. ૦૦-૩૫ (તા. ૪),ઓટઃ સાંજે ક. ૧૮-૦૮, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૧૭ (તા. ૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, ''રાક્ષસ'' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ''ક્રોધી'' નામ સંવત્સર, આશ્વિન શુક્લ - પ્રતિપદા. આશ્વિન શુક્લ પક્ષ, શારદીય નવરાત્રિ પ્રારંભ, ઘટસ્થાપનઃ સવારે ક. ૦૬-૩૧ થી ૦૮-૦૧, સવારે ક. ૧૦-૫૯થી બપોરે ૦૩-૨૬, સાંજે ક. ૦૪-૫૬ થી રાત્રે ક. ૦૯-૨૬. જ્વારા સ્થાપન, ઈષ્ટિ, માતામહ શ્રાદ્ધ. સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન મોર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ આશ્વિન માસ સંક્ષિપ્તઃ આશ્વિન શુક્લ પક્ષમાં ત્રીજ વૃદ્ધિ છે. બારસનો ક્ષય. દિવસ-૧૫, કૃષ્ણપક્ષમાં ચોથનો ક્ષય, એકાદશી વૃદ્ધિ તિથિ છે. દિવસ-૧૫ એમ કુલ ૩૦ દિવસનો આ માસ તા. ૩ ઓક્ટોબરથી ૧ નવે. સુધી છે.આજે પ્રતિપદાએ માતૃપક્ષનાં દિવંગતનું શ્રાદ્ધ કરવું.આ માસમાં પૂનમનું ચંદ્રગ્રહણ, અમાસનું સૂર્યગ્રહણ બનતું નથી. નવરાત્રિ પર્વ તા. ૩ ઓક્ટોબરથી તા. ૧૨ ઓક્ટોબર સુધી છે. ૧૨મીએ નવરાત્રિના પારણાં વિજયાદશમી છે. તા. ૧૧મીએ આઠમ અને નવમી છે. તા. ૧૬મીએ શરદ પૂર્ણિમા, કોજાગરી પૂર્ણિમા, તા. ૨૪મીએ ગુરુપુષ્યામૃત સિદ્ધિ યોગ, તા. ૨૮મીએ વાઘબારસ, તા. ૨૯મીએ ધનતેરસ, તા. ૩૦મીએ કાળી ચૌદસ, તા. ૩૧મીએ નરક ચતુર્દશી, દિવાળી, તા. ૧લીએ દર્શઅમાસ, તા. ૨જી નવેમ્બરે નવા વર્ષનો પ્રારંભ થાય છે.
- નવરાત્રિ મહિમાઃ તા.૩જી,આજથી વર્ષની ચાર નવરાત્રિમાંની અત્યંત પ્રચલિત એવી શારદીય નવરાત્રિ પ્રારંભાય છે. આજે ઘટસ્થાપના, માતાજીના ગરબાની સ્થાપના કરવી. માના ગરબામાં ઘીના અખંડ દીવાની સ્થાપના કરવી.ગરબાની જ્યોતનો પ્રકાશ પુંજ શક્તિ પ્રદાતા છે. જ્વારા ઊગાડવા અને પૂજવા, આજે શૈલપુત્રી નામસ્વરૂપમાતાની પૂજા કરવી. તા.૧૧મીએ મહાષ્ટમી, મહાનવમી છે. તા.૧૨મીએ નવરાત્રિનાં પારણાં,દશેરા પર્વ છે. મા અંબાનો મહિમા અપરંપાર છે. માની કૃપા મેળવવા માટેની પ્રાર્થના કરતા પહેલા, ભક્તિ કરતા પહેલા જીવનને સાદગીભર્યું, સંયમિત બનાવવું પડે છે. આ સંયમિત જીવન વિષય વાસના, વ્યસનની કુટેવ યુક્ત જીવનને ત્યાગી સંયમિત જીવન જીવવું ને ત્યાર પછી માની ઉપાસના કરવાથી લાભ થાય છે. શક્તિનો સંચાર થાય છે. એજ નવરાત્રિ પર્વની ઉજવણીનો મર્મ છે. શ્રદ્ધાવાનો એ બ્રાહ્મણ દ્વારા નવરાત્રિ પર્વમાં ચંડીપાઠ કરાવવો. શક્તિ ઉપાસનામાં મનનું બળ, નવરાત્રિના ઉપવાસ પર્વની ઉજવણીના મક્કમ નિર્ણયનું મહત્ત્વ છે. આથી આજે ચંદ્ર અને આત્મબળ માટે, ચંદ્ર-સૂર્યની પૂજાનો શ્રેષ્ઠ યોગ છે.
- આચમનઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-બુધ યુતિ, ચંદ્ર-રાહુ પ્રતિયુતિ, ગુરુ-શુક્ર પ્રતિયુતિ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-બુધ યુતિ, ચંદ્ર-રાહુ પ્રતિયુતિ, ગુરુ-શુક્ર પ્રતિયુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, બુધ-કન્યા, ગુરુ-વૃષભ, શુક્ર-તુલા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# નિખાલસ દુઆ બેડો પાર કરેઃ ભોલે પન મેં હૈ વફા કી ખુશબૂ

* યા ખુદાવંદે કરીમ! મને એ નેક લોકોમાં ભેળવી દે જેઓ મરણ પામી ચૂક્યા છે અને એ નેક (સજ્જન) લોકોમાં સમાવ જેઓ બાકી છે. મને નેક લોકોનાં માર્ગે ચડાવ, મારી મનોલાલસા વિરુદ્ધ એ જ ચીજોથી મારી મદદ કર જેના વડે તે નેક લોકોને તેમના અંતરના સંબંધમાં મદદ કરી છે. મારા કાર્યોને શ્રેષ્ઠ અંત પર પૂરા કર અને તારી રહેમત (દયા)ના સદકે તેના બદલામાં જન્નતને મારો સવાલ (પૂણ્ય, ભલાઈ) ઠેરવ અને જે સર્વોત્તમ નેઅમતો (ઈશ્વરની દેણગી) તે મને આપી છે તેના ઉપયોગમાં મારી સહાય કર.

* હે પાલનહાર! મને મજબૂત મનોબળ અને અડગતા અર્પણ કર

* અય તમામ સૃષ્ટિના પાલનહાર! જે બૂરાઈઓ અને હલાકાતોથી તે મને મુક્ત કર્યો છે તેમાં મને ફરી ન નાખ

* યા મારા માઅબુદ (ઈબાદતને પાત્ર ઈશ્વર) હું તારાથી ઈમાન (સચ્ચાઈપૂર્વકની શ્રદ્ધા) માગું છું જેની મુદ્દત તારી મુલાકાતની પહેલા ખતમ ન થાય, જ્યાં સુધી જીવું ત્યાં સુધી મને એ જ ઈમાન પર બાકી રાખ અને જ્યારે હું મરું તો તું મને એજ ઈમાન પર મૌત આપ અને જ્યારે મને ફરી ઊભો કરવામાં આવે ત્યારે મને એ જ ઈમાન સાથે ઉઠાડજે તેમ જ, મારા અંતરને તારા દીન (ધર્મ)ના સંબંધમાં ડોળ અને શંકા-દેખાવથી એટલું દૂર અને પાક-પવિત્ર કરી દે કે મારું દરેક કામ માત્ર તારા માટે નિશ્ચિત થઈ જાય.

* હે અલ્લાહ! મને તારા દીનમાં દીર્ઘદૃષ્ટિ, તારી આજ્ઞાનું ભાન, તારા ઈલ્મની સમજ અને જ્ઞાન, તારી દેણગીના બંને છેડા અને ભાગો સાથે એવી પરહેઝગારી (સદાચારી) અતા કર જે મને તારી દરેક નાફરમાનીથી રોકીલે તેમ જ તું મારા વદનને તારા નૂર (આભા)થી પ્રકાશિત, દિવ્ય અને શ્વેત કરી દે અને મારી દિલચશ્પી અને આકર્ષણ એ ચીજોમાં સાંકળીલે જે તારી પાસે છે અને મને તારા રસ્તા તેમ જ તારા રસૂલ (સ.અ.વ.)ની મિલ્લત (મિલનસારપણું) પર મૃત્યુ આપ.

* યા ખુદાતઆલા! હું સુસ્તી, આળસ, નિરસતા, ગમ, કંજૂસી, ગફલત, નિર્ધનતા, નિરાધારપણું, ભુખ વગેરે તમામ પ્રકારની બલાઓ અને બાહ્ય તથા આંતરિક એવી દરેક જાતની બૂરી વાતોથી તારું રક્ષણ યાચું છું.

* હું એવો આત્મા જે કદી સંતોષ ન પામે, એવું પેટ જે કદી ધરાય નહીં, એવું દિલ જે કદી વિનયી ન બને એવી દુઆથી જે કદી શ્રવ્ય ન બને, એવા કાર્યોથી જેનો કોઈ ફાયદો ન હોય, યા રબ! હું આ તમામથી તારું રક્ષણ માગું છું.

* અય પાલનહાર! હું મારા અંતર, મારા દીન, મારો માલ અને મને જે કંઈ તે આપ્યું છે તેના સંબંધમાં તિરસ્કૃત સેતાન ઈબ્લીસના વર્ચસ્વથી તારું શરણ શોધું છું. નિઃશંક તું સાંભળનાર પણ છે અને જાણકાર પણ.

* ઓ પરમ કૃપાળુ-દયાળુ અલ્લાહ! કોઈ પણ એવું નથી જે મને તારા કોપ અને રોષથી બચાવી શકે અને ન હું કોઈનામાં એવી શક્તિ જોઉં છું કે તે મારું અંતિમ લક્ષ, આશરો અને રક્ષણ સ્થાન બની શકે એટલે મને તારા અઝાબ (દુઃખ, કષ્ટ, વિપત્તિ, યાતના, સજા)માંના કોઈપણ અઝાબમાં કેદ ન કર, ન તો તું મને હલાકાત (સ્થિતિ)માં નાખ, ન દર્દનાક અઝાબમાં જકડ.

* યા મારા માઅબુદ! મારા આમાલ (કર્મ અને કરણી)ને સ્વીકારી લે, મારી યાદને લોકોમાં ઉચ્ચ અને આમ (સામાન્ય) કરી દે, મારું સ્થાન વધારી દે અને મારા બોજને મારા ખભેથી ઉતારી દે.

* મને મારી ભૂલો સાથે યાદ ન કર અને જન્નત તેમ જ તારી રઝા અને ખુશનુદીને મારા ઉઠક બેઠક, મારો નિત્યક્રમ અને મારી યાચનાનું ફળ કરાર દે.

* હે મારા પાલનહાર! મેં જે કંઈ તારાથી માગ્યું છે એ બધું તું મને આપી દે અને તારા ફઝલો કરમ (દયા કૃપા)થી એમાં વધારો કર, કારણ કે, અય તમામ જહાનોના પાળવાવાળા રબ! હું તારી તરફ ઢળેલો અને તને જ સમર્પિત છું.

**બોધઃ**

નિખાલસ દુઆ ગમે તેવી આંધીમાં પણ બેડો પાર કરે. અર્થાત્ ભોલેપન મેં હૈ વફા કી ખુશબૂ. ('વફા': પ્રમાણિકતા, ઈમાનદારી)

* * *

**સ્થિચારઃ**

એક દિવસ પયગંબર હઝરત મુસા અલૈયહિ સલ્લામે બારગાહે ઈલાહી (અલ્લાહના દરબાર)માં વિનંતી કરી કે-'યા ખુદાવંદા! તારા બંદાઓમાં સૌથી વધુ ઈજ્જતદાર કોણે છે?'

તો નિદા (આકાશવાણી) આવી કે-'અય મુસા! જેના પર કોઈ ઝુલ્મ કરવામાં આવે અને તેનો બદલો લેવાની તેનામાં તાકાત હોવા છતાં તે શખસ તેને માફ કરી દે તે શખસ સૌથી વધુ ઈજ્જતદાર છે...!'

* * *

**બુલંદ શાનવાળો**

અલ્લાહ સિવાય કોઈ અન્ય મા' બુદ (ઈબાદત-પ્રાર્થનાને પાત્ર ખુદા-ઈશ્વર) નથી

* તે શાશ્વત છે

* તે સ્વાવલંબી છે

* તે જ તમામ જહાનો (ધરતી આકાશો)ને ટકાવી રાખનારો છે.

* ન તો તેને ઝોકું આવે છે, ન નિદ્રા.

* તે સર્વસ્વ તેનું જ છે જે આકાશો તથા ધરતીમાં છે.

* એવું કોણ છે જે તેની પરવાનગી વગર તેની પાસે કોઈની ભલામણ કરી શકે?

* તે તેમની આગલી પાછલી હાલતોને જાણે છે અને તેઓ તેને ઈલ્મ (વિદ્યા, જ્ઞાન, આવડત)માંથી કંઈ પણ ગ્રહણ નથી કરી શકતા સિવાય કે તે કોઈને કંઈ આપવા ચાહે.

* તેનું ઈલ્મ આસમાનો તથા પૃથ્વી ઉપર વ્યાપક છે અને તેની વ્યવસ્થા તેને કદાપિ થકાવતી નથી.

- બેશક તે ઉચ્ચતર છે, બુલંદ શાનવાળો છે. (અલ-કુરાનઃ ૨૧૭)

**સનાતન સત્યઃ**

યંત્ર સંસ્કૃતિએ વિશ્વમાં સૌથી મોટા સાત અનર્થ પેદા કર્યા છેઃ- ૧- સિદ્ધાંત વગરનો સમાજ, ૨-શ્રમ વગર જ ધન, ૩- વિવેક વગરનો ભાગ, ૪- નીતિ વગરનો વ્યવસાય, ૫- ધર્મ વગર જ શિક્ષણ, ૬- માનવતા વગર જ વિજ્ઞાન અને ૭- સમર્પણ વગરની ઈબાદત, અર્ચના.

**આજની હકીકત**

જે બાળકને બોલતો કરવા મા-બાપ ભરપૂર પ્રયત્નો કરે છે એ જ બાળક મોટો થઈને મા-બાપને બોલતો બંધ કરે દે છે.

**દીવા જેવું સ્પષ્ટ**

મરેલા માણસને રોનાર મળે છે, પરંતુ જીવતાને ઓળખનાર મળતા નથી.

# ચૂંટણી પહેલા મતભેદોને દફનાવી દોઃ અમિત શાહની ભાજપના કાર્યકરોને સલાહ

મુંબઈઃ કેન્દ્રીય પ્રધાન અમિત શાહે મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના નેતાઓ અને કાર્યકરોને રાજ્યમાં નિર્ણાયક વિધાનસભા ચૂંટણી પહેલાં આંતરિક મતભેદો દફનાવીને એક થઈને કામ કરવાની હાકલ કરી છે.

કાર્યકરો જુદી જુદી દિશામાં કામ કરતા હોય એવું સંગઠન ક્યારેય સફળ થતું નથી, એમ અમિત શાહે મંગળવારે મુંબઈમાં પાર્ટીના એક સંમેલનમાં જણાવ્યું હોવાની માહિતી ભાજપના સૂત્રોએ આપી હતી.

અમિત શાહે મહારાષ્ટ્ર ભાજપને રાજ્યના દરેક ઘર સુધી પહોંચવા માટે 'ઘર ચલો અભિયાન' હાથ ધરવા જણાવ્યું છે અને પાર્ટીના બૂથ-લેવલ નેટવર્કને મજબૂત બનાવવાની હાકલ કરી છે, એમ પાર્ટીના એક નેતાએ જણાવ્યું હતું.

પખવાડિયામાં મહારાષ્ટ્રની તેમની ત્રીજી મુલાકાતે આવેલા અમિત શાહે ભાજપના વિધાનસભ્યો અને પક્ષના કાર્યકરોના એક જૂથ સાથે બેઠક કરી હતી.

દાદર ખાતેની બેઠકમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, રાજ્ય ભાજપના અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળે અને પક્ષના મુંબઈ એકમના વડા આશિષ શેલાર હાજર હતા જ્યાં શાહે સભાને સંબોધિત કરી હતી.

'પરિવારમાં પણ મતભેદો હોય છે. જો કોઈ વિધાનસભ્ય અથવા સંસદસભ્ય વિશે લોકોમાં નિરાશા હોય, તો એક સૌહાર્દપૂર્ણ ઉકેલ શોધવો જોઈએ જેથી મતદારો પક્ષ સાથે જોડાયેલા રહે,' એમ કહેતા શાહને ટાંકવામાં આવ્યા હતા.

ભાજપના મુખ્ય ચૂંટણી વ્યૂહરચનાકારે સ્થાનિક નેતાઓને દરેક મતદાન મથક માટે ૧૦ કાર્યકરોની નિમણૂક કરવા પણ કહ્યું હતું.

આ કાર્યકરોએ દશેરા (૧૨ ઓક્ટોબર) થી પ્રચારના છેલ્લા દિવસ સુધી બૂથ અધિકારક્ષેત્રમાં સક્રિય રહેવું જોઈએ, એમ શાહે જણાવ્યું હતું.

ભાજપના વરિષ્ઠ નેતાએ કાર્યકરોને નવા પક્ષના સભ્યોની નોંધણી કરતી વખતે મત માગવાનું ટાળવા પણ કહ્યું હતું.

મતદાતા રજિસ્ટર કરતી વખતે નવા સભ્યોને ભાજપને મત આપવા માટે કહો નહીં. એકવાર તેઓ સભ્ય બન્યા પછી, તેઓને મતદાનનું મહત્ત્વ સમજાશે. પાર્ટીના કાર્યકરોએ દરેક બૂથમાં ૨૦ નવા મતદારો ઉમેરવાની ઈચ્છા રાખવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

બાવનકુળેએ બાદમાં પત્રકારોને કહ્યું હતું કે, 'શાહે (મહારાષ્ટ્ર ભાજપ)ને અમારી સરકારના વિકાસ કાર્યોના સંદેશ સાથે રાજ્યના દરેક ઘર સુધી પહોંચવા માટેનું અભિયાન 'ઘર ચલો અભિયાન' હાથ ધરવા કહ્યું છે.'

શાહે પક્ષના બૂથ-સ્તરનું નેટવર્ક મજબૂત કરવા અને આગામી ચૂંટણીઓમાં વધુ મતદાન સુનિશ્ચિત કરવાની હાકલ કરી હતી, એમ બાવનકુળેએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

# ઉત્તર પ્રદેશ સરકારે એક જ દિવસમાં ૩૬.૫૧ કરોડ રોપા વાવીને રેકોર્ડ બનાવ્યો

લખનઊઃ ઉત્તર પ્રદેશ સરકારે ૨૦ જુલાઇના રોજ એક જ દિવસમાં ૩૬.૫૧ કરોડ રોપાઓ વાવીને ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો છે. બુધવારે અહીં જારી એક સત્તાવાર નિવેદનમાં આ માહિતી આપવામાં આવી હતી.

રાજ્ય સરકારે ૨૦ જુલાઇથી ૩૦ સપ્ટેમ્બર વચ્ચે ૩૬.૮૦ કરોડથી વધુ રોપાઓનું વાવેતર કર્યું છે. સરકાર દ્વારા જાહેર કરાયેલી તારીખ મુજબ ગ્રામીણ વિકાસ વિભાગે ૧૩.૫૩ કરોડ રોપાઓનું વાવેતર કરીને આ અભિયાનની આગેવાની કરી હતી. જ્યારે વન વિભાગે ૧૨.૯૨ કરોડ રોપાઓનું વાવેતર કર્યું હતું. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સોનભદ્ર જિલ્લો ૧.૫૫ કરોડથી વધુ રોપાઓ વાવીને પ્રથમ સ્થાને છે. ઉત્તર પ્રદેશ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના આહ્વાન પર 'એક પેડ મા કે નામ' અભિયાનમાં અગ્રેસર બનીને ઉભરી આવ્યું છે.

મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે ૨૦ જુલાઇએ લખનઊમાં વૃક્ષારોપણ કરીને 'વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો જન અભિયાન-૨૦૨૪'ની શરૂઆત કરી હતી. તે જ દિવસે તેમણે ગોરખપુર અને પ્રયાગરાજમાં પણ વૃક્ષારોપણ કરીને અભિયાનને આગળ ધપાવ્યું હતું. પ્રારંભિક લક્ષ્યાંક ૨૦ જુલાઇ સુધીમાં ૩૬.૫૦ કરોડ રોપાઓ વાવવાનો હતો, પરંતુ રાજ્યએ આ લક્ષ્યને પાર કરતાં ૩૬,૫૧,૪૫,૪૭૭ રોપાઓનું વાવેતર કર્યું હતું. જે નિર્ધારિત લક્ષ્ય કરતાં ૧,૪૫,૪૭૭ વધુ છે.

# તેહરાનના મિસાઈલ હુમલાને પગલે ઈરાન અને ઈઝરાયલની એકબીજાને ધમકી

જેરુસલેમ : ઇરાને ઈઝરાયલ પર મિસાઇલોનો હુમલો કર્યાના બીજા દિવસે ઈઝરાયલે કહ્યું કે તેણે ઇરાન સમર્થિત હિઝબુલ્લાહને નિશાન બનાવી લેબનોનમાં મર્યાદિત પ્રમાણમાં જમીન પર આક્રમણ શરૂ કર્યું છે. ઈરાને જણાવ્યું હતું કે તેની મોટાભાગની મિસાઈલો તેમનાં લક્ષ્યો સુધી પહોંચી હતી, પણ ઈઝરાયલે કહ્યું કે તેણે ઘણી મિસાઇલોને અટકાવી છે અને વોશિંગ્ટનના અધિકારીઓએ કહ્યું કે યુએસ ડિસ્ટ્રોયરોએ ઈઝરાયલના સંરક્ષણમાં મદદ કરી હતી. જાનહાનિના કોઈ તાત્કાલિક અહેવાલો નથી. ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ મંગળવારે મોડી રાત્રે ઈરાન સામે બદલો લેવાનું વચન આપ્યું હતું.

પહેલા પાનાનું ચાલુ

## સ્વચ્છ ભારત ઝુંબેશ

૨.૦ ઝુંબેશ હેઠળ રૂ. ૧૦,૦૦૦ કરોડના કામનું ઉદ્ઘાટન કર્યું હતું, જેમાં કેટલાંક રાજ્યોમાં જળ અને સ્યુએજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનો સમાવેશ થાય છે.

તેમણે કહ્યું હતું કે જ્યારે એકવીસમી સદીની વાત થશે ત્યારે ૧૦૦૦ વર્ષ બાદ પણ સ્વચ્છ ભારત ઝુંબેશનો ઉલ્લેખ થશે એવી આ ઝુંબેશની અસર છે.

તેમણે એવી ટીકા કરી હતી કે કેટલાંક રાજ્યો મૂળભૂત સ્વચ્છતાની અવગણના કરી રહ્યા છે. તેઓને ગંદકી અને શૌચાલયની અછત ક્યારેય રાષ્ટ્રીય મુદ્દો લાગ્યો નહોતો, જાણે કે તેમણે ગંદકીને તેમના જીવનનો ભાગ બનાવી દીધો હતો.

વડા પ્રધાન તરીકેના મારા કાર્યકાળનું પહેલું કામ સામાન્ય માણસના જીવનને સરળ બનાવવાનું હતું. હું શૌચાલય અને સેનેટરી પેડ્સ માટે બોલતો હતો અને આજે આપણે તેનાં પરિણામો જોઈ શકીએ છીએ.

તેમણે કહ્યું હતું કે એક દાયકા પહેલાં ૬૦ ટકા લોકોને જાહેરમાં શૌચ કરવાની ફરજ પડતી હતી અને તેમણે આને દલિતો, પછાત વર્ગ અને આદિવાસી સમાજનું અપમાન ગણાવ્યું હતું અને મહિલાઓ માટે અસુવિધાજનક હોવાનું કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે આંતરરાષ્ટ્રીય અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સ્વચ્છ ભારત ઝુંબેશને કારણે વર્ષે ૬૦,૦૦૦થી ૭૦,૦૦૦ બાળકોના જીવ બચી રહ્યા છે. જ્યારે યુનિસેફના અહેવાલમાં સંકેત આપ્યો છે કે ૯૦ ટકાથી વધુ મહિલાઓ ઘરમાં શૌચાલય બાંધવામાં આવ્યા હોવાથી સુરક્ષા અનુભવી રહી છે.

વધુમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશને સ્વચ્છ ભારત ઝુંબેશને ૨૦૧૪થી ૨૦૧૯ સુધીમાં ડાયેરિયાને કારણે થનારા મૃત્યુ ઘટાડીને ૩,૦૦,૦૦૦ બાળકોનો જીવ બચાવવાનું શ્રેય આપ્યું છે.

## ઈરાનમાંના ભારતીયોને

ભારતીયોને સાવચેત રહેવાની અને તહેરાનમાંની ભારતીય એલચી કચેરીના સંપર્કમાં રહેવાની પણ સૂચના આપી હતી.

ઇઝરાયલના હુમલામાં હિઝબુલ્લાહનો વડો હસન નસરલ્લાહ અને અન્ય કેટલાક કમાંડરના મૃત્યુને પગલે ઇરાને મંગળવારે ઇઝરાયલ પર અંદાજે ૨૦૦ મિસાઇલ છોડ્યા હતા.

દરમિયાન, ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ જણાવ્યું હતું કે અમારા પર મિસાઇલ હુમલા કરનારા ઇરાને 'પરિણામ' ભોગવવા પડશે.

ભારતના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે અમે ઇઝરાયલ, પેલેસ્ટાઇન, લેબેનોન, ઇરાન અને અન્ય કેટલાક દેશને સંડોવતા આ યુદ્ધ પર સતત નજર રાખી રહ્યા છીએ.

તેણે જણાવ્યું હતું કે અમે ભારતીયોને બહુ જ જરૂરી ન હોય ત્યાં સુધી ઇરાનનો પ્રવાસ નહિ કરવાની સલાહ આપીએ છીએ અને હાલમાં જે ભારતીયો ઇરાનમાં છે, તેઓએ તહેરાનમાંની ભારતીય એલચી કચેરીના સંપર્કમાં રહેવું.

અગાઉ, તેલ અવીવમાંની ભારતીય એલચી કચેરીએ પણ ઇઝરાયલમાં રહેતા ભારતીયો માટે આવી જ સૂચના બહાર પાડી હતી. (એજન્સી)

# મહાત્મા ગાંધીની ઈચ્છા મુજબ કૉંગ્રેસને વિખેરી નાખોઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે સૂચન કર્યું હતું કે વિપક્ષે કૉંગ્રેસને વિખેરી નાખવાની મહાત્મા ગાંધીની ઇચ્છા પૂરી કરવી જોઈએ કારણ કે તેની ઉપયોગિતા સમાપ્ત થઈ ગઈ છે. ભાજપના વરિષ્ઠ નેતાએ વિપક્ષો પર તેમના સ્વાર્થી રાજકીય એજન્ડા માટે મહાત્મા ગાંધીના નામનો ઉપયોગ કરવાનો આરોપ પણ લગાવ્યો. ''મહાત્મા ગાંધીજી ઈચ્છતા હતા કે આઝાદી પછી કૉંગ્રેસનું વિસર્જન થઈ જાય કારણ કે તેની ઉપયોગિતા સમાપ્ત થઈ ગઈ હતી. હું વિપક્ષોને આ ઈચ્છા વિશે યાદ અપાવવા માગું છું જો તેઓ ગાંધીવાદી આદર્શોના સાચા અનુયાયી હોય,'' એમ ફડણવીસે મહાત્મા ગાંધીની ૧૫૫મી જન્મજયંતી નિમિત્તે એનસીપી-એસપી દ્વારા કાઢવામાં આવેલી માર્ચ વિશે પૂછવામાં આવતાં જણાવ્યું હતું. ■




# નાગપુરમાં એક જ પરિવારના ચારનાં મોત

## લાશ લટકતી હાલતમાં મળી, ઘરમાંથી સ્યૂસાઈડ નોટ પણ મળી આવી


નાગપુરઃ મહારાષ્ટ્રના નાગપુરમાં એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. અહીં એક જ પરિવારના ચાર સભ્યો ઘરમાંથી મૃત હાલતમાં મળી આવ્યા હતા. માહિતી મળતાં જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. પોલીસને શંકા છે કે આ આત્મહત્યાનો મામલો છે. હાલ મૃતદેહનો કબજો મેળવીને કેસની તપાસ શરૂ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ મહારાષ્ટ્રના નાગપુર જિલ્લાના નરખેડ તાલુકાના મોવડ ગામમાં આ ઘટના બની છે. આ ઘટના બુધવારે સવારે બની હતી. પોલીસને ઘટના સ્થળે મૃતદેહો ફાંસીએ લટકેલા મળી આવ્યા હતા, તેમના હાથ પાછળથી બાંધેલા હતા. મૃતકોની ઓળખ ૬૮ વર્ષીય વિજય માધવકર પચોરી, તેમની પત્ની માલા, ૫૫ અને તેમના બે પુત્રો, ૩૮ વર્ષીય ગણેશ અને ૩૬ વર્ષીય દીપક તરીકે કરવામાં આવી છે.

બંને પુત્રોએ હજુ લગ્ન કર્યા ન હતા. વિજય પચોરી નિવૃત્ત શિક્ષક હતા. તેમના પુત્રના વ્યવસાયને લગતી આર્થિક સંકડામણને કારણે પરિવારમાં લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. પોલીસનું કહેવું છે કે ઘરમાંથી એક સ્યૂસાઈડ નોટ મળી આવી છે. જેમાં ચારેયની સહી છે.

પોલીસનું કહેવું છે કે મૃત્યુનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. પોલીસને મળેલી સ્યૂસાઈડ નોટમાં પરિવારના તમામ સભ્યોની સહીઓ મળી આવી હતી. આ ચિઠ્ઠીમાં પરિવાર માનસિક તણાવમાં હોવાનું બહાર આવ્યું હતું. વિજય પચોરીના મોટા પુત્ર ગણેશની ધરપકડ બાદ બધા જ ચિંતિત હતા. ગણેશની આ વર્ષે મધ્ય પ્રદેશના પાંધુર્ના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડીના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.

દિલ્હીમાં હાલમાં જ આવો પરિવારની આત્મહત્યાનો મામલો આવ્યો હતો, જેમાં પરિવારમાં પિતા અને તેની ચાર દિવ્યાંગ દીકરીઓ હતી. માતાનું એક વર્ષ પહેલા જ કેન્સરને કારણે મૃત્યુ થયું હતું. દીકરીઓની સારવાર અને દેખભાળમાં પિતાની નોકરી છૂટી ગઇ હતી. આખરે હતાશ થઇને પિતાએ ચારે દીકરીઓને ઝેર આપી દીધું હતું અને બાદમાં પોતે પણ ઝેર ખાઇને આત્મહત્યા કરી લીધી હતી. ■









# અજિત પવાર મુંબઈમાં અમિત શાહને મળ્યા

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા, રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર બુધવારે અહીં કેન્દ્રીય ગૃહ પ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહને મળ્યા હતા. મીટિંગમાં શું થયું તે હજુ જાણી શકાયું નથી.

અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીની હાજરી અને ભાજપના કેટલાક નેતાઓ દ્વારા મુસ્લિમ વિરોધી તિરાડ સામે તેમની પાર્ટીના વિરોધને લઈને શાસક મહાયુતિ ગઠબંધનમાં મતભેદોની પૃષ્ઠભૂમિ સામે આ મીટિંગ આવી છે.

આગામી મહિને યોજનારી ૨૮૮-સભ્યોની વિધાનસભાની ચૂંટણી માટે ત્રણ મહાયુતિના ભાગીદારોએ હજુ સુધી બેઠકોની વહેંચણીને આખરી ઓપ આપવાનો બાકી છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગયા અઠવાડિયે સ્વીકાર્યું હતું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને તેના નવા સહયોગી એનસીપી તરફથી શિવસેનાના મત કરતાં ઓછા મત મળ્યા હતા.

અજિત પવારે અગાઉ કહ્યું હતું કે મહાયુતિના ભાગીદારો એકજૂટ રહેશે અને તેઓ રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં ગઠબંધનની જીત સુનિશ્ચિત કરવા માટે કામ કરશે.

# ત્રણ હીરા વેપારી સાથે ૮૯ લાખ રૂપિયાની ઠગાઈ: હીરા દલાલ ગુજરાતમાં પકડાયો

મુંબઈ: બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) સ્થિત ત્રણ હીરાવેપારી પાસેથી વેચવાને બહાને લીધેલા હીરા કથિત રીતે હડપ કરી અંદાજે ૮૯ લાખ રૂપિયાની ઠગાઈ કરવાના કેસમાં પોલીસે હીરાદલાલને ગુજરાતમાંથી પકડી પાડ્યો હતો. બીકેસી પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ રણજીતભાઈ ભખલકિયા તરીકે થઈ હતી. ગુજરાતના અમરેલીના વતની રણજીતભાઈને કોર્ટે પોલીસ કસ્ટડી ફટકારી હતી. આરોપીએ ગુજરાતના વેપારીઓને વેચી નાખેલા હીરા જપ્ત કરવાની પ્રક્રિયા પોલીસે હાથ ધરી હતી.

દક્ષિણ મુંબઈમાં રહેતા હીરાવેપારી યોગેશ ઝવેરી કંપનીની ઑફિસ બીકેસીના ડાયમંડ બુર્સમાં આવેલી છે. હીરા ખરીદ-વેચાણનો વ્યવસાય ધરાવતા ફરિયાદી ઝવેરી છેલ્લાં ત્રણ વર્ષથી આરોપીને ઓળખે છે. આરોપી મુંબઈના હીરાવેપારીઓ પાસેથી ક્રેડિટ પર ડાયમન્ડ્સ લઈને ગુજરાતના વેપારીઓને વેચતો હતો. પછી નિયમિત રીતે હીરાની રકમ મુંબઈના વેપારી સુધી પહોંચતી કરતો હતો. પોલીસ ફરિયાદ અનુસાર ફરિયાદીની કંપની સાથે ત્રણ વર્ષ દરમિયાન નિયમિત રીતે વ્યવહાર કરી આરોપીએ વિશ્વાસ કેળવ્યો હતો. માર્ચ, ૨૦૨૩માં આરોપીએ ૨૮.૪૦ લાખ રૂપિયાના હીરા ફરિયાદીની કંપનીમાંથી ક્રેડિટ પર લીધા હતા. હીરાની રકમ બે દિવસમાં આપવાની ખાતરી આરોપીએ આપી હતી, પરંતુ ખાસ્સા દિવસ વીત્યા છતાં તેણે રૂપિયા ચૂકવ્યા નહોતા અને હીરા પણ પાછા આપ્યા નહોતા. દરમિયાન આરોપીએ આ રીતે અન્ય બે વેપારી પાસેથી ૩૬ અને ૨૫ લાખ રૂપિયાના હીરા લઈને આરોપીએ નાણાં ચૂકવ્યાં ન હોવાનું ફરિયાદીને જાણવા મળ્યું હતું. આરોપી હીરાદલાલનો મોબાઈલ સ્વિચ ઑફ્ફ આવતો હોવાથી વેપારીએ આખરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

ગુનો નોંધી બીકેસી પોલીસે આરોપીની શોધ હાથ ધરી હતી. બે દિવસ અગાઉ જ આરોપીને ગુજરાતમાંથી તાબામાં લેવાયો હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસ કસ્ટડીમાં રહેલા આરોપીની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે.

# આઠ કલાકમાં હું ૧૦ હજાર ફાઈલો પર સહી કરું છું: મુખ્ય પ્રધાન એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: જેમ જેમ વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે, તેમ રાજ્યમાં રાજકીય ચર્ચાઓ વધી રહી છે. ચૂંટણીને પગલે તમામ રાજકીય પક્ષોએ જોરદાર મોરચો માંડ્યો છે. અનેક નેતાઓ રાજ્યના પ્રવાસે છે. એક તરફ મહાવિકાસ આઘાડી અને બીજી તરફ મહાયુતિના નેતાઓની બેઠકો ચાલી રહી છે. જેમાં શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપ થઈ રહ્યા છે. થોડા દિવસો પહેલાં શિવસેનાના ઠાકરે જૂથના નેતાઓએ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની હેલિકોપ્ટરમાં પ્રવાસ કરીને ગામમાં જવા બદલ તેમની ટીકા કરી હતી. આનો મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જવાબ આપ્યો હતો. આ સાથે જ તેમના દ્વારા કરવામાં આવેલા નિવેદનની રાજકીય વર્તુળોમાં ચર્ચા થઈ રહી છે. તેમણે કહ્યું હતું કે, 'હું આઠ કલાકમાં ૧૦,૦૦૦ ફાઇલો પર હસ્તાક્ષર કરું છું.'

મહાયુતિ સરકારે એક રૂપિયાની પાક વીમા યોજના શરૂ કરી છે. ખેડૂત એક રૂપિયો ચૂકવશે અને બાકીની રકમ સરકાર ચૂકવશે, હવે ખેડૂતોના સોયાબીન અને કપાસની ચૂકવણી કરવાનું કામ પણ શરૂ થઈ ગયું છે. અમે ખેડૂતોના વીજ બિલ પણ માફ કર્યા. સરકાર કલ્યાણકારી યોજનાઓ આપવા માટે કામ કરી રહી છે. આપણે ગરીબી પણ જોઈ છે. ઘણી બહેનો કહેતી હોય છે કે અમને લાડકી બહેન યોજનાના પૈસા મળ્યા, અમે કોઈ ધંધો શરૂ કર્યો. ઘણી બહેનો તેમના ઘરે કેટલીક ખરીદી કરે છે. આનો અર્થ એ છે કે આ નાણાં ચલણમાં આવે છે અને રાજ્યની અર્થવ્યવસ્થાને પણ તેનાથી ફાયદો થઈ રહ્યો છે, એમ મુખ્ય પ્રધાન શિંદેએ જણાવ્યું હતું. અમે હવે નક્કી કર્યું છે કે વહાલી બહેનો કરોડપતિ થયા વિના નહીં રહે. તેમજ વહાલા ભાઈઓને રોજગારી મળે તેવી યોજના પણ દાખલ કરવામાં આવી છે. તેમજ મુખ્ય પ્રધાન તીર્થયાત્રા યોજના પણ શરૂ કરવામાં આવી છે. કાર્યકર્તા ઘરમાં નહીં પણ લોકોના દરવાજે સારો લાગે છે. તેથી અમે શાસન આપણા દ્વારે યોજના શરૂ કરી હતી અને પાંચ કરોડ લોકોને તેનો લાભ મળ્યો હતો. આ પહેલા પણ લાભાર્થીઓ હતા અને યોજનાનો લાભ મળતો નહોતો, પરંતુ હવે લોકો તેનો લાભ લેવા ઉમટી પડ્યા હતા, એમ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ટીકા કરી.

ઉદ્ધવ ઠાકરેનું નામ લીધા વિના ટીકા

અમે જ્યારે ગામડામાં ખેતી કરવા જઈએ છીએ ત્યારે કેટલાક લોકો અમારી ટીકા કરે છે. વિરોધીઓ મને કહે છે કે તે હેલિકોપ્ટર દ્વારા ખેતરમાં જાય છે. તો હવે ગાડીમાં ખેતરે ગામ જવાનું? પછી તે ૧૦ કલાક અથવા ૮ કલાક લેશે. આઠ કલાકમાં હું ૧૦ હજાર ફાઇલો પર સહી કરું છું.

મારી પાસે એટલો સમય નહોતો, તમે કર્યું. કારણ કે તમારા પગ ક્યારેય જમીનને સ્પર્શતા નથી. જો કે હું માટી અને ધરતીનો માણસ છું. તેથી, જ્યારે હું ગામમાં જાઉં છું, ત્યારે મારા પગ આપોઆપ ખેતરમાં જાય છે, એમ કહીને મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરેનું નામ લીધા વિના તેમની ટીકા કરી હતી.

# ૩૫ લાખનું ચરસ વેચવા આવેલો યુવક પકડાયો

પાલઘર: પાલઘર જિલ્લાના નાલાસોપારામાં ૩૫ લાખ રૂપિયાની કિંમતનું ચરસ વેચવા માટે આવેલા યુવકને પોલીસે પકડી પાડ્યો હતો. આરોપીની ઓળખ સુધીરકુમાર શ્રીદેવીપ્રસાદ શર્મા તરીકે થઇ હોઇ તે ઉત્તર પ્રદેશનો રહેવાસી છે.

પેલ્હાર પોલીસ સ્ટેશનના ક્રાઇમ ડિટેક્શન યુનિટે મળેલી માહિતીને આધારે ૩૦ સપ્ટેમ્બરે સાંજના નાલાસોપારામાં છટકું ગોઠવ્યું હતું અને શર્માને તાબામાં લીધો હતો.

શર્માની તલાશી લેવામાં આવતાં તેની પાસેથી ચરસ મળી આવ્યું હતું. શર્મા વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી. શર્માએ ડ્રગ્સ ક્યાંથી મેળવ્યું અને તે કોને વેચવા અહીં આવ્યો હતો, તેની તપાસ કરાઇ રહી છે. (પીટીઆઇ)

# રાજ્યમાં આઠ નવી સરકારી મેડિકલ કોલેજોને મંજૂરી

મુંબઈ: કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે મહારાષ્ટ્રમાં આઠ સરકારી મેડિકલ કોલેજોને મંજૂરી આપી છે. આમ એમબીબીએસ વિદ્યાર્થીઓ માટે ૮૦૦ નવી બેઠકોનો વધારો થશે. મંજૂર થયેલી મોટાભાગની કોલેજોમાં પૂરતા શિક્ષકો નથી અને બિલ્ડિંગમાં હોસ્ટેલની સુવિધા ન હોવા છતાં આ અંગેની શરતો પૂરી કરવાની ખાતરી આપીને સરકારી મેડિકલ કોલેજોને મંજૂરી આપવામાં આવી છે.

આ વર્ષે, રાજ્ય સરકારે મુંબઈ અને નાસિકમાં ૫૦ પ્રવેશ ક્ષમતાવાળી બે મેડિકલ કોલેજને મંજૂરી આપી છે. હવે, નવી કેન્દ્ર સરકાર દ્વારા આઠ મેડિકલ કોલેજોને મંજૂરી અપાતાં રાજ્યમાં કુલ ૪૧ સરકારી મેડિકલ કોલેજો હશે. મેડિકલ કોલેજોની વર્તમાન પ્રવેશ ક્ષમતા કુલ ૫૦૫૦ છે અને નવી બેઠકો વધીને ૫૮૫૦ થશે.

### બદલાપુર યૌન શોષણના આરોપી અક્ષય શિંદે પર ગોળીબાર

# તપાસ માટે સરકારે પંચ બનાવ્યું: ૩ મહિનામાં રિપોર્ટ આપશે

મુંબઈ: બદલાપુરની શાળાના યૌન શોષણ કેસમાં અક્ષય શિંદેની પોલીસ દ્વારા કથિત ગોળીબારમાં થયેલી હત્યાની છાનબીન માટે મહારાષ્ટ્ર સરકારે તપાસ પંચની રચના કરી છે. મંગળવારે પ્રકાશિત થયેલા ગૃહ વિભાગના ગેઝેટમાં કહેવામાં આવ્યું છે કે એક સભ્યના તપાસ પંચનું નેતૃત્વ અલ્હાબાદ હાઈ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ (નિવૃત્ત) દિલીપ ભોસલે કરશે. ગેઝેટમાં જણાવ્યા અનુસાર પેનલ ત્રણ મહિનામાં પોતાનો રિપોર્ટ સુપરત કરશે. ઓગસ્ટમાં થાણા જિલ્લાના બદલાપુરની એક શાળાના શૌચાલયની અંદર એક પુરુષ કર્મચારી દ્વારા ચાર અને પાંચ વર્ષની બે છોકરીઓનું કથિત રીતે યૌન શોષણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આરોપી અક્ષય શિંદેની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ ૨૩ સપ્ટેમ્બરે કથિત સ્વરૂપના ગોળીબારમાં પોલીસે તેને ઠાર કર્યો હતો. ગેઝેટમાં જણાવ્યા અનુસાર ૨૩ સપ્ટેમ્બરે થાણાના મુમ્બ્રા બાયપાસ પર બનેલી ઘટનાક્રમને અનુસરી તપાસ પંચ છાનબીન કરશે. આ ઘટનાક્રમમાં અક્ષય શિંદે અને એને લઈ જતી પોલીસ વચ્ચે ગોળીબાર થવાથી અક્ષયનું મૃત્યુ થયું હતું અને એને પરિણામે પછીની ઘટનાઓ બની હતી એનો સમાવેશ હશે અને એના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ગોળીબારની ઘટનામાં કોઈ વ્યક્તિ, કે જૂથ અથવા સંસ્થાની સીધી ય આડકતરી સંડોવણી હતી કે કેમ એ બાબત પર પણ તપાસમાં ધ્યાન આપવામાં આવશે. પરિસ્થિતિને સંભાળવા માટે પોલીસ દ્વારા લેવામાં આવેલા પગલાં યોગ્ય હતા કે કેમ એની પણ તપાસ કરવામાં આવશે.

# બસ મુસાફરોને વધુ સારી સગવડો આપો: કૉંગ્રેસ

મુંબઈ: મુંબઈ અને પુણે વચ્ચે ઇલેક્ટ્રિક 'શિવનેરી' લક્ઝરી બસમાં એર હોસ્ટેસ જેવી સુવિધા આપવાના મહારાષ્ટ્ર રાજ્ય પરિવહન નિગમ (એમએસઆરટીસી)ના નિર્ણયની કૉંગ્રેસે બુધવારે ઝાટકણી કાઢી મુસાફરોની મૂળભૂત સગવડોની ઉપેક્ષા કરવાનો આરોપ રાજ્ય સરકાર પર મૂક્યો હતો.

નિગમના નવા અધ્યક્ષ ભરત ગોગાવલેના નેતૃત્વમાં મંગળવારે 'શિવનેરી' બ્રાન્ડ નામ હેઠળ બે મુખ્ય શહેરો વચ્ચે ચાલતી વાતાનુકૂલિત બસમાં 'સુંદરીઓ'ની સુવિધા શરૂ કરવાની જાહેરાત કરી હતી.

૨૦૦ કિલોમીટર લાંબા વ્યસ્ત રૂટ પર મુસાફરી કરતા મુસાફરોને હવાઈ મુસાફરી પ્રકારનું આતિથ્ય-સત્કાર મળે એ માટે મુંબઈમાં ગોગાવલેની અધ્યક્ષતામાં સરકારી માલિકીની પરિવહન નિગમની બોર્ડ મીટિંગમાં આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું એમએસઆરટીસીએ જણાવ્યું હતું.

### લાડકી બહેન યોજના

આયોજન કરવામાં આવ્યું હતું. બજેટમાં મહિલાઓને સામે રાખીને યોજનાઓ ઘડી કાઢવામાં આવી હતી. મુખ્યમંત્રી લાડકી બહેન યોજના પાછળ ૪૬ હજાર કરોડ રૂપિયા ખર્ચી રહ્યા છીએ. અમારી યોજનાથી વિરોધીઓને ઉબકા આવી રહ્યા છે. મહાયુતિ સરકારને ફરી એક વખત રાજ્યમાં સત્તા આપો અને આ તમામ યોજનાઓ સરકાર આવતાં આવતાં પાંચ વર્ષ સુધી ચાલુ રાખશે,એમ પણ પવારે એમ કહ્યું હતું.

**લાડકી બહેન યોજનાની રકમ પર ચાર્જ: બેંકો સામે પગલાં લેવામાં આવશે**

મહાયુતિ સરકારે મુખ્ય પ્રધાન મારી લાડકી બહેન યોજના દ્વારા પાત્ર લાભાર્થી મહિલાઓને દર મહિને ૧૫૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું છે. આ યોજનાના જોરે મહાયુતિ સરકારે આગામી વિધાનસભા ચૂંટણીની તડામાર તૈયારીઓ કરી છે. જોકે જેમ જેમ મહિનાઓ વીતી ગયા તેમ તેમ યોજનાની કેટલીક ટેકનિકલ ખામીઓ સામે આવી રહી છે. સરકાર પણ આ ખામીઓને તાત્કાલિક ધોરણે દૂર કરવાનો પ્રયાસ કરી રહી છે. ખાતામાં પૈસા જમા થયા બાદ બેંક લાડકી બહેન યોજનામાંથી ચાર્જ સ્વરૂપે પૈસા કાપી રહી હોવાની ફરિયાદ ઘણી મહિલાઓએ કરી હતી. આ ફરિયાદોને પગલે હવે સરકારે કડક પગલાં લીધા છે. મહિલા અને બાળ વિકાસ મંત્રી અદિતિ તટકરેએ આ અંગે માહિતી આપી છે. 'મુખ્ય પ્રધાન - મારી લાડકી બહેન' યોજનાની રાજ્ય કક્ષાએ સમીક્ષા કરવા માટે મંગળવારે (૧ ઓક્ટોબર) વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા એક બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ અનુપ કુમાર યાદવ, સંકલિત બાળ વિકાસ યોજનાના કમિશનર કૈલાશ પાગરે અને તમામ જિલ્લાઓના મહિલા અને બાળ વિકાસ અધિકારીઓ હાજર રહ્યા હતા.

યોજના હેઠળ લાભાર્થી મહિલાઓને આપવામાં આવેલી રકમમાંથી કેટલીક બેંકો દ્વારા લઘુતમ બેલેન્સ, ચેક રિટર્ન વગેરે માટે ચાર્જ વસૂલ કરી મહિલાઓના બેંક ખાતામાંથી પૈસા કાપવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું. આ સંદર્ભે અદિતિ તટકરેએ કહ્યું કે સરકારે આવી બેંકો સામે કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે. કેટલીક પાત્ર મહિલાઓના બેંક ખાતામાં આધાર કાર્ડ સંલગ્ન ન હોવાને કારણે તેમને લાભ મળતો નથી. આ અંગે વહીવટીતંત્રને બીજી ઓક્ટોબરથી સાતમી ઓક્ટોબર સુધી વિશેષ અભિયાન ચલાવવાની સૂચના આપવામાં આવી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

## હિન્દુ મરણ

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

પડધરી નિવાસી હાલ મુંબઈ સગુણાબેન મનસુખલાલ આશરના પુત્રી હિમા (ઉ.વ. ૪૮) ૨૭/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે જ્યોર્જ મુરંગીના ધર્મપત્ની. સ્વ. મુકેશભાઈ, મહેશભાઈ, મનોજભાઈના ભત્રીજી. મેહુલ, ભક્તિ ગૌરવ વૈદ્ય, તન્વી, ચાંદની, અમી, દીપક, જતીન, રાજીવ તથા ઋષભના બહેન. સ્વ. છગનલાલ જેરામભાઈ મચ્છરના દોહિત્રી. પ્રાર્થનાસભા ગુરુવાર, ૩/૧૦/૨૪ના ૪ થી ૫.૩૦. રવજી જીવરાજ હોલ, એસ. એન. ડી ટી વુમનસ કોલેજ, ૩૩૮ રફી અહમદ કિડવાઈ રોડ, માટુંગા ઈસ્ટ.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

પડધરી નિવાસી હાલ મુંબઈ મનસુખલાલ (સુંદરભાઈ) પ્રાણજીવન જીવરાજ આશર (ઉ.વ. ૭૩) તે ૧/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સગુણાબેનના પતિ. સ્વ. હિમા, મેહુલ, ભક્તિના પિતા. સ્વ. મુકેશભાઈ, મહેશભાઈ, મનોજભાઈ, કુસુમબેન, ચંદ્રિકાબેન, કૌમુદીબેન, વર્ષાબેન, વીણાબેનના ભાઈ. સ્વ. છગનલાલ જેરામભાઈ મચ્છરના જમાઈ. જ્યોર્જ, લિયાન, ગૌરવના સસરા. પ્રાર્થનાસભા ગુરુવાર, ૩/૧૦/૨૪ના ૪ થી ૫.૩૦. રવજી જીવરાજ હોલ, એસ. એન. ડી. ટી વુમનસ કોલેજ, ૩૩૮ રફી અહમદ કિડવાઈ રોડ, માટુંગા ઈસ્ટ.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ દ્વારકા હાલ કાંદીવલી નરેન્દ્ર વિઠલાણી (ઉ.વ. ૬૬) તા. ૧/૧૦/૨૪ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જયમતી કરસનદાસ વિઠલાણીના પુત્ર. સ્વ. શામજીભાઈ વસાણીના જમાઈ. કુસુમના પતિ. ક્ષિતિજ અને મયુરના પિતા. મિતાલીના સસરા. પુનિતા, સરોજ, તરલાના ભાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ગુર્જર ક્ષત્રિય કડિયા**

ગામ ગાવડકા-અમરેલી હાલ બોરીવલી ગં.સ્વ. સવિતાબહેન શામજીભાઈ વાઢેરના સુપુત્ર સ્વ. ભગવાનજીભાઈ વાઢેર ૨૭-૯-૨૪ને શુક્રવાર શ્રીજીચરણ પામ્યા છે. તે રજનીબહેનના પતિ. મીરા અને મેઘાના પિતા. લક્ષ્મીબહેન પુરુષોત્તમભાઈ, જયશ્રીબહેન પંકજભાઈ, ચંદ્રિકાબહેન મૂકેશભાઈ, નરેશભાઈ, નીલેશભાઈ, પરેશભાઈ, વીનેશભાઈના ભાઈ. સ્વ. જયાબહેન રતિલાલ જાધવના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૩-૧૦-૨૪ને ગુરુવાર ૪ થી ૬. ગુર્જર ક્ષત્રિય કડિયા મહાજન, મામલતદાર વાડી, પહેલે માળે, રોડ નં. ૩, મલાડ વેસ્ટ.

**સુરતી મોઢ વણિક**

ઉલ્લાસ મહેતા (ઉ.વ. ૭૮) મંગળવાર, ૧-૧૦-૨૪ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. સરયુ(સરુ)બેન અને સ્વ. ગણપતિભાઈના સુપુત્ર. પુલોમા દુષ્યંત દલાલ અને સુરમા અમીત ચોક્સીના ભાઈ. વિમર્શના પિતા. પ્રાર્થનાસભા નથી રાખેલ અને લૌકિક વ્યવહાર બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

મોરચંદ નિવાસી હાલ પૂના સ્વ. નંદલાલ કરૂણાશંકર પંડ્યાના ધર્મપત્ની ગં.સ્વ. લીલાવતીબહેન પંડ્યા (ઉં. વ. ૯૨) ૨૦-૯-૨૪ના શુક્રવારે પૂના ખાતે કૈલાસવાસી થયેલ છે. તે મહેન્દ્ર-પ્રકાશ, ઉષા નરેન્દ્ર દવે, ગં.સ્વ. પુષ્પા ચાંદમલ કટારીયાના માતુશ્રી. ગીતા તથા વિભાના સાસુ. પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ - અમદાવાદ**

કોકીલા ઠાકર (ઉં. વ. ૮૬) તે સ્વ. વિષ્ણુ હરીલાલ ઠાકરના ધર્મપત્ની ૧-૧૦-૨૪ મંગળવારના દિવસે મુંબઈ મુકામે દેવલોક પામ્યા છે. તે કપીલ વિષ્ણુ ઠાકરના માતુશ્રી. સુજ્ઞાના સાસુ તથા ચિન્મયના દાદી. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**હાલાઈ લોહાણા**

ચંદ્રિકાબેન રાજદેવ (ઉં. વ. ૭૭) ૩૦-૯-૨૪ સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. તે નિરંજનભાઈના ધર્મપત્ની. પૂરવ અને પૂર્વીના માતુશ્રી. પૂજાબેન અને યોગેન્દ્રભાઈ રૂપારેલના સાસુમા. સ્વ. તોલારામ અને સ્વ. દિવાળીબેનના પુત્રવધૂ. સ્વ. જીવનદાસ અને સ્વ. શાંતાબેન (મેનાબેન)ના પુત્રી. હીદાન, અવ્યાન, દિયાન, અલિશકાના દાદી-નાની. પ્રાર્થનાસભા ૩-૧૦-૨૪ ગુરુવારે ૫.૩૦ થી ૭ જલારામ હૉલ, જેવીપીડી સ્કીમ રોડ નં. ૬, જમનાબાઈ સ્કૂલ નજીક, વિલેપાર્લે વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ અંજારનાં અનીલા પ્રબોધકુમાર સુંદરાણી (કાનાભાઈ)ના સુપુત્ર ચિ. મયંકભાઈ (ઉ.વ. ૩૮) તે તા. ૧-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે વર્ષાબેનના પતિ. વિહાનનાં પિતા. ધૃતિ વિરેન મોઢનાં મોટાભાઈ. મીનાબેન સરેમલ સોલંકીનાં વચેટ જમાઈ. પ્રાર્થનાસભા તા. ૩-૧૦-૨૪ના કાલિદાસ મેરેજ હોલ, પી.કે. રોડ, મુલુંડ (વેસ્ટ) ૫.૩૦થી ૭.૦૦. (લૌકિક વ્યવહાર સંદતર બંધ છે.)

## પારસી મરણ

ઝરીન ભરત નરીમાન (ઉ.વ. ૮૧) તા. ૧-૧૦-૨૦૨૪એ ગુજરી ગયા છે. તે ભરતના વાઈફ. મરહૂમ મણિ અને મરહૂમ રુસ્તમજીના દીકરી. પરવેઝ અને હોશાંગના આન્ટી. મરહૂમ પુષ્પા અને મરહૂમ ગજવાણીના ડોટર-ઈન-લૉ. ઉઠમણું તા. ૩-૧૦-૨૦૨૪ બપોરે ૩.૪૦ વાગ્યે.

## જૈન મરણ

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ કકરવાના દર્શન નેણશી નંદુ (ઉ.વ. ૪૨) તા. ૩૦-૯-૨૪ના અવસાન પામેલ છે. સ્વ. વિરાબેન ભુરા રાણા નંદુના પૌત્ર. કેસરબેન નેણશીના સુપુત્ર. ભારતીના પતિ. શ્વેત, ફિયોનના પિતા. રક્ષા, રોહિતના ભાઈ. ભચાઉના સ્વ. જવેરબેન જાદવજી જખુગાલાના જમાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૩-૧૦-૨૪ના સ્થળ: કરશન લધુભાઈ નિસર હોલ, દાદર, ૧૦.૩૦થી ૧૨.૦૦ પ્રાર્થના પછી બરવિધિ રાખેલ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ લાકડિયાના કેસરબેન ગડા (ઉ.વ. ૮૮) તા. ૩૦-૯-૨૪ના અવસાન પામેલ છે. ડાઈબેન ભુરા ખેતશીના પુત્રવધૂ. સ્વ. હરખચંદ ભુરાના ધર્મપત્ની. મનસુખ, ભરત, દીપક, અમૃત, પુષ્પા, સંગીતા, મનીષાના માતુશ્રી. રંજન, ગુણવંતી, મીના, ચુનીલાલ, વિનોદ, મણીલાલ, રાજેશના સાસુ. પરમાબેન રાયશી માડણ નિસરની દીકરી. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે: ૯/૨, વિઠ્ઠલકુંજ, વી.પી. રોડ, અંધેરી (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગોધરાના દમયંતી ગાલા (ઉ.વ. ૬૮) ૩૦-૯-૨૪ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન દેવરાજ ગણપતના પુત્રવધૂ. દિનેશના પત્ની. નિમેશ, ભાવીનીના માતા. રાયધણજર માતુશ્રી સુંદરબેન પદમશી રાયશીના સુપુત્રી. ઠાકરશી, પ્રેમીલા, વસંત, હરખચંદ, ચંદન, અલ્પા (આરતી)ના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. નિમેષ દિનેશ ગાલા, સી/૨, ૧૦૪, સે. ૩, શાંતિનગર, મીરા રોડ-૪૦૧૧૦૭.

બારોઇના શ્રી નવીનચંદ્ર મોરારજી કેનીયા (ઉ.વ. ૮૧) તા. ૧-૧૦-૨૪ના બેંગલોર મધ્યે અવસાન પામેલ છે. મુરીબાઇ મોરારજીના પુત્ર. પુષ્પાબેનના પતિ. વીરેશ, કેતન, નિતલના પિતા. પ્રવિણચંદ્ર, વસંતલાલ, હરખચંદ, શાંતાબેનના ભાઇ. છસરાના દેવકાંબેન રામજીના જમાઇ. પ્રાર્થના: શ્રી હાલારી વિશા ઓસવાલ સમાજ, રણજીત સ્ટુડીયોની સામે, દાદર (ઈ) ટા. : બપોરે ૪ થી ૫.૩૦.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા જૈન**

વઢવાણ નિવાસી હાલ બોરીવલી સ્વ. ધીરજબેન મનસુખલાલ શાહના સુપુત્ર ભુપેન્દ્રભાઈ (ઉ.વ. ૭૮) ૧/૧૦/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે દીનાબેનના પતિ. સત્યેન તથા વિકીના પિતા. સ્વ. દેવેન્દ્રભાઈ, સુરેશભાઈ, સ્વ. સુરેખાબેન વસંતલાલ દોશી, જયશ્રીબેન નરેશકુમાર શાહ, સ્વ. નીતા દિનેશકુમાર શાહના ભાઈ. સ્વ. ડાહ્યાલાલ મોરારજી પારેખના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી વિશા શ્રીમાળી જૈન**

વઢવાણ શહેર નિવાસી (હાલ ઘાટકોપર) સ્વ. શાંતિલાલ નાગરદાસ ઓઘડભાઈ શાહના ધર્મપત્ની કળાબેન (ઉં. વ. ૯૦) ૧-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે નીલેશ, નીતિન, હર્ષા તથા શિલ્પાના માતુશ્રી. કલ્પના, હિના, કમલેશભાઈ, ધીમેશભાઈના સાસુ. તે એકતા સાહીલ ઉદાણી, કોમલ કુનાલ શાહ, જશ-દેવાંશી, જીલ દર્શક સંઘવી, કુનાલ, ચિંતન, રૂચિત, ઈનાયા, ધીરના દાદી-નાની. તે સ્વ. કસ્તૂરીબેન તુલસીદાસ ગોપાણીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. એડ્રેસ: ૧૦૬ બી, પારસનાથ બિલ્ડીંગ, સુધાપાર્ક, ગારોડીયા નગર, ઘાટકોપર (ઈસ્ટ).

## છેલ્લા પાનાનું ચાલુ

### માટુંગાના કચ્છી વેપારીએ

વાગ્યે અમને માહિતી મળી હતી કે નવી મુંબઈ મુંબઇથી લગભગ ૧૪.૪ કિલોમીટર દૂર અટલ સેતુ પર અજાણી વ્યક્તિએ ઉત્તર તરફ પોતાની કાર થોભાવ્યા બાદ દરિયામાં ઝંપલાવ્યું છે. આ માહિતી મળ્યા બાદ પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને રેસ્ક્યુ ટીમની મદદથી એ વ્યક્તિને બહાર કાઢી હતી. તેને હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, પણ ડોક્ટરોએ તપાસી તેને મૃત જાહેર કરી હતી.

દરમિયાન અમે કારમાં તપાસ કરતાં આધાર કાર્ડ મળી આવ્યું હતું જેના પરથી એ વ્યક્તિની ઓળખ ફિલિપ શાહ તરીકે થઇ હતી. અમે બાદમાં શાહના પરિવારનો સંપર્ક સાધ્યો હતો. શાહનાં પત્નીએ પોલીસને આવેલા નિવેદનમાં જણાવ્યું હતું કે તેમના પતિ કેટલાક સમયથી ડિપ્રેશનમાં હતા અને તેમની સારવાર પણ ચાલી રહી હતી. બાગવાને જણાવ્યું હતું કે ઘટનાસ્થળેથી અમને કોઇ સુસાઇડ નોટ મળી આવી નહોતી.

ફિલિપભાઇ શાહના નાના ભાઇ નયનનાં પત્નીએ જણાવ્યું હતું કે ફિલિપભાઇનો ચેમ્બુર વિસ્તારમાં ગાર્મેન્ટનો વ્યવસાય છે. ઉપરાંત તેઓ એક કંપનીમાં સીઇઓ પણ હતા. તેમણે અંતિમ પગલું ભર્યું હોવાની જાણ થતાં અમને ખૂબ આઘાત લાગ્યો છે. તેમની કારમાંથી પોલીસને આધાર કાર્ડ મળ્યું હતું અને પોલીસે બાદમાં અમારો સંપર્ક સાધ્યો હતો.

### મહારાષ્ટ્ર સરકાર સામે

સમાવેશ છે. પ્રથમ જાહેરખબરમાં 'વધતી જતી બેરોજગારી અને મહત્ત્વના પ્રોજેક્ટ્સને ગુજરાતમાં ખસેડવા આવ્યા છે' એના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

જયંત પાટીલે આરોપ મૂક્યો હતો કે 'છેલ્લાં દસ વર્ષમાં, ભાજપ અને તેના બે સાથી પક્ષો (અજિત પવાર આગેવાની હેઠળની એનસીપી અને શિવસેના)એ છત્રપતિ શિવાજી મહારાજ, જ્યોતિબા શાહુ, જ્યોતિબા ફૂલે અને બી આર આંબેડકરની વિચારધારાને નબળી પાડી છે.' (પીટીઆઈ)


## ક્લાસિફાઈડ

**૧૭. જગ્યા આપવી છે**

**3 BHK-માટુંગા-ભાડેથી**
ફાઈવ ગાર્ડન નજીક- ટાવરમાં- પાર્કીંગ- સેમી ફર્નીશ્ડ- તુરંત આપવાનો છે. ''હસમુખભાઈ''- 9322215082. (૧૫૦૧૬-એ)

**PEDDAR ROAD RENT**
1 BHK, 2 Bathrooms, Furnished, 500 Carpet, Vegetarian only 70000 Owner 9820079583. (SDB-2173)


**૧૯. ફેક્ટરી વર્કશોપ**

**વસઈ - કામણ**
સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)

**વસઈ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા/ વેચવા/ ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073 હિતેષ ઉપાધ્યાય 9326470109. (એસડીબી-૨૧૪૭)

**૩૨. જમીન-મિલકત**

**દમણ તેમજ ઉમરગાંવ-સુરત**
N.H.48->1 થી 100 એકર- Industrial/ Residential N.A.- Clear Title with all NOC's. સંપર્ક: Patel Consultant & Developers (Vapi) 9904000075/ 7096000785 "Uttambhai Patel". (૧૫૦૪૪-એ)



(B-14952)

**૩૩. ધંધાદારી**

**બાથરૂમ-કિચન**
બ્રાન્ડેડ કંપની દ્વારા બાથરૂમ રીનોવેશન, મોડ્યુલર અને મોડ્યુલરથી વધારે સારુ કિચન રીનોવેશન, કમ્પ્લીટ ઈન્ટિરિયર ડિઝાઈનિંગ અને રીનોવેશન Helpline: 8989282877. (૧૪૪૮૨/એ)

**૩૫. જ્યોતિષ ભવિષ્ય**

**માયા જ્યોતિષ**
શ્રાદ્ધક્રિયા, નવરાત્રિ ચંડીપાઠ, વ્યાપારમાં લાભ, ગૃહકલેશ, કર્જમુક્તી, શત્રુપીડા, (પ્રેમી-પ્રેમિકા મિલન સ્પેશિયાલિસ્ટ) 9594273700. (માલાડ). (બી-૧૪૯૧૪)

**૩૫. જ્યોતિષ ભવિષ્ય**

**શ્રીનાથજી જ્યોતિષ (હવેલીવાળા)**
લવ મેરેજ, પતિ દુ:ખ, શત્રુનાશ, બિઝનેસ, લોસ, જૂની બીમારી, હસ્તરેખા, જન્મપત્રિકા, લગ્નમાં રુકાવટ, તુરંત સમાધાન, નિરાશ વ્યક્તિ ખાસ મળો, મલાડ (વેસ્ટ) ફીઝ-500/- 9920991344/ 9833390898/02228898500. (૧૪૯૬૮-એ)

***શ્રીચામુંડા જ્યોતિષ***
લગ્નમાં રુકાવટ, જૂની બીમારી, સંતાન, ચિંતા, લવ મેરેજ, પતિદુ:ખ, છુટાછેડા, શત્રુથી પરેશાન, ફેમિલી પ્રોબ્લેમ - 9157999811 પારસનગર, જૈન દેરાસર પાસે શંકર ગલ્લી, કાંદિવલી (વેસ્ટ) 022-31970731. (બી-૧૪૯૨૨)

■ ભાગ્યશ્રી જ્યોતિષ, બોરીવલી (વેસ્ટ), લવ પ્રોબ્લેમ, પ્રેમ લગ્ન, છૂટાછેડા, વ્યાપાર-ફેક્ટરીમાં લાભ, શત્રુ-સૌતન, પતિ-પત્ની ઝઘડા, વ્યસન મુક્તિ. 6355047120. (બી-૧૪૮૮૫)

***શ્રીજી જ્યોતિષ***
અશક્યને શક્ય કરનાર સચોટ નિવારણ. જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમીમિલન, (લવ પ્રોબ્લમ, પર્સનલ પ્રોબ્લમ, સ્પેશિયાલિસ્ટ) 9372024547 (ઘાટકોપર) નિરાશ થયેલા વ્યક્તિઓ ખાશ મળો). (બી-૧૪૯૫૧)

**૪૪. પેસ્ટ કન્ટ્રોલ**

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' - ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9821195720 (કાંદિવલી). (૧૫૦૩૬-સી)

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ... કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૪૯૨૨-એ)

**૫૨. કુરીઅર્સ**

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ, દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન- 8879196093/ 9833631359. (બી-૧૪૯૪૧)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719/ 7208019515. (૧૫૦૨૬-એ)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઇપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# એમવીએ મહાયુતિને હરાવશેઃ કૉંગ્રેસનો કોન્ફિડન્સ

## મહારાષ્ટ્રની ચૂંટણીમાં મોડું કરવામાં આવી રહ્યું છે

મુંબઈઃ આગામી રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં મહાવિકાસ આઘાડી (એમવીએ) સત્તાધારી મહાયુતિને હરાવશે એવો વિશ્વાસ વ્યક્ત કરી અખિલ ભારતીય કૉંગ્રેસ કમિટી (એઆઈસીસી)ના મહારાષ્ટ્રના પ્રભારી રમેશ ચેન્નીથલાએ બુધવારે દાવો કર્યો હતો કે રાજ્યની ચૂંટણીમાં મોડું કરવામાં આવી રહ્યું છે.

'મહા વિકાસ અઘાડીના ભાગીદારો સાથે બેઠકોની વહેંચણીની વાટાઘાટો સરળતાથી આગળ વધી રહી છે અને વિપક્ષી ગઠબંધન એક થઈને રાજ્યની ચૂંટણી લડશે' એવી સ્પષ્ટતા કરી કૉંગ્રેસ નેતાએ ઉમેર્યું હતું કે 'એમવીએ ઘટકો વચ્ચે કોઈ મતભેદ નથી.' એમવીએમાં કૉંગ્રેસ, ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) અને શરદ પવારની એનસીપી (એસપી)નો સમાવેશ થાય છે. ૨૮૮ સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી આવતા મહિને યોજાય તેવી શક્યતા છે.

પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ નાના પટોલેએ જણાવ્યું હતું કે 'વિસ્તૃત ચર્ચા જરૂરી હોવાથી બેઠકોની વહેંચણીની ફોર્મ્યુલાને આખરી ઓપ આપવામાં વિલંબ થયો છે. એમવીએ 'ભ્રષ્ટ' મહાયુતિ સરકારને હરાવવા માટે કટિબદ્ધ છે.' (પીટીઆઈ) ■

# મુંબઈમાં બુલેટ ટ્રેનના કાર્યએ 'ગતિ' પકડીઃ ટનલ નિર્માણ માટે ઓસ્ટ્રેલિયન ટનલિંગ પદ્ધતિનો ઉપયોગ

મુંબઈઃ નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશનના અધિકારીઓના જણાવ્યા અનુસાર બુલેટ ટ્રેન રૂટ પર મહત્ત્વની એવી આ ટનલ બનાવવાનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. કુલ લંબાઈમાંથી, ૧૬ કિમી ટનલ બોરિંગ મશીનોનો ઉપયોગ કરીને ખોદકામ કરવામાં આવી રહી છે, જ્યારે બાકીના પાંચ કિમી ન્યૂ ઑસ્ટ્રિયન ટનલિંગ પદ્ધતિનો ઉપયોગ કરે છે. મુખ્ય પ્રગતિમાં બીકેસી ખાતે સ્થિત શાફ્ટ-૧ અને વિક્રોલીમાં શાફ્ટ-૨ બંનેમાં ૧૦૦% સેકન્ટ પાઈલિંગની પૂર્ણતાનો સમાવેશ થાય છે, જેમાં શાફ્ટ-૧ ૩૬ મીટરની ઊંડાઈ સુધી પહોંચે છે અને શાફ્ટ-૨ ની ઊંડાઈ ૫૬ મીટર છે, જેમાં આશરે ૯૨ ટકા ખોદકામ પૂર્ણ થયું છે. વધુમાં, ઘણસોલી નજીક સાવલી ખાતે શાફ્ટ-૩ માટે ખોદકામ પૂર્ણ થયું છે, જે વર્ષના અંત સુધીમાં પ્રથમ ટીબીએમ ઉતારવા માટેનો તબક્કો સુનિશ્ચિત કરશે. ''શિલફાટા પોર્ટલ પર, બાંધકામના કામે પણ નોંધપાત્ર પ્રગતિ કરી છે, જેમાં ૨૦૦ મીટરનું ખોદકામ પૂર્ણ થયું છે. આ વિસ્તાર ટનલના એનએટીએમ છેડાને ચિહ્નિત કરે છે. ૩૯૪ મીટરની વધારાની ડ્રાઇવન ઇન્ટરમીડિયેટ ટનલ (એડીઆઈટી), માત્ર છ મહિનામાં પૂર્ણ થઈ છે, બે વધારાના એનએટીએમને કારણે ખોદકામનું કાર્ય વધુ સક્ષમ બન્યું છે, અને ૭૦૦ મીટરથી વધુ ટનલિંગમાં તેમનું યોગદાન છે,'' એક અધિકારીએ કહ્યું હતું.

એડીઆઈટીમાં ૧૧ મીટર બાય ૬.૪ મીટરના આંતરિક પરિમાણો છે અને તે બાંધકામ અને ઓપરેશનલ બંને તબક્કા દરમિયાન મુખ્ય ટનલ સુધી સીધાં વાહનો પહોંચી શકશે. તે કટોકટી વખતે સ્થળાંતર માટે પણ ઉપયોગમાં લઇ શકાય છે. સુરક્ષા અને માળખાકીય અખંડિતતાને સુનિશ્ચિત કરવા માટે વિવિધ ભૂ-તકનીકી સાધનો, જેમાં ઇન્કિલનોમીટર, વાઇબ્રેશન મોનિટર અને ગ્રાઉન્ડ સેટલમેન્ટ માર્કર્સનો સમાવેશ થાય છે, બાંધકામ સાઇટ્સની આસપાસ સ્થાપિત કરવામાં આવ્યા છે. આ ટૂલ્સ ચાલુ ભૂગર્ભ કામો અને નજીકના માળખાને લગતા કોઈપણ સંભવિત જોખમોની દેખરેખ માટે મહત્ત્વપૂર્ણ છે. ■

# પુણેમાં ટ્રેલર ટ્રક પલટી જતાં એકનું મોત

પુણેઃ પુણેના જૂના પુણે-મુંબઈ હાઈવે પર બુધવારે એક ટ્રેલર ટ્રક પલટી જતાં તેમાં આગ લાગી હતી, જેમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને અન્ય ઘાયલ થયો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. સવારના સમયે ઘટેલી આ ઘટનામાં મેટલની કોઇલ લઈ જતા ટ્રકના ડ્રાઇવરે પુણેથી ૪૬ કિમી દૂર કામશેત નજીક ઢાળ પર વ્હીલ પર કાબૂ ગુમાવતા ટ્રક પલટી ગયો હતો. આ કારણે ટ્રકની કેબિનમાં આગ લાગી હતી.■






# એર ઈન્ડિયાના કેબિન ક્રૂ માટે નવા ધારાધોરણ

મુંબઈઃ એર ઇન્ડિયાના ડોમેસ્ટિક અને ઇન્ટરનેશનલ ફ્લાઇટના કેબિન ક્રૂ મેમ્બર્સ માટે નવા ધારાધોરણ રજૂ કરવામાં આવી રહ્યા છે. નવી પૉલિસી અનુસાર અમુક વિભાગના સભ્યોએ લેઓવર (વિમાન બદલવા વચ્ચેનો સમયગાળો) દરમિયાન રૂમ શેર કરવા પડશે એમ સૂત્રોએ જણાવ્યું હતું. સુધારેલી નીતિ એઆઈએક્સ કનેક્ટ સાથે ભળી ગયેલી એર ઇન્ડિયા એક્સપ્રેસ માટે પણ લાગુ થશે.


માહિતી ધરાવતા સૂત્રએ આપેલી અન્ય જાણકારી અનુસાર આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સના કેબિન ક્રૂ માટેનું ભથ્થું ૭૫-૧૨૫ ડૉલરથી વધારી ૮૫-૧૩૫ ડૉલર કરવામાં આવશે. જોકે, ઘરેલુ ફ્લાઇટ્સના કેબિન ક્રૂ માટેના ભથ્થામાં કોઈ ફેરફાર નથી કરવામાં આવ્યો.

ધારાધોરણોમાં ફેરફારો એર ઇન્ડિયા એક્સપ્રેસના કેબિન ક્રૂ મેમ્બર્સના એક વિભાગ દ્વારા શ્રમ કાયદા હેઠળ અમુક મુદ્દાના નિરાકરણની માગણીને પગલે આવ્યા છે. આ કેસ સેન્ટ્રલ લેબર કમિશનર સમક્ષ ચાલી રહ્યો છે. દરમિયાન, એર ઇન્ડિયાના પ્રવક્તાએ એપ્રિલ ૨૦૨૩ માં એરલાઇન્સ દ્વારા તમામ કર્મચારીઓ માટે પરફોર્મન્સના આધારે વળતર અને લાભ માટે નીતિ રજૂ કરવા અંગે પણ ઉલ્લેખ કર્યો હતો. એર ઇન્ડિયા એક્સપ્રેસ સાથે એઆઈએક્સ કનેક્ટનું મર્જર પહેલી ઓક્ટોબરે પૂર્ણ થયું હતું જ્યારે એર ઇન્ડિયા સાથે વિસ્તારાનું એકીકરણ આવતા મહિને પૂર્ણ થશે. (પીટીઆઈ) ■






# ડૉ. શ્રીકાંત શિંદે ફાઉન્ડેશન આયોજિત નૈતિક નાગડા સંગ ધમાકેદાર ડોમ્બિવલી રાસ રંગ-૨૦૨૪





કલ્યાણ-ડોંબિવલીના યુવા એજ્યુકેટેડ સાંસદ ડૉ. શ્રીકાંત શિંદેનું સતત ત્રીજી ટર્મમાં બહુમતીથી જીતવાનું એકમાત્ર કારણ છે, અંબેમાના આશીર્વાદ. તેઓ તેમના મતક્ષેત્રના નાગરિકો સાથે સતત સંપર્કમાં રહે છે. ડોંબિવલી જેવા મિડલ ક્લાસ એરિયામાં ક્યારેય મેગા નવરાત્રિના આયોજન થતા નહીં. આથી જ ડૉ. શ્રીકાંત શિંદેએ ડોંબિવલીમાં નવરાત્રિનું આયોજન કરવાનું શરૂ કર્યું હતું. તેમનું અહીં નવરાત્રિનું આયોજન કરવાનું એકમાત્ર કારણ છે કે ડોંબિવલીવાસીઓ ગરબારાસથી વંચિત ન રહે.

ડૉ. શ્રીકાંત શિંદેસાહેબે પોતાના મતદારક્ષેત્રના નાગરિકો નવરાત્રિની ભક્તિ અને આનંદથી વંચિત ન રહે તે માટે મેગા નવરાત્રિના આયોજન કરતા થયા ને તેમાં છેલ્લા બે વરસથી બૃહદ્ મુંબઈના મોસ્ટ ફેવરિટ ઢોલ કિંગની નવરાત્રિનું આયોજન કરી સમગ્ર ડોમ્બિવલી-કલ્યાણને નવરાત્રિમય કરી દીધું છે.

નૈતિક નાગડાની ખાસિયત એ રહી છે કે તે દર વર્ષે નવરાત્રિમાં અવનવા પ્રયોગ કરી મા અંબેમાના ભક્તોને ખુશ કરી દે છે. આ વર્ષે ૨૦૨૪ની નવરાત્રિમાં કશુંક નવું આપવા છેલ્લા ૪૦ દિવસથી તેઓ અને તેના સાજિંદા અથાગ પ્રેક્ટિસ કરી રહ્યા છે. આ વર્ષે પણ તેના ઢોલમાં સાથ પુરાવશે પ્રિન્સ હિયાન નૈતિક નાગડા. હિયાન નાગડાએ ગત વર્ષે ડોમ્બિવલીવાસીઓને પોતાના દીવાના બનાવી દીધા હતા. તેના બેન્ડને સાથ પુરાવશે મુંબઈ નવરાત્રિના ફેમસ સિંગરો.

ડૉ. શ્રીકાંત શિંદેની યુવા ટીમ દ્વારા નવરાત્રિ પરિસરમાં કડક સિક્યોરિટી ચપળ લેડી-જેન્ટ્સ બાઉન્સર, સીસીટીવી કેમેરા, મેટલ ડિટેક્ટર ગેટ વગેરે જડબેસલાક વ્યવસ્થા રાખેલ છે.

## નવરાત્રિમાં મહિલાઓએ ધ્યાનમાં રાખવા જેવી સૂચના

- તમારા પરિચિત ગ્રુપમાં રમવાનો આગ્રહ રાખો.
- અજાણી વ્યક્તિ દ્વારા ઓફર કરાયેલા ખાદ્ય પદાર્થ પીણા-પ્રસાદ લેવાનું ટાળો.
- અજાણી વ્યક્તિ સાથે મોબાઈલ નંબરની આપ-લે ન કરો.
- અજાણી વ્યક્તિ સાથે સેલ્ફી લેવાનું ટાળો.
- કોઇ પણ વ્યક્તિ ખાનગીમાં તમારો ફોટો વીડિયો લેતો હોય તેને જાહેરમાં પડકારો. મોબાઈલ જપ્ત કરી લો.
- સાવચેત મહિલા સદા ચિંતા મુક્ત

# થાણે રાસ રંગ-૨૦૨૪નું વિશાળ મેદાન ખેલૈયાઓ માટે સજ્જ

## એકમાત્ર નવરાત્રિ છે જેના કલાકારો યશરાજ સ્ટુડિયોમાં કરી રહ્યા છે ધમાકેદાર રિહર્સલ



ક્રેડાઈ એમસીએચઆઈ થાણે આયોજિત તેમ જ ઉમેશ બારોટ, હનીફ-અસલમ સંગ થાણે રાસ રંગ-૨૦૨૪ના આયોજનમાં ગ્રાઉન્ડ બદલાયું, પણ જૂના અને જાણીતા આયોજક જિતેન્દ્ર મહેતા (જિતુભાઈ મહેતા) જ રહ્યા અને થાણે રાસ રંગ-૨૦૨૪ આયોજન આ વર્ષે ઓક્ટ્રોય ગ્રાઉન્ડ કોપરી હરિઓમ નગર પાસે થાણે વેસ્ટમાં કરવામાં આવ્યું છે. થાણે રાસ રંગ-૨૦૨૪માં ધૂમ મચાવવા માટેની તૈયારીઓમાં કોઇ કસર બાકી નથી રાખી. ખેલૈયાઓ અને સાથે જ ગરબારસિકો માટે આ નવરાત્રિ એક જલસો બની જાય એ માટે તડામાર તૈયારીઓ પૂરી થયા બદ ખેલૈયાઓ માટે મેદાન સજ્જ થઇ ગયું છે. મુંબઈના સૌથી મોટા યશરાજ ફિલ્મ્સ સ્ટુડિયોમાં નવરાત્રિનાં રિહર્સલ કરવા માટે પરવાનગી મેળવનાર થાણે રાસ રંગ-૨૦૨૪ એકમાત્ર નવરાત્રિ છે.

બોલીવૂડમાં છેલ્લાં ૩૫ વર્ષથી પોતાના ઢોલ વડે લોકોને મંત્રમુગ્ધ કરનાર હનીફ-અસલમ બેસ્ટ ઢોલ પ્લેયર્સ તરીકે જાણીતા છે. હનીફ-અસલમના ઢોલ અને તેની બેન્ડ ટીમ મુંબઈગરા અને થાણેકરના દાંડિયાપ્રેમીઓને યાદગાર નવરાત્રિ આપવા તેની સાથે સુપરસ્ટાર ગાયક ઉમેશ બારોટ, ફિરોઝ લાડકા, જી. દ્રવિતા ચોક્સી ઓબેરોય, હેલી મજમુદાર, રૂપાલી કશ્યપ જેવા સ્ટાર ગાયકો થાણે રાસ રંગ-૨૦૨૪ને ફાઈવ સ્ટાર નવરાત્રિનું બિરુદ અપાવશે.

થાણે રાસ રંગનું આયોજન ૨૦૧૭થી સળંગ થઈ રહ્યું છે. આ આયોજન ક્રેડાઈ એમસીએચઆઈ થાણેની સાથે મહારાષ્ટ્ર રાજ્યના લોકપ્રિય મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સાહેબના જનસેવા પ્રતિષ્ઠાનના સહયોગ સાથે થઇ રહ્યું છે અને આ આયોજનમાં થાણે-મુંબઈના પ્રતિષ્ઠિત બિલ્ડર અજયભાઈ આશરના સહકાર સાથે મેગા નવરાત્રિ આયોજન કિંગ જિતુભાઈ મહેતા સંભાળી રહ્યા છે. થાણે રાસરંગ ૨૦૨૪નું પીઆર વર્ક સંભાળતા હરેશ અવલાણીએ જણાવ્યું હતુંકે થાણે રાસ રંગ ઓક્ટ્રોય ગ્રાઉન્ડ, કોપરી થાણે વેસ્ટ ખાતે થયેલ છે. અહીં રમવા આવનાર રંગરસિયાઓની સુરક્ષા માટે સીસીટીવી કેમેરા, ચપળ લેડી તથા બાઉન્સરો અને ઝેડ કક્ષાની સિક્યોરિટીનો અનુભવ ધરાવતી કડક સિક્યોરિટી, મેટલ ડિટેક્ટર અને આ બધાની સાથે મુખ્ય પ્રધાન શિંદેસાહેબના કૃપાપાત્ર યુવાનેતા વિકાસ રેપાલે તથા નમ્રતા ભોસલે મેડમના કાર્યકરોની ટીમ ખેલૈયાઓ વચ્ચે ખેલૈયા બનીને ચકોર નજરે ધ્યાન રાખશે. દર વર્ષની જેમ આયોજક જિતુભાઈ મહેતાએ મેડિકલ ઈમરજન્સી માટે ક્વોલિફાઈડ ડોક્ટરની ટીમ અને એમ્બ્યુલન્સની સુવિધા રાખેલ છે. થાણે રાસ રંગના નવરાત્રિ પટાંગણમાં દરરોજ ખેલૈયા વચ્ચે કોમ્પિટિશન યોજાશે, જેમાં અઢળક ઈનામો આપવામાં આવશે.

### આ છે જજની ટીમ

જજ કો-ઓર્ડિનેટર જય ઠક્કરની પ્રથણ નોરતાની જજની ટીમ - સચિન બોરીકા, કલ્પના નંદુ, શીતલ મોદી, દીપ્તિ પલન અને અર્પણ પ્રેમાની - ચકોર નજરે બારીકાઈથી નિરીક્ષણ કરી બેસ્ટ ખેલૈયાઓની પસંદગી કરશે.

### આરતી સુશોભન હરીફાઈ

૧૦૮ સમૂહ આરતી થાણે રાસ રંગની પરંપરા મુજબ ૧૦મી ઓક્ટોબરે આશો સુદ આઠમ ગુરુવારના સાંજે ૬ વાગ્યે નવરાત્રિ પટાંગણમાં યોજાશે. આરતી ડેકોરેશન હરીફાઈ અને ૧૦૮ સમૂહ આરતી રાખવામાં આવેલ છે. આરતી ડેકોરેશનની વ્યવસ્થા હરેશ અવલાણી, દીપ્તિ વોરી અને સુમીત ગુડકા સંભાળી રહ્યાં છે. વધુ માહિતી માટે ૯૩૨૨૬૮૨૦૧૦ પર સંપર્ક કરી શકો છો.

### ખાસ સૂચનાઃ નવરાત્રિમાં મહિલાઓએ ધ્યાનમાં રાખવા જેવી સૂચના


- તમારા પરિચિત ગ્રુપમાં રમવાનો આગ્રહ રાખો.
- અજાણી વ્યક્તિ દ્વારા ઓફર કરાયેલા ખાદ્ય પદાર્થ પીણા-પ્રસાદ લેવાનું ટાળો.
- અજાણી વ્યક્તિ સાથે મોબાઈલ નંબરની આપ-લે ન કરો.
- અજાણી વ્યક્તિ સાથે સેલ્ફી લેવાનું ટાળો.
- કોઇ પણ વ્યક્તિ ખાનગીમાં તમારો ફોટો વીડિયો લેતો હોય તેને જાહેરમાં પડકારો. મોબાઈલ જપ્ત કરી લો.
- સાવચેત મહિલા સદા ચિંતા મુક્ત


### ગ્રાઉન્ડ પર કેવી રીતે પહોંચશે

વિશાળ મેદાન ઓક્ટ્રોય ગ્રાઉન્ડ, કોપરી, થાણે ખાતે આયોજન કરવામાં આવ્યું હોવાથી નવા સ્થળમાં બમણો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મુંબઈ તરફથી આવતાં વાહનો ટોલનાકાથી લેફ્ટ લઇ પહોંચી શકશે, જ્યારે કોપરીથી આવતાં વાહનો ટોલનાકા બાદ સર્વિસ રોડથી હરિઓમ નગર પહોંચી શકશે. હરિઓમ નગર અને ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે નજીક આવેલું હોવાથી આ ગ્રાઉન્ડ પર પહોંચવું એકદમ સરળ થઇ જશે.

# હિટમૅન રોહિત શર્મા બન્યો કૅપ્ટનોમાં કિંગ, વિરાટનો વિશ્વવિક્રમ તોડ્યો

કાનપુરઃ બાંગ્લાદેશના ટેસ્ટ ખેલાડીઓ પાકિસ્તાન ખાતેનો તાજેતરનો પ્રવાસ હંમેશાં યાદ રાખશે અને ત્યાર બાદ તેમણે ભારતની જે ટૂર કરી એ હંમેશાં ભૂલવાની કોશિશ કરશે, પણ ભૂલી નહીં શકે. નજમુલ શૅન્ટોની ટીમ પાકિસ્તાનને એની જ ધરતી પર ટેસ્ટ-શ્રેણીમાં ૨-૦થી હરાવીને ઐતિહાસિક સફળતા મેળવીને ભારત આવી, પણ અહીં તેમણે ૦-૨થી કારમી હાર જોવી પડી. વરસાદનાં વિઘ્નો વચ્ચે અંતિમ ટેસ્ટના પહેલા દિવસે ફક્ત ૩૫ ઓવરની રમત થઈ શકી અને ત્યાર પછી પૂરા બે દિવસની રમત ધોવાઈ ગઈ અને છેક ચોથા તથા પાંચમા દિવસ મળીને કુલ સવાબે દિવસની રમત શક્ય હતી જેમાં ભારતે સાત વિકેટે વિજય મેળવ્યો. એ સાથે, રોહિત શર્માની યશકલગીમાં વધુ એક પીછું ઉમેરાયું છે. તે હાલમાં ટેસ્ટ ટીમોનો સૌથી સફળ કૅપ્ટન છે.

ભારતે કુલ મળીને બે જ દિવસની થયેલી રમતમાં પ્રથમ દાવ ૨૮૫/૯ના સ્કોર સાથે ડિક્લેર કરીને બાવન રનની સરસાઈ લીધી અને ત્યાર પછી બાંગ્લાદેશને ફક્ત ૧૪૬ રને ઑલઆઉટ કર્યા બાદ ૯૫ રનનો નજીવો લક્ષ્યાંક ૯૮/૩ના સ્કોર સાથે મેળવી લીધો હતો. વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)માં ભારતે ૧૧ ટેસ્ટમાંથી આઠ જીતી છે, જ્યારે માત્ર બે મૅચમાં પરાજય જોયો છે અને એક મૅચ ડ્રૉમાં ગઈ છે.

ડબ્લ્યૂટીસીના પૉઇન્ટ્સ-ટેબલમાં



ભારત ૯૮ પૉઇન્ટ સાથે મોખરે છે અને ભારતની ૭૪.૨૪ની ટકાવારી પણ સૌથી વધુ છે. ઑસ્ટ્રેલિયા (૯૦ પૉઇન્ટ, ૬૨.૫૦ની ટકાવારી) બીજા નંબરે અને શ્રીલંકા (૬૦ પૉઇન્ટ, ૫૫.૫૬ની ટકાવારી) ત્રીજા નંબરે છે.

હવે સફળ કૅપ્ટન્સીની મૂળ વાત પર આવીએ તો રોહિતની કૅપ્ટન્સીમાં ભારતે ૧૮માંથી ૧૨ ટેસ્ટ જીતી છે. ડબ્લ્યૂટીસીના ઇતિહાસમાં સૌથી ઓછી ટેસ્ટમાં કૅપ્ટન્સી સંભાળીને જીતની ૬૬.૬૬ની સૌથી વધુ ટકાવારી રોહિતના નામે છે. તે પ્રથમ સ્થાને છે. તેણે બાંગ્લાદેશ સામેની ૨-૦ની ક્લીન સ્વીપની સફળતા સાથે જ ડબ્લ્યૂટીસીના ઇતિહાસમાં વિજયની સૌથી સફળ ટકાવારી ધરાવનાર વિરાટ કોહલી (૬૩.૬૩)નો રેકૉર્ડ તોડીને ટેસ્ટ-ક્રિકેટમાં દબદબો બતાવ્યો છે.

ઓછામાં ઓછી ૧૦ ટેસ્ટમાં સુકાન સંભાળનાર ડબ્લ્યૂટીસીના સૌથી સફળ કૅપ્ટનોમાં રોહિત પ્રથમ નંબરે, કોહલી બીજા નંબરે તેમ જ બેન સ્ટોક્સ ત્રીજા અને પૅટ કમિન્સ ચોથા નંબરે છે.

જોકે ભારત હજી સુધી ડબ્લ્યૂટીસીની બબ્બે ફાઇનલમાં પહોંચવા છતાં ટેસ્ટનું ચૅમ્પિયન નથી બની શક્યું. બે ડબ્લ્યૂટીસીની સીઝનમાંથી એકમાં ન્યૂ ઝીલૅન્ડ અને બીજામાં ઑસ્ટ્રેલિયા ચૅમ્પિયન બન્યું હતું. આ વખતની ડબ્લ્યૂટીસી ફાઇનલમાં પણ ભારત પહોંચશે એની પાકી સંભાવના છે. ■

### ડબ્લ્યૂટીસીના કૅપ્ટનોમાં સૌથી વધુ જીતની ટકાવારી કોની?

| ટકાવારી | કૅપ્ટન | કેટલી ટેસ્ટમાં કેટલી જીત |
|---|---|---|
| ૬૬.૬૬ | રોહિત શર્મા | ૧૮માંથી ૧૨ ટેસ્ટમાં જીત |
| ૬૩.૬૩ | વિરાટ કોહલી | ૨૨માંથી ૧૪ ટેસ્ટમાં જીત |
| ૬૨.૫૦ | બેન સ્ટોક્સ | ૨૪માંથી ૧૫ ટેસ્ટમાં જીત |
| ૬૦.૭૧ | પૅટ કમિન્સ | ૨૮માંથી ૧૭ ટેસ્ટમાં જીત |
| ૫૭.૧૪ | ટિમ પેઇન | ૧૪માંથી ૮ ટેસ્ટમાં જીત |

# ટેસ્ટના બોલર્સમાં બુમરાહ પાછો બાદશાહ, અશ્વિનને એક પૉઇન્ટ સાથે બીજા નંબરે મોકલ્યો

દુબઈઃ ભારતે બાંગ્લાદેશ સામે ૨-૦થી ટેસ્ટ-શ્રેણી જીતી લીધી અને એનો સૌથી મોટો શ્રેય ઑફ-સ્પિનર રવિચન્દ્રન અશ્વિનને મળ્યો અને એના રૂપમાં તેને મૅન ઑફ ધ સિરીઝનો પુરસ્કાર મળ્યો. જોકે અશ્વિને એ અવૉર્ડ મેળવ્યો એમ છતાં ટેસ્ટના બોલર્સ-રૅન્કિંગમાં મોખરાનું સ્થાન ગુમાવ્યું છે. તેની જગ્યાએ બીજું કોઈ નહીં, પણ ભારતનો જ પેસ-સેન્સેશન જસપ્રીત બુમરાહ ફરી બિરાજમાન થઈ ગયો છે. બુમરાહ અવ્વલ નંબરે અને અશ્વિન બીજા નંબર પર છે.

રવીન્દ્ર જાડેજાએ આ લિસ્ટમાં છઠ્ઠું સ્થાન જાળવી રાખ્યું છે, જ્યારે કુલદીપ યાદવ ૧૬મા નંબરે છે. બુમરાહે બાંગ્લાદેશ સામેની બીજી ટેસ્ટમાં કુલ છ વિકેટ લીધી હતી. બોલર્સના લિસ્ટમાં બુમરાહ અને અશ્વિન પછી ત્રીજા સ્થાને ઑસ્ટ્રેલિયાનો જોશ હૅઝલવૂડ છે.

બુમરાહ આ વર્ષના ફેબ્રુઆરીમાં પહેલી વાર ટેસ્ટમાં નંબર-વન બન્યો હતો. ત્યારે ટેસ્ટ-બોલર્સના રૅન્કિંગમાં અવ્વલ સ્થાન મેળવનાર તે ભારતનો પ્રથમ ફાસ્ટ બોલર બન્યો હતો. અગાઉ ભારતીય ફાસ્ટ ટેસ્ટ બોલર્સમાં સૌથી ઊંચી રૅન્ક મેળવનાર કપિલ દેવ હતા જેઓ ૧૯૭૯માં નંબર-ટૂ હતા. લેફ્ટ-હૅન્ડ બૅટર યશસ્વી જયસ્વાલ ફક્ત ૧૧ ટેસ્ટ રમીને બૅટર્સના રૅન્કિંગમાં ત્રીજા નંબર પર આવી ગયો છે.

વિરાટ કોહલી ટેસ્ટના બૅટર્સમાં ફરી ટૉપ-૧૦માં આવી ગયો છે. કાનપુરની બીજી ટેસ્ટમાં તેણે ફક્ત ૪૭ અને ૨૯ રન બનાવ્યા હતા, પરંતુ છ ડગલાં આગળ આવીને છઠ્ઠા નંબર પર આવી ગયો છે. ■

### ટેસ્ટના ટૉપ-ટેન બોલર્સ

| રૅન્ક | બોલર | પૉઇન્ટ |
|---|---|---|
| ૧ | બુમરાહ | ૮૭૦ |
| ૨ | અશ્વિન | ૮૬૯ |
| ૩ | હૅઝલવૂડ | ૮૪૭ |
| ૪ | કમિન્સ | ૮૨૦ |
| ૪ | રબાડા | ૮૨૦ |
| ૬ | જાડેજા | ૮૦૯ |
| ૭ | લાયન | ૮૦૧ |
| ૭ | પ્રભાત | ૮૦૧ |
| ૯ | જૅમિસન | ૭૧૪ |
| ૧૦ | આફ્રિદી | ૭૦૯ |

### ટેસ્ટના ટૉપ-ટેન બૅટર્સ

| રૅન્ક | બૅટર | પૉઇન્ટ |
|---|---|---|
| ૧ | રૂટ | ૮૯૯ |
| ૨ | વિલિયમસન | ૮૨૯ |
| ૩ | યશસ્વી | ૭૯૨ |
| ૪ | સ્મિથ | ૭૫૭ |
| ૫ | ખ્વાજા | ૭૨૮ |
| ૬ | વિરાટ | ૭૨૪ |
| ૭ | રિઝવાન | ૭૨૦ |
| ૭ | લબુશેન | ૭૨૦ |
| ૯ | રિષભ પંત | ૭૧૮ |
| ૯ | મિચલ | ૭૧૮ |



# વિરાટે અનુષ્કાને કરી આઉટ, મૅડમ ‘બેઇમાની’ પર ઊતરી ગયાંઃ વીડિયો થયો વાઇરલ

નવી દિલ્હીઃ વિરાટ કોહલી હમણાં ખૂબ ફૉર્મમાં છે. જૂનમાં ભારતને ટી-૨૦ વર્લ્ડ કપની સાઉથ આફ્રિકા સામેની ફાઇનલ જિતાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી, ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સ છોડીને માનસિક તથા શારીરિક રાહત અનુભવી, પુત્ર (અકાય)ના જન્મ વખતે લંડન પરિવાર પાસે પહોંચી ગયો અને ત્યાં તેમની સાથે લાંબું વેકેશન માણીને ભારત પાછો આવ્યો. ભારતે ૨-૦થી જીતેલી બાંગ્લાદેશ સામેની ટેસ્ટ-શ્રેણીમાં વિરાટનું ખાસ કંઈ યોગદાન તો નહોતું, પણ સૌથી ઝડપે ૨૭,૦૦૦ ઇન્ટરનૅશનલ રન બનાવવામાં ક્રિકેટિંગ-ગૉડ સચિન તેન્ડુલકરને પણ પાર કરીને તે પાછો હીરો બની ગયો છે. આ સુવર્ણ કાળમાં તે થોડી હળવી પળો માણવાનું પણ ચૂકતો નથી. પત્ની અને ઍક્ટ્રેસ અનુષ્કા શર્મા સાથે તે ક્રિકેટ રમ્યો હતો.

તાજેતરના એક વીડિયોમાં વિરાટ અને અનુષ્કા ગલી-ક્રિકેટની જેમ રમી રહેલાં જોવા મળ્યાં હતાં. તેમનો આ વીડિયો ગણતરીના કલાકોમાં વાઇરલ થઈ ગયો હતો.

વાસ્તવમાં વિરાટ-અનુષ્કાનો આ વીડિયો એક જાણીતી બ્રૅન્ડના શૂટિંગ માટેનો હતો. વિરાટ આ કંપની દ્વારા નિયુક્ત બ્રૅન્ડ ઍમ્બેસેડર છે. સૌથી મજેદાર વાત એ છે કે અનુષ્કાએ પોતાના નિયમો બનાવ્યા હતા અને વિરાટ સામે એ નિયમોનું લાંબું લિસ્ટ ધરી દીધું હતું.

અનુષ્કાના અનોખા નિયમો આ મુજબના હતાઃ (૧) ત્રણ-ત્રણ વાર બૉલ ફેંકવામાં આવે અને જો બેમાંથી કોઈ પણ બૅટર એમાં શૉટ મારવામાં નિષ્ફળ જાય તો એ બૅટર આઉટ કહેવાય. (૨) જો બૉલ સતત ત્રણ વાર શરીર પર વાગે તો એ બૅટર આઉટ કહેવાશે. (૩) જો વિરાટ ગુસ્સામાં પ્રતિક્રિયા આપશે તો પણ તે આઉટ ગણાશે. (૪) જેનું બૅટ તે પહેલાં બૅટિંગ કરશે.

અનુષ્કાએ પહેલાં બૅટિંગ કરી હતી. વિરાટે પહેલા જ બૉલ પર અનુષ્કાને ક્લીન બોલ્ડ કરી દીધી હતી. શરૂઆતમાં જ આંચકો લાગતાં અનુષ્કાએ નિયમાવલિ ખોલીને નવો નિયમ બતાવ્યો કે એ તો ટ્રાયલ બૉલ હતો એટલે તે આઉટ થયેલી નહીં ગણાય.

ટ્રાયલ પછીના પ્રથમ લીગલ બૉલમાં પણ અનુષ્કા આઉટ થઈ ગઈ હતી. વિરાટ બૅટિંગ કરવા આવ્યો અને પહેલા જ બૉલમાં તેણે ઊંચો શૉટ માર્યો. એ શૉટમાં સિક્સર ગઈ અને બૉલ દૂર જઈને પડ્યો એટલે અનુષ્કાએ વધુ એક નિયમ બતાવ્યો કે જે બૅટરના શૉટમાં બૉલ દૂર જશે તો તે જ બૅટરે એ બૉલ લાવવાનો રહેશે. જોકે વિરાટ જેવો સ્ટમ્પથી દૂર ગયો એટલે અનુષ્કાએ તેને આઉટ કરી દીધો અને દાવો કર્યો કે વિરાટ હવે આઉટ થઈ ચૂક્યો છે.

થોડી જ વારમાં ભારતીય ટીમનો ભૂતપૂર્વ કૅપ્ટન વિરાટ આ વિચિત્ર નિયમોથી પરેશાન થયેલો જોવા મળ્યો અને મૅચના સ્થળેથી જતો રહ્યો હતો.

જોકે આ મુકાબલા પછી વિરાટ અને અનુષ્કા ખૂબ હસ્યાં હતાં અને બન્ને બાળકો પાસે પહોંચી ગયાં હતાં. ■





# સરફરાઝે ટીમ ઇન્ડિયામાં જગ્યા ન મળી તો ડબલ સેન્ચુરીથી સિલેક્ટર્સને આપ્યો જવાબ

## કે. એલ. રાહુલને પણ ‘ચેતવી દીધો’: રહાણે સદી ચૂક્યો, મુંબઈના ૫૩૬/૯

લખનઊઃ અહીં પાંચ દિવસની ઇરાની કપ મૅચમાં મુંબઈના સરફરાઝ ખાને (૨૨૧ નૉટઆઉટ, ૨૭૬ બૉલ, ચાર સિક્સર, પચીસ ફોર) છઠ્ઠા નંબર પર બૅટિંગ કરવા આવીને ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટની ૧૫મી ડબલ સેન્ચુરીના રૂપમાં ફટકારીને પોતાને તાજેતરની બાંગ્લાદેશ સામેની ટેસ્ટ-સિરીઝમાં સિલેક્ટ ન કરવા બદલ આડકતરી રીતે સિલેક્ટર્સને ઇશારો કરી દીધો હશે કે જુઓ, મારામાં મોટી ઇનિંગ્સ રમવાની કેટલી બધી ક્ષમતા છે.

પ્રથમ કક્ષાની ક્રિકેટમાં ટ્રિપલ સેન્ચુરી (અણનમ ૩૦૧) ફટકારી ચૂકેલા સરફરાઝની આ ડબલ સેન્ચુરીની મદદથી મુંબઈએ પ્રથમ દાવમાં બુધવારની રમતના અંત સુધીમાં નવ વિકેટે ૫૩૬ રન બનાવ્યા હતા.

સિલેક્ટર્સે બાંગ્લાદેશ સામે મિડલ-ઑર્ડરના બૅટર તરીકે કે. એલ. રાહુલને ટીમ ઇન્ડિયામાં સ્થાન આપ્યું હતું. બે ટેસ્ટના ત્રણ દાવમાં તેના સ્કોર્સ આ મુજબ હતાઃ ૧૬ તથા અણનમ બાવીસ અને ૬૮ રન.

ઇરાની કપની મૅચ રણજી ચૅમ્પિયન ટીમ અને રેસ્ટ ઑફ ઇન્ડિયા વચ્ચે રમાતી હોય છે.

સરફરાઝ ખાને ઇરાની કપમાં ૨૬ વર્ષ અને ૩૪૬ દિવસની ઉંમરે ડબલ સેન્ચુરી ફટકારવાની સિદ્ધિ મેળવી છે. જોકે સૌથી નાની ઉંમરે ઇરાની કપમાં ડબલ સેન્ચુરી ફટકારવાની વિરલ સિદ્ધિ યશસ્વી જયસ્વાલના નામે છે. તેણે ગયા વર્ષે ૨૧ વર્ષ અને ૬૩ દિવસની ઉંમરે ડબલ સેન્ચુરી નોંધાવી હતી. એ પહેલાં, પ્રવીણ આમરેએ બાવીસ વર્ષની ઉંમરે અને ગુંડપ્પા વિશ્વનાથે પચીસ વર્ષની ઉંમરે ઇરાની કપના એક દાવમાં ૨૦૦-પ્લસ રન બનાવ્યા હતા.

દરમ્યાન લખનઊની ઇરાની કપ મૅચમાં બુધવારે મુંબઈનો કૅપ્ટન અજિંક્ય રહાણે (૯૭ રન, ૨૩૪ બૉલ, એક સિક્સર, સાત ફોર) રેસ્ટ ઑફ ઇન્ડિયાના પેસ બોલર યશ દયાલના બૉલમાં ખરાબ શૉટ મારવાની ભૂલને કારણે ત્રણ રન માટે સદી ચૂકી ગયો હતો. વિકેટકીપર ધ્રુવ જુરેલે તેનો કૅચ પકડ્યો હતો.

જોકે સરફરાઝની ડબલ સેન્ચુરીના જોર પર જ મુંબઈએ ૫૦૦નો આંકડો પાર કર્યો હતો. સરફરાઝ-રહાણે વચ્ચે પાંચમી વિકેટ માટે ૧૩૧ રનની અને સરફરાઝ-તનુષ કોટિયન વચ્ચે સાતમી વિકેટ માટે ૧૮૩ રનની તોતિંગ ભાગીદારી થઈ હતી. કોટિયને ૧૨૪ બૉલમાં ૬૪ રન બનાવ્યા હતા.

રેસ્ટ ઑફ ઇન્ડિયાના બોલર્સમાંથી મુકેશ કુમારે ચાર વિકેટ તેમ જ યશ દયાલ અને પ્રસિદ્ધ ક્રિષ્નાએ બે-બે વિકેટ લીધી હતી. ■



**ટીમ ઈન્ડિયામાં કમબૅક દૂર નથીઃ** સરફરાઝ ખાન ભારત વતી ત્રણ ટેસ્ટ રમ્યો છે, જેમાં તેણે કુલ ૨૦૦ રન કર્યા છે. ૫૦ ફર્સ્ટ-ક્લાસ મૅચમાં તેણે ૪,૧૮૩ રન બનાવ્યા છે.

# ફૂટબૉલ મેદાન પરના ‘વિગ્રહ’માં ઇઝરાયલ સામે ઇરાનની ‘જીત’

## ઇઝરાયલી ગોલકીપર સામે ઇરાની ખેલાડીએ પેનલ્ટી કિકમાં કરી દીધો ગોલ

મિલાનઃ મધ્ય પૂર્વમાં ઇઝરાયલ અને ઇરાન વચ્ચે યુદ્ધના મંડાણ જાણે થઈ ચૂક્યાં છે ત્યારે બીજી બાજુ ફૂટબૉલના મેદાન પર પણ બન્ને દેશના ખેલાડી વચ્ચેની આક્રોશભરી કટુતા જોવા મળી છે. મંગળવારે અહીં ચૅમ્પિયન્સ લીગની મૅચમાં એક તરફ ગોલપોસ્ટની રક્ષા કરવા ઊભેલો ગોલકીપર ઇઝરાયલનો હતો અને પેનલ્ટી કિકમાં ગોલ કરવાની તૈયારીમાં હતો ઇરાનનો ફૂટબોલર. આ સામસામીમાં ઇરાનનો પ્લેયર મેદાન મારી ગયો હતો. તે ગોલ કરવામાં સફળ રહ્યો હતો.

ઇન્ટર મિલાન વતી મેહદી તારેમીને પહેલી વાર ગોલ કરવાની તક મળી હતી અને એમાં તે સફળ રહ્યો હતો. રેડ સ્ટાર બેલગ્રેડ નામની હરીફ ટીમ વતી ગોલકીપર તરીકે ઑમરી ગ્લેઝર હતો. હજી થોડા કલાકો પહેલાં જ ઇરાને ઇઝરાયલ પર સિલસિલાબંધ ૨૦૦ જેટલી મિસાઇલો છોડી હતી અને આ તરફ મિલાનના મેદાન પર મેહદીએ ઇઝરાયલી ગોલકીપર ગ્લેઝરના કવચને ભેદીને ગોલ કરી દીધો હતો.

મેહદીના આ ગોલ સહિત કુલ ચાર ગોલ સાથે ઇન્ટર મિલાને આ મૅચ ૪-૦થી જીતી લીધી હતી.

નવાઈ તો એ વાતની છે કે મેહદીને આ મૅચ પહેલાં ઇરાન-ઇઝરાયલ વચ્ચેના આરંભિક યુદ્ધની કોઈ જ વાત નહોતી કરવામાં આવી અને તેને મૅચ પર જ ફોકસ રાખવાનું કહેવામાં આવ્યું હતું.



મેહદીએ ૮૧મી મિનિટના આ ગોલની પહેલાં ૭૧મી મિનિટમાં લૉટેરો માર્ટિનેઝને ગોલ કરવામાં ઘણી મદદ કરી હતી. ■




**મહિલાઓના ટી-૨૦ વર્લ્ડ કપનો આજે આરંભઃ** યુએઇમાં આજે મહિલાઓનો ટી-૨૦ વર્લ્ડ કપ શરૂ થઈ રહ્યો છે અને એ નિમિત્તે આઇસીસીએ પોસ્ટ કરેલી તમામ ૧૦ ટીમની કૅપ્ટનોવાળી તસવીર. આજે પ્રથમ મૅચ બાંગ્લાદેશ-સ્કૉટલૅન્ડ વચ્ચે બપોરે 3.30 વાગ્યાથી રમાશે. બીજી મૅચ સાંજે ૭.30 વાગ્યાથી પાકિસ્તાન-શ્રીલંકા વચ્ચે રમાશે. ભારતની પ્રથમ મૅચ આવતી કાલે ન્યૂ ઝીલૅન્ડ સામે સાંજે ૭.30 વાગ્યાથી રમાશે. (તસવીરઃ આઇસીસી)

# મોદીએ નીરજના મમ્મીને પત્રમાં લખ્યું, ‘તમારા ચુરમા ખાઈને મને મારી માતા યાદ આવી ગયાં’

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અવારનવાર દેશના ખેલાડીઓના ઉત્સાહમાં નવા પ્રાણવાયુ ફૂંકતા હોય છે. વળી, પીએમ મોદી અવારનવાર ભારતનું પ્રતિનિધિત્વ કરતાં ખેલાડીઓને મળે છે અને તેમની સાથે બેસીને લાંબી વાતો પણ કરતા જોવા મળ્યા છે. ત્યારે હવે પીએમ મોદીએ ઑલિમ્પિક ગોલ્ડ મેડલ વિજેતા નીરજ ચોપરાના માતા સરોજ દેવીને પત્ર લખ્યો છે. આવો જાણીએ પીએમ મોદીએ નીરજ ચોપરાના માતાને શું સંદેશ મોકલ્યો છે.

પીએમ મોદીએ પત્રમાં કહ્યું છે કે





‘સરોજ દેવીજી નમસ્કાર! આશા છે કે તમે સ્વસ્થ, સુરક્ષિત અને ખુશ હશો. ગઈ કાલે જમૈકાના વડા પ્રધાનની ભારત મુલાકાતના પ્રસંગે આયોજિત ભોજન સમારંભમાં મને નીરજને મળવાનો અવસર મળ્યો. તેમની સાથે વાતચીત કરતી વખતે તેમણે મને તમારા હાથે બનાવેલો સ્વાદિષ્ટ ચુરમા આપ્યો અને ત્યારે હું ખૂબ જ ખુશ થયો. આજે આ ચૂરમા ખાધા પછી હું તમને પત્ર લખતા રોકી શક્યો નહિ. ભાઈ નીરજ ઘણી વાર મારી સાથે આ સુરમા વિશે વાત કરે છે, પણ આજે તે ખાધા પછી હું ભાવુક થઈ ગયો.’

પીએમ મોદીએ નીરજ ચોપરાના માતા સરોજ દેવીને લખેલા પત્રમાં કહ્યું છે કે ‘અપાર સ્નેહ અને સ્નેહથી ભરેલી તમારી આ ભેટે મને મારી માતાની યાદ અપાવી દીધી. મા શક્તિ, સ્નેહ અને સમર્પણનું સ્વરૂપ છે. આ એક યોગાનુયોગ છે કે નવરાત્રિના તહેવારના એક દિવસ પહેલા મને માતા પાસેથી આ પ્રસાદ મળ્યો છે. હું નવરાત્રિના આ ૯ દિવસ દરમિયાન ઉપવાસ કરું છું. આ રીતે તમારો આ સુરમા મારા ઉપવાસ પહેલા મારો મુખ્ય ખોરાક બની ગયો છે. તમારા દ્વારા તૈયાર કરવામાં આવેલ ભોજન ભાઈ નીરજને દેશ માટે મેડલ જીતવાની ઊર્જા આપે છે. તેવી જ રીતે આ સુરમા મને આગામી ૯ દિવસ દેશની સેવા કરવાની શક્તિ આપશે.’

પીએમ મોદીએ તેમના પત્રમાં સંદેશ આપ્યો છે કે ‘શક્તિ પર્વ નવરાત્રિના આ અવસર પર હું તમારી સાથે દેશની માતૃશક્તિને ખાતરી આપું છું કે હું વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે વધુ સેવાની ભાવના સાથે કામ કરતો રહીશ. આપનો હૃદયપૂર્વક આભાર.’ ■

### મોદીને મળ્યો ‘યુનિવર્સ બૉસ’ ક્રિસ ગેઇલ



વેસ્ટ ઇન્ડિઝનો ભૂતપૂર્વ ક્રિકેટર ક્રિસ ગેઇલ બુધવારે દિલ્હીમાં પીએમ નરેન્દ્ર મોદીને મળ્યો હતો. ‘યુનિવર્સ બૉસ’ તરીકે ઓળખાતો ગેઇલ જમૈકાના વડા પ્રધાન ઍન્ડ્ર્યૂ હૉલનેસ સાથે ભારત આવ્યો છે. બન્ને દેશ વચ્ચેના સંબંધો ગાઢ બનાવવાના હેતુથી ભારત-જમૈકાના વડાઓ વચ્ચેની મીટિંગ વખતે ગેઇલ પણ હાજર હતો. તેણે મોદીને નમસ્તે કર્યા હતા અને તેમની સાથે ઘણી વાતચીત કરી હતી.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા આયોજિત

**વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ 2024માં આપ સૌનું હાર્દિક સ્વાગત છે**



# ચાલો ઉજવીએ, વિશ્વનો સૌથી લાંબો અને ગુજરાતનો સૌથી ભવ્ય ગરબા મહોત્સવ

-: ઉદ્‌ઘાટન :-

**શ્રી અમિતભાઈ શાહ**

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીના વરદ્દહસ્તે

-: વિશેષ ઉપસ્થિતિ :-

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

3 ઑક્ટોબર, 2024 | સાંજે 8:00 વાગ્યાથી

ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ, હેલ્મેટ ચાર રસ્તા પાસે, અમદાવાદ




## કાર્યક્રમ

**ઉદ્‌ઘાટન સમારોહ**
3 ઑક્ટોબર, 2024, "જય મા આદ્યશક્તિ"ની થીમ પર મલ્ટિમીડિયા સાંસ્કૃતિક કાર્યક્રમ અને મહાઆરતી

**શેરી ગરબા**
4 થી 11 ઑક્ટોબર, 2024, રાત્રે 09.00 થી 11:45 વાગ્યા સુધી (પરંપરાગત પહેરવેશ ફરજિયાત)
જાણીતા કલાકારો દ્વારા મુખ્ય મંચ પર પ્રસ્તુતિ

**મહાઆરતી**
4 થી 11 ઑક્ટોબર, 2024, રાત્રે 11:45 વાગે

**અન્ય મુખ્ય આકર્ષણો**
3 થી 11 ઑક્ટોબર, 2024, સાંજે 05:00 થી રાત્રીના 12:00 વાગ્યા સુધી
થીમ પેવેલિયન | હસ્તકલા બજાર | ફૂડ સ્ટૉલ | બાલ નગરી | થીમેટિક ગેટ્સ | વિવિધ ઈન્સ્ટૉલેશન

Gujarat Tourism

**ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ**
ઉદ્યોગ ભવન, બ્લોક નંબર 16, ચોથો માળ, સેક્ટર-11, ગાંધીનગર - 382 010
**ટોલ ફ્રી નંબર:** 1800 203 1111 | **વેબસાઈટ:** www.gujarattourism.com

વધુ વિગતો માટે QR સ્કેન કરો

**(જાહેર જનતા માટે નિઃશુલ્ક પ્રવેશ)**




■ કિરણ રાયવડેરા

રુપા સાથે કરણ જ્યારે ખુશખુશાલ એમનાં મેરેજની વાત કરી રહ્યો હતો ત્યારે એને ખબર નહોતી કે એના બેડરુમમાં એક ઘટના આકાર લઈ લેવાની તૈયારીમાં છે.

આ બાજુ , ગાયત્રીને બૂમ મારીને ગાયત્રીને બોલાવીને કહ્યું :

'ગાયત્રી', થોડી વાર પહેલાં કબીરનો ફોન હતો.'

'શું કહ્યું કબીર અંકલે, કાલે આવે છેને?' ગાયત્રીએ ઉત્સાહભેર પૂછ્યું.

'હા, એ તો આવે છે…' જગમોહન અટકી ગયો.

'શું થયું કાકુ, આવું ઢીલું ઢીલું કાં બોલો છો? શું થયું, મને કહો ને…'

'ગાયત્રી, મારાથી કબીરને કહેવાઈ ગયું કે કોણ જાણે એમ લાગ્યા કરે છે કે તું આવીશ ત્યારે હું તને મળી નહીં શકું.' જગમોહન ભાંગી પડવા નહોતો માગતો છતાં એના અવાજમાં ભીનાશ પ્રવેશી ગઈ.

'શું, તમે પણ!' ગાયત્રી ઊભી થઈને જગમોહન પાસે આવીને એનો હાથ પકડી લીધો :

'જે માણસ બીજા માટે ઉદાહરણરૂપ હોય એણે તો નબળા પડાય જ નહીં. આજે દુનિયા તમારી સફળતા પર ગર્વ લે છે. તમારી જ્ગ્યાએ, તમારા સ્તર પર બધા પહોંચવા ઇચ્છે છે. તમે આમ કમજોર પડો એ ન ચાલે, કાકુ, હિંમત રાખો, હું છું ને…'

જગમોહન ફિક્કું હસ્યો :

'ગાયત્રી, બીજા સામે હું મારી નબળાઈ જાહેર ન થવા દઉં. પણ તું હવે મારી ડોક્ટર જેવી થઈ ગઈ છો. તે મને મારા જીવનની સૌથી નબળી ક્ષણે જોયો છે એટલે જ તારી સામે કબૂલું છું કે તારી મુલાકાત થયા બાદ ભગવાન જો મને લઈ લેશે તો મારી સાથે અંચાઈ થઈ ગણાશે.'

ગાયત્રીને શું બોલવું એ સૂઝ્યું નહીં.

'ગાયત્રી, કરણ પાસે મારી ડાયરી છે. એ લઈ આવને. હું નથી ઇચ્છતો કે મારી ગેરહાજરીમાં એ કોઈ બીજાના હાથમાં આવે.' જગમોહને વાત બદલતાં કહ્યું.

'વળી એ જ વાત. તમે ક્યાંય જવાના નથી તો તમારી ગેરહાજરીની વાત જ ક્યાં આવી?'

'ઓ.કે. હું ક્યાંય નહીં જાઉં પણ તું એ ડાયરી તો તારા કબજામાં લઈ લે. એ ડાયરી મારી સૌથી નબળી ક્ષણનો પુરાવો છે.'

'હા, પણ કરણ એના રુમમાં નથી. એ આવે પછી લઈએ તો…'

'ના ગાયત્રી, મારી પાસે સમય નથી. પ્લીઝ ગો, તું એના કબાટને અડીશ તો કરણ માઇન્ડ નહીં કરે.'

'ઓ.કે. કાકુ' કહેતી ગાયત્રી બહાર નીકળીને કરણના રુમમાં દાખલ થઈ. એના કબાટમાં ચાવી ઝૂલતી હતી. ગાયત્રીએ કબાટ ખોલ્યો અને ડ્રોઅર ખેંચ્યું. સામે જ રુપાનો ફોટો પડ્યો હતો. ગાયત્રીને હસવું આવી ગયું. રુપાને આ છોકરો કેમ ઓળખી નહીં શકતો હોય! આમેય કરણ એટલો ગળાડૂબ પ્રેમમાં છે કે બીજું સમજાવશે તો પણ એ એનો દુશ્મન બની જશે. આમેય પ્રેમમાં પડેલી વ્યક્તિને વારવી કે મનાવવી લગભગ અશક્ય હોય છે..

ગાયત્રીએ બીજું ડ્રોઅર ખોલ્યું. એમાં પણ ડાયરી નહોતી. કરણે ક્યાં ડાયરી રાખી હશે? ગુસ્સામાં ગાયત્રીએ સામે રાખેલાં કપડાં બહાર ફેંક્યાં. અચાનક એક અવાજ સાથે નીચે કંઈક પડ્યું. ગાયત્રીએ નીચે જોયું. નીચે ડાયરી પડી હતી, પણ ડાયરી પડવાથી આટલો અવાજ ન આવે. ગાયત્રીએ આજુબાજુ જોયું.

ડાયરીથી થોડે દૂર રિવોલ્વર પડી હતી !

ગાયત્રી ચમકી ગઈ. આ કદાચ એ જ રિવોલ્વર હતી જે કાકુના વોર્ડરોબમાંથી ચોરી થઈ હતી તો કરણે આ ગન ચોરી હશે?

ગાયત્રીએ રિવોલ્વર ઉપાડી. પિસ્તોલ આટલી ભારે હોય એ એને પહેલી વાર ખબર પડી.

કાકુને રિવોલ્વર નથી આપવી. રિવોલ્વર એ પોતાની પાસે રાખશે. એને રિવોલ્વરનું વધુ કામ પડશે…એવું એણે વિચાર્યું.

ગાયત્રીએ ડાયરી પણ ઉપાડી લીધી. આસ્તેથી એણે કપડાં જેવી રીતે રાખ્યાં હતાં એવી રીતે ગોઠવી દીધાં. કબાટ બંધ કરીને એ કમરાની બહાર નીકળી ગઈ.

જગમોહન દીવાન પાસે જવાને બદલે એ સીધી ગેસ્ટરુમમાં આવી, જ્યાં એનો સામાન પડ્યો હતો.

ગાયત્રીએ પોતાની સૂટકેસ ખોલીને પોતાનાં વસ્ત્રો વચ્ચે રિવોલ્વર એ રીતે રાખી દીધી કે પહેલી નજરે એ કોઈની નજરે ન ચઢે. એ પછી સૂટકેસ બંધ કરીને પલંગ નીચે સરકાવી દીધી અને હાથમાં ડાયરી લઈને એ જગમોહન પાસે આવી.

'કાકુ, આ લ્યો તમારી ડાયરી' જગમોહનના હાથમાં ડાયરી મૂકતાં ગાયત્રીએ સ્મિતસહ કહ્યું.

'થેન્ક ગોડ, તેં મારી ચિંતા દૂર કરી દીધી. સાચે જ તારા હાથમાં જાદુ છે. તને મેં રિવોલ્વર શોધવાનું કહ્યું હોત તો તું એ પણ શોધીને લાવત એની મને ખાતરી છે.'

ગાયત્રી આડું જોઈ ગઈ.

'તું એક કામ કરીશ? મને કંઈક થઈ જાય તો મારા નાના દીકરાને ખાસ કહેજે કે એનો બાપ એને બહુ ચાહતો હતો.'

'કાકુ, પ્લીઝ,' ગાયત્રી વાક્ય પૂરું કરે એ પહેલાં જ કરણ વાવાઝોડાની જેમ અંદર પ્રવેશ્યો.

'પપ્પા, મારે તમારી સાથે એક વાત કરવી છે.' ગાયત્રીએ જોયું કે કરણ ઉત્તેજિત હતો. બાપ-દીકરા વચ્ચે કોઈ પણ જાતની તંગદિલી ન સર્જાય તો સારું.

'કરણ, હું બહાર જાઉં?' ગાયત્રીએ પૂછ્યું.

'તારી ઇચ્છા, મને કોઈ ફરક નથી પડતો…' કરણે સહજ તોછડાઈથી જવાબ આપ્યો.

'કેમ, દીકરા, ગાયત્રી સામે આ રીતે બોલે છે?' જગમોહન સહજ રીતે કરણને સમજાવે એ પહેલાં કરણે ધડાકો કર્યો.

'પપ્પા, મેં લગ્ન કરી લીધાં છે….! '

જગમોહનને લાગ્યું કે એના હૃદયને કોઈ મુઠ્ઠીમાં લઈને મસળી રહ્યું છે. એના કપાળ પર પરસેવો વળી ગયો. ચહેરા પર પીડાની રેખાઓ અંકાઈ ગઈ. એણે ઝળઝળિત આંખે ગાયત્રી સામે જોયું. હજી એક મિનિટ પહેલાં જ એણે ગાયત્રીને એના નાના દીકરાને બાપનો સંદેશો આપવા કહ્યું હતું.

દીકરાએ એના પ્રેમનો સારો બદલો ચૂકવ્યો હતો.

જગમોહનને શું બોલવું એ સમજાયું નહીં. એ ધારત તો કરણને એક થપ્પડ જડી દેત. એ ઇચ્છત તો ચીસો પાડીને ઘર માથે લેત, કરણ પણ ગુસ્સે થઈને એને ન કહેવા જેવાં વેણ કહેત.

પણ ના, એણે કંઈ કર્યું નહીં.

કેમ કે કરણે આવી જ પ્રતિક્રિયાઓની એની પાસેથી અપેક્ષા રાખી હતી.

કરણે કદાચ ધાર્યું હતું કે એનો બાપ એને મારશે, ગુસ્સે થશે અને બધાંને ભેગાં કરશે….પણ ના, કરણની અપેક્ષા પૂરી નથી કરવી.

જગમોહન હસ્યો. ફિક્કું હાસ્ય.

'પપ્પા, હું તમને કહું છું. સાંભળો છો? મેં અને રુપાએ મેરેજ કરી લીધાં છે.'

જગમોહન હસતો રહ્યો. ગાયત્રી પણ દિગ્મૂઢ થઈને જગમોહનની સામે જોઈ રહી. જગમોહનના ચહેરા પર નિસ્તેજ હાસ્ય ફરકતું હતું.

'પપ્પા, તમે મારું ઇન્સલ્ટ કરો છો. હું તમને અમારાં લગ્નની ખબર આપું છું અને તમે હસી રહ્યા છો?' કરણ ગિન્નાયો.

'બેટા, દીકરાનાં લગ્નના ખબર સાંભળીને કયો બાપ રડે? મારા માટે તો આ ખુશીના સમાચાર છે. એટલે હું હસું છું. એમાં મેં તારું ઇન્સલ્ટ ક્યાં કર્યું દીકરા?' જગમોહનના અવાજમાં ભારોભાર પીડા છલકાતી હતી. ગાયત્રીનું હૃદય વલોવાતું હતું.

'કરણ, તું કાકુને આ રીતે ખબર આપીને એમનું અપમાન કરી રહ્યો છે. ઊલટું તારે એમની માફી માગવી જોઈએ. એના બદલે તું એમના પર તારું ઇન્સલ્ટ કરવાનો આક્ષેપ કરે છે.' ગાયત્રીએ રડમસ અવાજે કરણને ઠપકો આપતાં કહ્યું.

'ગાયત્રી, પ્લીઝ… આઈ રિસ્પેક્ટ યુ એટલે તને કહું છું, આ અમારી અંગત બાબત છે એટલે એમાં વચ્ચે ન પડ તો સારું રહેશે.' કરણે ગાયત્રી સામે જોયા વિના કહ્યું.

ગાયત્રી ડઘાઈ ગઈ.

'કરણ' જગમોહનને ગાયત્રી સામે એક દૃષ્ટિ ફેંકીને કહ્યું:

'તેં મારું અપમાન કર્યુ ત્યાં સુધી હું કંઈ ન બોલ્યો. પણ તેં આજે ગાયત્રીનું અપમાન કર્યું છે, ગાયત્રીનું… તને ભાન છે આ છોકરીએ તારા બાપ માટે શું શું નથી કર્યું ?'

'પપ્પા, એણે તમારી લાઇફ બચાવી હશે, મારી નહીં. મારી મદદ કરવા એ ઇચ્છત તો તમને મારા અને રુપાના મેરેજ માટે મનાવી શકત, પણ એણે એવું કર્યું નથી. એની વે પપ્પા, એ મહત્ત્વનું નથી. મેં રુપા સાથે લગ્ન કરી લીધાં છે અને આવતા અઠવાડિયાથી એ અહીં રહેવા આવશે, મારી સાથે.'

'કરણ, તું હજી મારા ઘરમાં રહે છે, નહીં કે હું તારા ઘરમાં. દીકરા, મેં એક ભાડૂતને ભલે જગ્યા આપી હોય પણ એ ભાડૂત કોઈ પેટા ભાડૂતને તો જગ્યા ન જ આપી શકે.' જગમોહનના ચહેરા પર કડવાશ સાથે પીડાના ભાવ ફેલાઈ ગયા.

'એટલે પપ્પા, હું તમારો ભાડૂત છું, દીકરો નહીં? જો ગાયત્રી, હવે તારા કાકુ મારું અપમાન કરે છે !'

'બેવકૂફ, તારા મોઢે ગાયત્રીનું નામ લેતો નહીં. અને એક વાત સાંભળ, તેં જો મારી વિરુદ્ધ લગ્ન કરી નાખ્યાં હોય તો ભલે કરી નાખ્યાં એક ભાડૂતનાં લગ્નની હું ચિંતા શા માટે કરું? ગાયત્રી, મને સમજણ નથી પડતી કે હું કેટલીવાર મારું વસિયતનામું બદલું?'


'પપ્પા, તમે મને ધમકી આપો છો?' કરણનો અવાજ ઉગ્ર થઈ ગયો.

બાપ-દીકરાની આ ઉગ્ર બોલચાલમાં ન સંડોવાવું પડે એ માટે ગાયત્રી બહાર જવા ગઈ પણ સામેથી આવતી પ્રભા સાથે ભટકાઈ ગઈ.

'આ શું માંડ્યું છે? આ બૂમબરાડા કોણ પાડે છે?' પ્રભાએ આવતાવેંત જ બધાને ઊધડો લીધો.

'આ બૂમબરાડા નથી, શરણાઈના સૂર છે. તમારો દીકરો પરણીને આવ્યો છે. એમને વધાવો.' જગમોહને કટુતાથી કટાક્ષ કર્યો.

'સાચે જ કરણ, વાહ મારા લાલ, તેં તો મને ખુશ કરી દીધી ! '




ગાયત્રીને સમજાયું નહી કે પ્રભાને સાચે જ એને આનંદ થયો હતો કે જગમોહનને ટોંટ મારવા કરણને એ વધાવતી હતી …

'લ્યો પપ્પા, હવે મમ્મી પણ મારી સાથે છે. હવે બોલો, કેટલીવાર વસિયતનામું બદલશો?'

જગમોહન ફરી ફિક્કું હસ્યો :

'તારા પપ્પા તો રોજ રાતના વિલ બદલ્યા કરે છે. હમણાં એક નવું નામ ઉમેરાશે એટલે આપણા બધાની બાદબાકી થઈ જશે.' પ્રભાએ સૂચક રીતે ગાયત્રી સામે જોઈને કહ્યું.

'કરણ- પ્રભા એક વાત કાન ખોલીને સાંભળી લો. મારો પૈસો મેં પરિશ્રમથી બનાવ્યો છે. આ આ રુતબો, આ મોભો મેં જાતમહેનતથી મેળવ્યાં છે. એને હું નાલાયકો વચ્ચે વહેંચવા કરતાં દાન આપી દેવાનું ઇચ્છીશ.' જગમોહન મક્કમતાથી બોલ્યો.

'પપ્પા, તમે પણ અમારી વાત સાંભળી લ્યો. જો અમને અમારા હકનો હિસ્સો નથી મળ્યો તો સારું નહીં થાય.' કહીને કરણ કમરાની બહાર નીકળી ગયો.

'હવે સમજાયું કે તમારા દુશ્મનો કેવી રીતે ઊભા થાય છે કે હજી સમજાવવું પડશે?' બોલતી પ્રભા પણ બહાર નીકળી ગઈ.

જગમોહન પાસે આવીને ગાયત્રી એના ખભા પર માથું મૂકીને રડવા માંડી. કાકુ, આઈ એમ સોરી, હું તમારો આ પ્રોબ્લેમ સોલ્વ નથી કરી શકતી.'

'ના ગાયત્રી, આ કદાચ મારાં કર્મોનો ભાર છે, એને તો મારા સિવાય બીજું કોઈ નહીં ઊંચકી શકે. એની વે, કરણે તારું અપમાન કર્યું એ બદલ સોરી.'

સહેજ અટકીને જગમોહને ઉમેર્યું :

'ગાયત્રી, ઘણી વાર ઇચ્છા થાય છે કે મારી બધી સંપત્તિ તારે નામ કરી નાખું તું જ મારો બિઝનેસ ચલાવજે અને ઇચ્છા થાય તો આ લોકોને એમનો હિસ્સો આપજે.'

'ના કાકુ, એવું નહીં કરતા. તમારી દોલત પર એમનો પહેલો અધિકાર છે. એમને એમનો હક મળવો જ જોઈએ.'

'હવે તો હું પણ જોઉં છું કે એમને એમનો હક કેવી રીતે મળે છે.'

ગાયત્રીને લાગ્યું કે જગમોહન આજે ખૂબ જ ગુસ્સામાં છે.

'હું મારા ખૂનીને નામે મારી ધનદોલત કરી દઈશ પણ આ લોકોને તો ફૂટી કોડી નહીં આપું.'

**************

જગમોહન અને ગાયત્રીની વાતચીત બાદ ચાર એવી ઘટના બની કે જગમોહન વધુ અસ્વસ્થ થઈ ગયો. લખુકાકા દોડતા આવીને કહેવા લાગ્યા હતા :

'ભાઈ, ઘરની બહાર કોઈની બ્રીફકેસ પડી છે.' જગમોહન દોડ્યો હતો. ગાયત્રીએ બૂમ પાડી કે બેગને હાથ લગાડતા નહીં…' .

એક વાર તો જગમોહનને વિચાર આવ્યો કે લાલબઝાર બોમ્બ સ્કવોડમાં ફોન કરીને જાણ કરુ. ગાયત્રી અને લખુકાકા ના પાડતા રહ્યા, પણ પછી શું થયું કે એણે બ્રીફકેસ ઊંચકીને ખોલી.

બેગ ખાલી હતી. ફક્ત એક નાનકડી ચબરખી એમાં પડી હતી. જેમાં લખ્યું હતું:

'આ બ્રીફકેસમાં અમે બોમ્બ પણ રાખી શક્યા હોત…!'

બીજી ઘટના એ હતી કે સન્યાલનો થાણાથી ફોન આવ્યો હતો. સન્યાલ સાહેબના કહેવા પ્રમાણે જગમોહનના મકાનની આજુબાજુ એક બે શંકાસ્પદ માણસ દેખાયા હતા : ડોન્ટ વરી મિ. દીવાન, મારા માણસો દરેક પર નજર નાખી રહ્યા છે. જરૂર પડે અને શંકાસ્પદ વ્યક્તિઓને અટકમાં પણ લેશું. આ તો તમને એ જ કહેવા ફોન કર્યો કે ધ્યાન રાખજો.'

આ સાંભળીને જગમોહને ફોન પટક્યો હતો: 'બેવકૂફો, મારું ધ્યાન તો તમારે રાખવાનું છે…! '

ત્રીજી ઘટના એવી બની કે ઑફિસે ફોન કરીને બપોરના એ આડો પડ્યો હતો ત્યારે એણે બહાર કોરિડોરમાં કશો અવાજ સાંભળ્યો. એ બહાર આવ્યો ત્યારે જોયું કે પૂજા એકલી એકલી કોરિડોરમાં આંટા મારતી હતી. પૂજા પાસે જઈને એણે પૂછ્યું:

'કેમ બેટા ચિંતામાં લાગો છો?'

ત્યારે પૂજાએ એની સામે જોયું પણ નહોતું અને એ ફક્ત આંટા મારતી રહી હતી ત્યારે જગમોહન મૂંઝાઈ ગયો હતો : આ બધું શું થવા બેઠું છે!


ચોથી ઘટના મોડી સાંજના બની. જગમોહનનો સેલ રણક્યો. સામે છેડે એ જ માણસ હતો :

'સાહેબ હિન્દી ફિલ્મોમાં એવું બોલે છે કે આજકી રાત આખરી રાત હૈ. હું એવું કંઈ બોલીશ નહીં.' હા. એટલું જરૂર કહીશ કે આજ પછી હંમેશાં તમારા જીવનમાં રાત રહેશે…. કોઈ દિવસ સવાર નહીં પડે. કેવી મઝા, મિ. દીવાન, હવે તમારે હંમેશાં સૂતા રહેવાનું - હંમેશ માટે સૂતા રહેવાનું.

'અલવિદા, મિ. દીવાન, આવતા જન્મે મળીશું!'

(ક્રમશઃ)■

---





'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ…

ગરબાની જોડી બનાવો

| A | B |
|---|---|
| એક વણઝારી | પાવાગઢ રે, માડીને કે'જે |
| પંખીડા તું ઉડી જાજે | દાયિની રે, શ્યામા સાંભળજો |
| ખેલ ખેલ રે ભવાની | ઝૂલણાં ઝૂલતી'તી |
| ઘોર અંધારી રે | જય જય અંબે મા |
| અંબા અભય પદ | રાતલડીમાં નિસર્યા ચાર અસવાર |

## ઓળખાણ પડી?



આપણા દેશમાં આવેલા શક્તિપીઠ પૈકી ઓડિશાના બ્રહ્મપુર શહેર નજીક પહાડ પર આવેલું શક્તિપીઠ ક્યા નામે ઓળખાય છે એ જણાવો.

અ) ચામુંડા દેવી બ) હરિસિદ્ધિ માતા ક) હિંગળાજ ભવાની ડ) તારા તારિણી

## ગયા વખતનો ઉકેલ

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

### આડી ચાવી

૧. દૃઢ, સબળું, સજ્જડ (૪)
૩. ઉતાવળ (૪)
૭. વાળ શોધ્યો ના મળે (૨)
૯. ઉછીનું કે વ્યાજે આપવું (જો.છૂ.) (૩)
૧૧. માણસ (૩)
૧૩. નાનું પડીકું (૨)
૧૪. ---- કરાવી તરોતાજા બનો (૪)
૧૫. ---- પુલાવ બધાને ભાવે (૨)
૧૬. બાતલ (૨)
૧૭. ભાદરવો - આસોની ઋતુ (૩)
૧૮. મૃગજળ (૩)
૨૦. આકર્ષણ, જાદુ (૩)
૨૩. શયણાં (ફળ)નું વૃક્ષ (૩)
૨૫. કાબેલિયત (૩)
૨૬. સમૃદ્ધ, છલોછલ (૨)
૨૭. આદર સાથે (૩)
૨૮. ગમે તેમ બોલવું તે (૩)
૩૦. ભ્રમ, ભામા, સ્ત્રી (૨)
૩૧. મડદું (૨)
૩૨. સમજી વિચારીને (૫)

### ઊભી ચાવી

૧. મઠના અધ્યક્ષ (૫)
૨. પૂરવું (૩)
૪. જમાવ, ઝુંડ, સમૂહ (૨)
૫. પ્રિયતમ (૩)
૬. રાવ (૪)
૮. તકરાર, કજિયો (૪)
૧૦. ----ને આંખ લાલ થઈ ગઈ (૨)
૧૨. ----ના ફર્નિચરની ફેશન હતી (૩)
૧૪. કાફલો (૩)
૧૭. બંગાળનો મુખ્ય પાક (૨)
૧૯. તબલાનો એક તાલ (૪)
૨૦. બીકણ, ડરપોક (૩)
૨૧. ૨૦ કિલો (૨)
૨૨. કુખ્યાત (૪)
૨૩. રાતે ખીલતાં ફૂલ (૪)
૨૪. ચોકીદાર (૪)
૨૭. મોટી ઉંમરે આમને --- - સેવા કરવાની (૩)
૨૯. રાજા, ---- ને વાંદરા (૨)
૩૦. બંધુ (૨)

## ગુજરાત મોરી મોરી રે

'એક વણઝારી….' નવરાત્રીના લોકપ્રિય ગરબામાં અંબા મા એક પછી એક કેટલા પગથિયે પગ મૂકે છે એ કહી શકશો?

અ) પાંચ બ) આઠ ક) નવ ડ) દસ

## જાણવા જેવું

લોકવાયકા અનુસાર અંબાજીનું મૂળ સ્થાન ખેડબ્રહ્મા હતુ. દાંતાના રાજાની ભક્તિભાવથી પ્રસન્ન થઈને માતાએ તેમના રાજ્યમાં વસવાનું વચન આપ્યું, પણ એ શરતે કે રસ્તામાં તે પાછું વળીને જોશે માતાજી ત્યાં જ રોકાઈ જશે. રસ્તામાં ગાઢ જંગલ આવતાં રાજાને મા અંબાના વચન પર શંકા પડી અને તેમણે પાછળ વળીને જોયું, પરિણામે શરત પ્રમાણે માતાજી ત્યાં જ સ્થાયી થઈ ગયાં.

## સુડોકુ-૬૦૯૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | | ૫ | | ૩ | | ૪ | ૯ |
| | | | | | | | | |
| ૩ | ૯ | ૭ | | | | ૫ | ૧ | ૨ |
| ૯ | | ૫ | ૩ | | ૪ | ૬ | | ૮ |
| | | | | | | | | |
| ૭ | | ૬ | ૨ | | ૧ | ૩ | | ૪ |
| ૬ | ૪ | ૨ | | | | ૯ | ૩ | ૫ |
| | | | | | | | | |
| ૮ | ૩ | | ૯ | | ૨ | | ૭ | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૬૦૯૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૫ | ૧ | ૩ | ૮ | ૬ | ૭ | ૯ | ૪ |
| ૮ | ૩ | ૯ | ૧ | ૪ | ૭ | ૫ | ૬ | ૨ |
| ૪ | ૭ | ૬ | ૨ | ૯ | ૫ | ૧ | ૮ | ૩ |
| ૧ | ૯ | ૪ | ૫ | ૬ | ૮ | ૨ | ૩ | ૭ |
| ૩ | ૮ | ૭ | ૯ | ૨ | ૧ | ૪ | ૫ | ૬ |
| ૬ | ૨ | ૫ | ૪ | ૭ | ૩ | ૯ | ૧ | ૮ |
| ૭ | ૪ | ૮ | ૬ | ૫ | ૯ | ૩ | ૨ | ૧ |
| ૯ | ૬ | ૩ | ૭ | ૧ | ૨ | ૮ | ૪ | ૫ |
| ૫ | ૧ | ૨ | ૮ | ૩ | ૪ | ૬ | ૭ | ૯ |

## ચતુર આપો જવાબ

### માથું ખંજવાળો

આપેલા વાક્યમાં પાણી - જળ સંતાઈને બેઠું છે એ શોધી કાઢો.
'માની કેડ સમાણાં નીર મોરી મા'.

## નોંધી રાખો

'યા દેવી સર્વભૂતેષુ શાંતિ રૂપેણ સંસ્થિતા, નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમ'. માનવને મતિ ભ્રષ્ટ થતા અટકાવતા દેવીના સ્મૃતિ સ્વરૂપને નમસ્કાર, પ્રણામ.

## માઈન્ડ ગેમ

ભારતના કયા રાજ્યમાં નવરાત્રી દરમિયાન સરસ્વતી પૂજા અને વિદ્યાઆરંભને પ્રાધાન્ય આપી વિશિષ્ટ રીતે ઉત્સવ મનાવવામાં આવે છે?

અ) રાજસ્થાન બ) કેરળ
ક) પશ્ચિમ બંગાળ ડ) ઝારખંડ

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| रांग | કતાર |
| रान | જંગલ |
| राग | ક્રોધ |
| रांगडा | અનાડી |
| राखीव | અનામત |

ગુજરાત મોરી મોરી રે
પુત્ર

ઓળખાણ પડી?
Jerrie Mock

માઈન્ડ ગેમ
ધ વેટિકન સિટી

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
જલેબી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) નીતા દેસાઈ (૩) ભારતી બુચ (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) મુલરાજ કપૂર (૬) પ્રતીમા પમણી (૭) ગીતા ઉદેશી (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) સુરેખા દેસાઈ (૧૦) સુભાષ મોમાયા (૧૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૨) શીરીન ઔરંગાબાદવાલા (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) નયના ગિરીશ મિસ્ત્રી (૧૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૬) પુષ્પા પટેલ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) વિભા મહેશ્વરી (૧૯) મહેશ દોશી (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) જ્યોતિ ખાંડવાલા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) હર્ષા મહેતા (૨૫) અશોક સંઘવી (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) ભાવના કર્વે (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) વિણા સંપટ (૩૦) અંજુ ટોલિયા (૩૧) પ્રવીણ વોરા (૩૨) નિતીન બજરિયા (૩૩) મીની કાપડિયા (૩૪) રજનીકાંત પટવા (૩૫) સુનીતા પટવા (૩૬) અરવિંદ કામદાર (૩૭) પુષ્પા ખોના (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) જગદીશ ઠક્કર (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) હિના દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) અલકા વાણી (૪૬) મહેશ સંઘવી (૪૭) ખુશરૂ કાપડિયા (૪૮) જગદીશ ઠક્કર (૪૯) નિખિલ બંગાળી (૫૦) અમીશી બંગાળી (૫૧) ધીરેન્દ્ર ઉદેશી (૫૨) જયવંત પદમશી ચિખલ

# પુરુષ

## નવરાત્રિમાં પુરુષો માટે

# ૯ સંકલ્પ

### સ્ત્રી સન્માન ને સશક્તીકરણ તરફ પ્રથમ ડગલું..

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com



નવરાત્ર એટલે માતાજીની ઉપાસનાનો પર્વ. જોકે આ મહાપર્વ માત્ર સ્ત્રીઓ માટે જ નહીં, પુરુષો માટે પણ આત્મપરીક્ષણ અને જાતને સુધારવાનો સમય છે.

આખરે આ નવ દિવસ એ માત્ર નાચ-ગાનના દિવસો નથી. આ નવ દિવસ શક્તિની આરાધનાના પણ છે. અને આરાધના પણ કેવી? માત્ર કર્મકાંડથી જ આરાધના કરવી? શક્તિના સન્માનમાં સ્ત્રી પ્રત્યેની વિચાર પ્રક્રિયા કે આચરણ વિશે જે કંઈ ચાલે છે એ ચાલવા દેવાનું ? કે પછી એમાં ય ફેરફાર કરવાનો ?

અંગત રીતે હું માનું છું કે આ નવ દિવસમાં, પુરુષો પણ કેટલાક સંકલ્પ લઈને સ્ત્રી સન્માન અને સશક્તીકરણ તરફ એક ડગલું ભરી શકે છે માટે જ આજે આપણે એવા નવ સંકલ્પ વિશે વાત કરીશું જે દરેક પુરુષે પોતાના જીવનમાં અપનાવવા જોઈએ.

### સંકલ્પ ૧ સ્ત્રીને સમાન માન આપવું...

પ્રથમ અને સૌથી મહત્ત્વનો સંકલ્પ એ છે કે દરેક સ્ત્રીને પુરુષ સમાન માન આપે. ઘરમાં હોય કે બહાર, કામકાજમાં હોય કે સમાજમાં, દરેક સ્ત્રીને સમાન અધિકારો અને આદર મળવો જોઈએ. આપણે સ્ત્રીઓને માત્ર ઘરની ચાર દીવાલો સુધી સીમિત ન રાખી શકીએ અથવા તો જો સ્ત્રી બહાર પણ નીકળે છે તો આપણે કંઈ એના પર ઉપકાર નથી કરતા. બહાર ફરવું કે બહાર કામ કરવું એ સ્ત્રીનો જન્મસિદ્ધ અધિકાર છે. પુરુષ જો એમ માનતો હોય કે હું એની કરિઅરમાં એને મદદ કરું છું અથવા તો મેં એને પરવાનગી આપી છે તો હવે પુરુષે એના વિચાર બદલવાના છે. આવું કરશે એટલે આપોઆપ એની અંદર સમાનતાનો ભાવ આવશે.

### સંકલ્પ ૨ સ્ત્રીની પ્રગતિમાં સહભાગી બનો...

સ્ત્રીની પ્રગતિ માત્ર એના પર નિર્ભર નથી, પરંતુ પુરુષે પણ તેમાં સહભાગી બનવું જરૂરી છે. એનાં સપનાં પૂરા કરવા માટે પુરુષે એને પ્રોત્સાહિત કરવી જોઈએ, એને શિક્ષિત કરવામાં મદદ કરવી જોઈએ અને એના કાર્યક્ષેત્રમાં સમર્થન આપવું જોઈએ. એ માટે જો સ્ત્રીનાં ઘરનાં કેટલાંક કામ માથે લેવા પડે તો લઈ લેવા, પણ ફાલતું જેવાં કામ કે ફાલતું જેવા રિવાજો આગળ ધરીને એને અટકાવી ન શકાય. રિવાજ કે કામ એ આપણે ઊભી કરેલી સિસ્ટમ છે. એ સિસ્ટમ કોઈ એક જ વ્યક્તિ માટે અવરોધનું કારણ ન બની શકે.

### સંકલ્પ ૩ સ્ત્રીને થતાં અન્યાયના વિરોધમાં બોલો...

જ્યારે કોઈ સ્ત્રી સાથે અન્યાય થાય ત્યારે ચુપ રહેવું એ પણ અન્યાય છે. પુરુષે આના વિરોધમાં અવાજ ઉઠાવવો જોઈએ ને અન્યાય સામે લડવું જોઈએ. જોકે એને માટે સૌથી પહેલી જરૂર છે પુરુષ દ્વારા પોતે જ મા-બહેનની ગાળોનું ત્યજવું. પુરુષ સૌથી મોટું અપમાન પોતે જ કરતો હોય છે. કોઈ પણ વાતમાં મા-બહેનની ગાળો દેતો હોય છે. આ ખુદ પુરુષ જ અટકાવી શકે.

### સંકલ્પ ૪ ઘરનાં કામમાં સહભાગી બનો...

ઘરનાં કામમાં સહભાગી બનો... ઘરનું કામ માત્ર સ્ત્રીનું કામ નથી. પુરુષે પણ ઘરના કામમાં સહભાગી બનવું જોઈએ. આનાથી સ્ત્રીને થોડો આરામ મળશે અને એ પોતાનાં અન્ય કામ પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે. વળી, સ્ત્રીને આપણે ઘરકામ કરવા પરણીને નથી લાવ્યા. 'ઘરકામ કરવું એ સ્ત્રીની જ જવાબદારી છે' એ ગેરમાન્યતા મનમાંથી કાઢી નાખવી.

### સંકલ્પ ૫ સ્ત્રીને સન્માન આપતી ભાષા વાપરો..

આપણી ભાષા આપણા વિચારોનું પ્રતિબિંબ છે. જો આપણે સ્ત્રીને સન્માન આપીએ છીએ તો આપણે એની સાથે સન્માનપૂર્વક વાત કરવી જોઈએ. આપણે સ્ત્રી વિશે અપમાનજનક ટિપ્પણીઓ કરવાનું બંધ કરવું જોઈએ. સ્ત્રી એ કોઈ માલ કે આઈટમ નથી. પુરુષે ગાળો ઉપરાંત આવી ભાષા અને આવી વૃત્તિ પર પણ પ્રતિબંધ મૂકવો પડશે.

### સંકલ્પ ૬ સ્ત્રી સંબંધિત મુદ્દાઓ પર જાગૃત રહેવાનો સંકલ્પ કરો...

સ્ત્રી સંબંધિત મુદ્દાઓ જેવા કે લિંગ ભેદભાવ, ગૃહહિંસા, બાળલગ્ન વગેરે વિશે જાગૃત રહેવું જરૂરી છે. આપણે આ મુદ્દાઓ વિશે વાત કરવી જોઈએ ને અન્ય લોકોને જાગૃત પણ કરવા જોઈએ. ખાસ તો આપણા સંતાનને આ વિશે શીખવી - માહિતગાર કરી ભવિષ્યના સારા નાગરિકો તૈયાર કરવા.

### સંકલ્પ ૭ પુત્રી - પુત્રને સમાન તક આપો...

ઘણા પરિવારોમાં પુત્ર અને પુત્રીને સમાન તક મળતી નથી. પુરુષોએ આ પરંપરાને તોડવી જોઈએ અને પુત્રી અને પુત્ર બંનેને સમાન શિક્ષણ અને તક આપવી જોઈએ. દીકરી છે એટલે પરણીને બીજે ઘેર જ જવાની છે એવી માનસિકતા છોડવી. દીકરીનું ભણતર એને જ ભવિષ્યમાં કામ આવશે. એના પરિવારને પણ પછી કામમાં આવશે !

### સંકલ્પ ૮ સ્ત્રીના સશક્તીકરણ માટે કામ કરવું...

સ્ત્રીઓના શિક્ષણ અને સશક્તીકરણ માટે ઘણાં સંગઠન કામ કરી રહ્યા છે. શક્ય હોય તો પુરુષે આવાં સંગઠનો સાથે જોડાઈને સ્ત્રીના સશક્તિકરણ માટે કામ કરવું જોઈએ. હા, પોતે જો આર્થિક રીતે સધ્ધર હોય તો આવા કોઈ ગ્રુપને આર્થિક મદદ કરવી. આ રીતે અનેક મહાશક્તિઓને સુંદર ભવિષ્યની ભેટ આપી શકાય છે.

### સંકલ્પ ૯ સ્ત્રીને આદર આપો...

સ્ત્રી પ્રત્યેનો આદર એ માત્ર શબ્દોમાં નહીં, પરંતુ તે આપણાં કાર્યોમાં પણ દેખાવું જોઈએ. આપણે સ્ત્રીને એનાં દરેક ક્ષેત્રમાં આદર આપવો જોઈએ. ■

**આવાં નવ સંકલ્પ જો પુરુષ કરે ને એને અમલમાં મૂકે તો ખરા અર્થમાં આ નવરાત્રિમાં એણે શક્તિપૂજા કરી લેખાશે.**



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

# તને સાસરે સાસુ 'મા' મળશે !

ડિયર હની ,
મને ખબર છે તને તારી ફ્રેન્ડ પૂછતી હશે કે, 'પતિ કેવો છે? ઘરમાં બધુ કેમ છે?' એની સાથે એ પણ
ખાસ પૂછતાં હશે કે 'સાસુ કેવી છે?'
સમાજમાં સામાન્ય રીતે એવું જ મનાય છે કે, સાસુ - વહુ વચ્ચે ૩૬નો આંકડો હોય છે. સાસુ તો
વહુને પહેલેથી જ દાબમાં રાખે અને એમાં વહુ સાસુને ફાવવા ના દે .. આ લડાઈ ચાલતી આવી છે અને
પૂરું થવાની નામ લેતી નથી.
માને દીકરો એની પત્નીના એટલે કે વહુના હાથમાં જતો ના રહે એની ચિંતા હોય છે તો પત્નીને પતિ
માવડિયો ના બને એ માટે એ બધું કરી છૂટે છે. અહીંથી શરૂઆત જંગની થાય છે પછી 'તું તું.. મે મે'
ચાલ્યા કરે છે.
-પણ તને હું ખાતરી આપું છે કે, મારી બા અને તારી સાસુ બધા માનતા હોય છે એવી નથી જ. એ
બહુ મમતાળું છે. એ તો માણસભૂખી છે. અને સાચું કહું તો એને દીકરી નથી ને એટલે એ વહુમાં દીકરી
શોધે છે.સાથે એની ય ગેરેન્ટી આપું છે કે, તું સાસુમાં 'મા' શોધીશ તો તને નિરાશા તો હાથ નહીં જ
આવે. મારી વાતમાં વિશ્વાસ ના પડતો હોય તો ભાભી એટલે કે તારી જેઠાણીને પૂછી જોજે.
ભાભી શહેરી કલ્ચરમાં ઉછર્યા નહોતા. એ સાસરે આવ્યા ત્યારે સ્વાભાવિક છે કે, આપણાં ઘરની
રીતભાતથી પરિચિત નહોતાં. અને બાય પાછાં રોટલે મોટા એટલે મહેમાનોની અવરજવર રહે, પણ
બાએ ભાભીને બધુ શીખવ્યું. એક પ્રસંગ તને કહેવો છે...
ભાભીની પહેલી ડિલિવરી હતી. બાએ ત્યારે બહુ સંભાળ લીધી હતી. ત્યારે બાને દીકરીની આશા
હતી પણ દીકરો આવ્યો. પણ બાની સારસંભાળમાં કોઈ ઓટ આવવા દીધી નહોતી. આપણે ત્યાં
રિવાજ છે કે સુવાવડ બાદ સવા મહિને વહુ એના ઘેર જાય. ભાભી માવતર જતાં હતાં. ભાભીએ બાળક
સાથે ડેલી બહાર પગ મૂક્યો. એમની આંખમાં આંસુ હતા. બાની આંખ પણ ભીની હતી. કોઈ વહુ એના
માવતર નહીં, પણ કોઈ દીકરી એના સાસરે જતી હોય એવું એ દ્રશ્ય હતું. આપણાં ભાડૂઆત તો બોલ્યા
ય ખરા કે આ તો મા દીકરીને વળાવતી હોય એવું લાગે છે.
આવી છે મારી બા. તું જરા ય ચિંતા ના કરતી. તું એક ડગલું એના તરફ ભરીશને તો એ બે ડગલાં
સામે માંડશે..ને વહાલનો દરિયો બની જશે. તને ના માવતરની યાદ આવશે ના તારી માની. તને મારી
બામાં તારી માની છબી દેખાવા લાગશે, કારણ કે મારી બા છે જ એવી. એ પારકાને પોતીકા કરી જાણે
છે. એની લાગણીઓ સામે તું અળગી રહી જ નહીં શકે. તું પણ એની લાગણીના પ્રવાહમાં તણાઇ જ
જઈશ.
મારી બા પાસેથી ઘણું શીખવા જેવું છે. એ અન્નપૂર્ણા છે. અમારા ઘેર સગાવહાલા કે મિત્ર પરિવાર
બાની રસોઈના કારણે ખેંચાઇ આવતા હોય છે. એ ૨૫ - ૫૦ માણસની રસોઈ એકલા હાથે કરી શકે
છે. એનાથી ય વધુ માણસો જમવાના હોય તો ય એને અમે કદી ટેન્શનમાં જોઈ નથી. સવારે વહેલા ઊઠી
એ કામગીરી શરૂ કરી દે છે અને સવારે ૧૧ વાગ્યે ત્યાં સુધીમાં તો મોટાભાગની રસોઈ થઈ ગઈ હોય!
એ વાનગીઓની રેસીપી બૂક છે. એમાં નાવીન્ય પણ એટલું જ. એ તહેવારોમાં અવનવી આઈટમ
બનાવે. સેવ-મમરા, ગાંઠિયા અને ચવાણાના ડબાના તળિયા દેખાય અને એમાં છેલ્લે જે ભુક્કો હોય
એમાંથી એ સૂકા સમોસાં બને એ તો મારી બા જ બનાવી શકે. કોઈ નમકીનવાળા એ જોઈ જાય તો એના
માટે રોયલ્ટી ચૂકવવા તૈયાર થઈ જાય. તહેવારોમાં તો સગાવહાલા, આડોશી પાડોશીને ત્યાં નાસ્તા
કરવા માટે એમને આમંત્રણ હોય. કોઈ વીઆઇપી હોય એમ એના શિડ્યુલ બને. આટલા વાગ્યે અહીં
અને પછી તહીં.... અને આ બધામાં અમારે ક્યારેય નાસ્તામાં ચા મોડી મળી હોય કે, જમવામાં મોડું થયું
હોય એવું બને નહીં. એ સાચા અર્થમાં મલ્ટિટાસ્કિંગ કરી જાણે છે. મોટાભાગની ગૃહિણી એવી જ હોય
છે. તારે એની પાસેથી ટાઈમ મેનેજમેન્ટ પણ શીખવા જેવું છે. એ તારી પાસે કોઈ નવી વાત કે વાનગીની
રેસીપી હશે તો એ સ્વીકારવા પણ એનું મન ખુલ્લુ હોય છે.
મારી બા કોઈને વળતરની અપેક્ષા વિના મદદ કરતી હોય છે. એ તારી ફ્રેન્ડ, ગાઈડ અને ફિલોસોફર
બની શકે એમ છે. એની પાસેથી શીખી શકાય એટલું શીખી લેજે. મારી બા સંબંધોની પાઠશાળા છે. એ
તને અહીં સાસરિયાં જેવું લાગવા નહીં દે. ઘરની યાદ જરૂર તને આવશે, પણ સાસરામાં પણ એ ઘર
જેવું ફિલ કરાવશે. આ એનો જન્મજાત સ્વભાવ છે. એણે એમાં
કોઈ પ્રયાસ કરવા પડતાં નથી.
મારી બાની આવી તો કેટલીય વાતો છે. ક્યારેક નિરાંતે વધુ
વાત કરીશું. એના સંગમાં તું કોરીકટ રહી જ નહીં શકે. એના
લાગણીના વાઈરસ એવા છે કે જલ્દીથી સામેવાળાને સંક્રમિત
કરી નાખે છે એટલે સાસુની જે છમેજ સમાજમાં ફરતી રહે છે
કે પ્રસ્થાપિત થઈ છે એનાથી વિપરિત સાસરામાં આ સાસુમામાં
તને 'મા' મળશે.

**તારો બન્ની**




feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

# દીકરીઓને ઘેર રહેતા સંકોચ થાય...

ગુજરાતના એક વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી ત્યાં મધુબહેન સાથે મુલાકાત થઈ. મધુબહેન સ્વસ્થ, સ્ફૂર્તિલા અને હસમુખાં છે. વૃદ્ધાશ્રમમાં રહેતા લોકો કરતાં થોડાં અલગ છે મધુબહેન. સામાન્ય રીતે વૃદ્ધાશ્રમમાં રહેતા દાદા-દાદીના ચહેરા પર મેં ઉદાસી જોઈ છે. એ લોકો દુઃખી લાગે. મજબૂરીથી અહીં આવ્યાં છે તે એમનાં ચહેરા પરથી દેખાઈ આવે છે. સંતાનો પ્રત્યેની નારાજગી પણ એમનાં મનમાં હોય છે. જોકે, મધુબહેન થોડાં જુદાં હસતાં-હસાવતાં જીવંત વ્યક્તિ...

મને થયું : લાવ, આજે મધુબહેન સાથે જ વાત કરીએ. મધુબહેન કહે : એ તો વાતો કરવા તૈયાર છે.

મેં પૂછયુંઃ 'મધુબહેન, અહીં ગમે છે?'

અરે, મને તો અહીં બહુ જ ગમે.. સાચું કહું બહેન, હું તો જ્યાં રહું ત્યાં મને ગમે જે મળે, જેવું મળે તેને સ્વીકારી લેવાનો સ્વભાવ છે. જીવનમાં ઘણો સંઘર્ષ કર્યો છે. જીવનમાં જે જે મુસીબતો આવી એ બધાં સમયમાં હું કાંઈને કાંઈ શીખી છું મારા પતિની નોકરીના કારણે અમે ક્યારેય એક જ જગ્યાએ સ્થિર થયા નથી. મલાડ, કાંદિવલી, હૈદ્રાબાદ, બરોડા, મદ્રાસ, કેરાલા જેવી કેટલીયે જગ્યાએ અમારા ઘર બદલાતાં રહેતાં ... એમ કહોને કે કોથળામાં જ મારું ઘર હતું. એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા હું હંમેશાં તૈયાર જ રહેતી તેથી દરેક જગ્યાએ એડજસ્ટ થઈ જતી હતી અને એડજસ્ટ થઈ જવાનો એ ગુણ મને અહીં પણ કામ આવ્યો છે. મારા જીવનની તો એક જ ફિલોસોફી છે :

*'રામ રાખે તેમ રહીએ ઓધવજી*
*આપણે ચીઠ્ઠીના ચાકર છૈએ...*

મધુબહેન તો મઝેથી ભજન લલકારવા માંડ્યાં. પરંતુ મારી પાસે સમય ઓછો હતોઃ

'મધુબહેન, અહીં આવવાનું કેમ નક્કી કર્યું? '

જવાબમાં મધુબહેને જણાવ્યું :

'બહેન, બધું સરસ ચાલી રહ્યું હતું પતિની નોકરી હતી. બે દીકરી અમારે... બંનેને પરણાવીને અમે બે જણ જીવન જીવતાં હતાં. કામ પરથી મારા પતિ આવે પછી અમે બંને બગીચામાં કે પછી દરિયાકિનારે જઈને બેસતાં ... મને સૂર્યાસ્ત જોવો બહુ જ ગમે. એ મારા માટે મોગરાનો ગજરો ખરીદે અને મારા ચોટલામાં નાખે. એમને મોગરાના ગજરાનું રીતસરનું ઘેલું...'

એ મોગરાના ગજરાની વાત કરતા હતા ત્યારે અમે નોંધ્યુ કે આજે પણ મધુબહેનના ચોટલામાં મોગરાનો ગજરો મહેકે છે. એટલે પૂછ્યું :

'હજુ પણ ગજરો નાખવાનો ક્રમ ચાલુ રાખ્યો છે?'

'હા બહેન, એમને ગમતી બધી જ વસ્તુ કરવામાં મને આનંદ આવે છે. અમારાં દામ્પત્યમાં અજબની મીઠાશ હતી , પણ કુદરતને અમારો લાંબો સાથ પસંદ ન હતો. એક સાંજે એ ઓફિસથી આવ્યા. મને ચા બનાવવાનું કહ્યું. હું ચા બનાવવા રસોડામાં ગઈ અને ચાનો કપ લઈને બહાર આવી ત્યારે જોયું તો એમનું માથું ખુરશીમાં ઢળી પડ્યું હતું. મને લાગ્યું કે થાકને કારણે ઊંઘ આવી ગઈ લાગે છે. એમનું માથું સરખું કરીને કહેવા ગઈ કે ઊઠીને પલંગ પર સૂઈ જાવ...' પરંતુ માથુ સરખું કરવા ગઈ તો માથું ફરીથી ઢળી પડ્યું. હું તો ડરી જ ગઈ સાથે સમજી પણ ગઈ કે એમનો આતમરામ ઊડી ગયો છે. ડોક્ટરને ફોન કર્યો . ડોક્ટરનો જવાબ તો મને ખબર જ હતી. તરત જ પડોશીઓ અને ઑફિસનો સ્ટાફ આવી ગયો. મુંબઈ રહેતી દીકરીઓને ખબર આપ્યા. દીકરીઓ ફ્લાઈટમાં આવી પહોંચી. પિતાની અંતિમવિધિ બંને દીકરીએ સરસ રીતે કરી. પપ્પાને અગ્નિદાહ પણ બંને બહેને જ આપ્યો અને સરાવવાની વિધિ મારી નાની દીકરીએ કરી. આમ પંદરેક દિવસ થઈ ગયા. દીકરીઓ કેટલા દિવસ રોકાય? એમને પણ પોતાના પરિવારની જવાબદારી હોય. બંને બહેનોએ જવાનું હતું. તેથી દીકરીઓ કહે : 'હવે પપ્પા નથી. તું એકલી છે. તું અમારે ઘેર આવીને રહે તને બેમાંથી જે બહેનના ઘેર રહેવાની ઈચ્છા હોય ત્યાં રહેજે. તું અમારી સાથે મુંબઈ ચાલ.'

એ વખતે અમે હૈદ્રાબાદ હતા. મેં કહ્યું : 'ના, ના હું અહીં જ રહીશ.'

હમણાં થોડા દિવસ તો તારે અમારી સાથે આવવું જ પડશે. પછી શું કરવું આપણે નક્કી કરીશું'

હૈદ્રાબાદનું ઘર તો આમ પણ ભાડે જ હતું. બધું સમેટીને દીકરીઓની સાથે મુંબઈ ગઈ. એમની જીદ પાસે મારું કંઈ ન ચાલ્યું. દીકરીઓને મારી ચિંતા હતીઃ 'માને એકલી કઈ રીતે રાખીશું?' થોડો સમય મોટી દીકરીને ત્યાં અને થોડો વખત નાની દીકરીને ત્યાં રહી. બંને મારું બહુ જ ધ્યાન રાખતી. એમનાં સંતાનો પણ 'નાની નાની' કરીને વહાલ વરસાવતાં, પણ કોણ જાણે મને ત્યાં સંકોચ લાગ્યા કરતો. કોઈ સાસરિયા આવે તો મને વધુ સંકોચ લાગતો. દીકરીઓને સમજાવીઃ 'બેટા, તમને મારી ચિંતા છે હું જાણું છું તમે મને સારી રીતે સાચવો છો, પણ સાચું કહું મને નથી ગમતું. તમે બંને ખરાબ ન લગાડતા. મને લાગે છે કે હું કોઈ વૃદ્ધાશ્રમમાં રહેવા જાવ, જ્યાં મને મારી ઉંમરના વૃદ્ધોની કંપની મળે'

દીકરીઓને મારી વાત ગમી નહીં. એક દિવસ મારા માસી મળવા આવ્યાં. એ આ જ વૃદ્ધાશ્રમમાં રહેતાં હતાં. એમણે કહ્યું : 'અહીં બધું સરસ છે. મારી જીદ માનીને મારી દીકરીઓ અહીં બધુ જોઈ ગઈ. એમને સારું લાગ્યું એટલે મને અહીં મૂકી ગયા...'

મધુબહેન કહે છે, 'દીકરીઓના ઘેર ઓશિયાળું લાગે, જે મને ગમે નહીં તેથી મારી ખુશીથી અહીં આવી છું. દીકરીઓ વાર -તહેવારે મળવા આવે છે. જોઈતી ચીજવસ્તુઓ લાવી આપે છે. મને અહીં બહુ જ ગમે છે. સવારે મારી દિનચર્યા પતે પછી હું રસોડામાં મદદ કરવા માટે જાઉં.... સમવયસ્કો સાથે વાતો કરવી ગમે છે. ટી.વી.જોવાનું પણ મને ગમે. હું જીવીશ ત્યાં સુધી અહીં જ રહીશ. મને મુંબઈ ને એનું પ્રદૂષિત વાતાવરણ નથી ગમતું. અહીં તબિયત સારી રહે છે. શું ખાવું -શું બનાવવું એવું કોઈ ટેન્શન નહીં. દીકરીઓ પણ નચિંત થઈ ગઈ છે. મમ્મી ખુશ છે એટલે હવે એમને પણ કોઈ ટેન્શન નથી હું મારાં કામ બની શકે ત્યાં સુધી મારી મેળે જ કરું...'

વૃદ્ધાશ્રમમાં રહેનારા ખુશ ન હોય તે વાતનો છેદ મધુબહેન સાથે વાત કરતા ઊડી ગયો. ■

# લાડકી



## પહેલી એશિયન અમેરિકન પહેલી અશ્વેત ઉપરાષ્ટ્રપતિ

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

નામઃ કમલા હેરિસ
સ્થળઃ વોશિંગ્ટન ડીસી
સમયઃ ૨૦૨૪
ઉંમરઃ ૫૯ વર્ષ

અમેરિકાની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં હું પહેલી અશ્વેત મહિલા છું. એશિયન ઓરિજિન ધરાવતી પહેલી વાઈસ પ્રેસિડેન્ટ. હું જ્યારે વાઈસ પ્રેસિડેન્ટની ચૂંટણીમાં ઊભી હતી ત્યારે સૌને લાગતું હતું કે, અમેરિકન લોકો મને વોટ નહીં આપે... હું અમેરિકન મૂળની નથી માટે! પરંતુ, હવે મને એક વાત સમજાઈ ગઈ છે કે અમેરિકાની પ્રજા બુદ્ધિશાળી અને પોતાનો નિર્ણય જાતે કરનારી પ્રજા છે. અહીં સ્ત્રીઓનું સન્માન છે અને સ્ત્રી સ્વાતંત્ર્ય વિશે એક સ્પષ્ટ અને દ્રઢ માન્યતા છે. હું પણ આવી જ સ્વતંત્ર માન્યતાનો ઉછેર મેળવી શકી છું. મારી મા શ્યામલા ગોપાલન એક ઈન્ડિયન બાયોલોજીસ્ટ હતી. જેણે બ્રેસ્ટ કેન્સર પર ખૂબ મોટું રિસર્ચ કર્યું. ૧૯૫૮માં કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં એન્ડોક્રિનોલોજી ઉપર એણે પીએચડી કરવાનું શરૂ કર્યું. ૧૯૬૪માં એને ડોક્ટરેટ મળી ત્યારે એ મારા પિતા ડોનાલ્ડ હેરિસના પ્રેમમાં હતી. એ ઈકોનોમિક્સના પ્રોફેસર હતા અને મૂળ બ્રિટિશ જમૈકાના વતની હતા. એ સમયે અશ્વેત લોકોનું નાગરિક આંદોલન પુરજોશમાં ચાલતું હતું. એમની મુલાકાત મારી મા સાથે આવા એક આંદોલનની રેલીમાં થઈ. એ પછી એ લોકો નિયમિત રીતે મળવા લાગ્યા. પ્રેમમાં પડ્યા અને લગ્ન કર્યાં. હું અને મારી નાની બેન માયા મારા માતા-પિતાના ઉચ્ચ શિક્ષણ અને રિસર્ચ દરમિયાન પહેલાં બર્કલે અને પછી કેલિફોર્નિયામાં આવેલા ફ્લેટલેન્ડ્સ વિસ્તારમાં મોટાં થયાં. અહીંના મોટાભાગના લોકો અશ્વેત હતા. હું બાળપણથી જ અશ્વેત બાળકો માટે કામ કરવા માગતી હતી. હું ૭ વર્ષની હતી ત્યારે મારા માતા-પિતાના ડિવોર્સ થયા. મારા પિતા હેરિસ મને દર ઓલ્ટરનેટિવ વીકએન્ડ પર મળી શકતા. અમે એમને ઘરે જતાં ત્યારે મને અને મારી બેનને પડોશનાં બાળકો સાથે રમવાની છૂટ નહોતી કારણ કે, એ બધા અશ્વેત હતાં.

જોકે, મારી મા મને દર વર્ષે ભારત લઈ આવતી. મારા કાકા-કાકી, મામા-મામી અને મારા સંપૂર્ણ પરિવાર સાથે અમે સતત સંપર્કમાં રહ્યા. મારી માએ મને હિન્દુ ધર્મની ઓળખ કરાવી. અમે ચેન્નાઈનાં કેટલાંક મંદિરોમાં ગયા જ્યાં મેં હિન્દુ ધર્મ વિશે જાણ્યું. મારા નાના પી.વી. ગોપાલન હવે રિટાયર્ડ ભારતીય સિવિલ સેવક છે. એમણે મને હિન્દુ ધર્મની ઓળખ કરાવતી વાર્તાઓ કહી. મારી મા એ સમયમાં ભણે, અમેરિકા જાય એ માટે મારા નાનાએ ખૂબ પ્રયાસ કર્યો હતો. એમના વિચારો પ્રગતિશીલ હતા અને એ સિવિલ સર્વિસમાં હતા ત્યાં સુધી એમણે મહિલા ઉત્થાન માટે સારા એવા પ્રયાસ કર્યા હતા.

મારી મા સ્વતંત્ર વિચારની હતી. એ પોતાની કારકિર્દી વિશે સભાન અને પ્રતિબદ્ધ હતી. મારા પિતા ભણેલા અને પ્રોફેસર હતા, ખરેખર તો એમણે થોડા સ્વતંત્ર વિચાર રાખ્યા હોત તો સારું થાત, પરંતુ એ શ્વેત હોવાને કારણે એમના મનમાં અશ્વેત અને બ્રાઉન લોકો પ્રત્યે એક વિચિત્ર પ્રકારનો અણગમો હતો, જે સમય જતાં ધીરે ધીરે બહાર આવ્યો, અંતે મારા માતા-પિતાએ છૂટાછેડા લીધા.

આપણે ગમે તે કહીએ, પણ અમેરિકામાં હજીયે રંગભેદ તદ્દન



નાબૂદ થયો નથી. મારી સાથે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જે મારા પ્રતિદ્વંદ્વી છે, તે ડોનાલ્ડ ટ્રમ્પ પોતે પણ શ્વેત છે અને એમનો ઝુકાવ અથવા એમની નીતિ શ્વેત લોકો પરત્વે વધુ સહાનુભૂતિ ધરાવે છે.

વાઈસ પ્રેસિડેન્ટની ચૂંટણી પછી ડોનાલ્ડ ટ્રમ્પ અને જો બાયડેન સામસામે ઊભા હતા. રસાકસી ભરી ચૂંટણીમાં જો બાયડેન પાછા ખસી ગયા અને એમણે પોતાની જગ્યાએ પાર્ટીમાંથી મારું નામ સૂચવ્યું. લગભગ બધાને લાગ્યું કે, 'આ કોઈ ફેવર' છે. મને નવાઈ લાગી, કોઈ સ્ત્રીનું નામ સૂચવવામાં આવે તો એ 'ફેવર' હોય અને પુરુષનું નામ સૂચવવામાં આવ્યું હોત તો એ યોગ્ય કેન્ડિડેટ હોત?

આ વખતની અમેરિકન પ્રેસિડેન્ટની ચૂંટણીમાં રસાકસી થવાની છે. ગઈકાલના એક સર્વે મુજબ ટ્રમ્પથી ૧૬ ટકા વધુ લોકોએ મને સપોર્ટ કરવાની જાહેરાત કરી છે એટલું જ નહીં, પણ આ ચૂંટણી પર રમાતા સટ્ટામાં પણ ટ્રમ્પ કરતાં ૮ ટકા વધુ લોકો મારા નામની હિમાયત કરે છે. મેં જાહેરાત કરી છે કે, જો હું પ્રેસિડેન્ટ બનીશ તો ઘણા સમયથી પેન્ડિંગ પડેલા અનેક પ્રશ્નોને વાચા આપીશ. વાઈસ પ્રેસિડેન્ટ તરીકે પણ મેં સ્વાસ્થ્ય સેવામાં સુધાર જે લોકો ઈલિગલ દાખલ થાય છે એ લોકો માટે અમેરિકન નાગરિકતાનો નિયમ સરળ બનાવવાનો પ્રયાસ કર્યો છે. હથિયારો પર પ્રતિબંધ મૂકવાની વાત અને વિદ્યાર્થીઓને-જે પ્રથમવાર ગુનામાં પકડાયા છે એમને સોશિયલ સર્વિસ, રિહેબિલિટેશન અને પરિવારમાં પાછા સ્વીકારવાના પ્રયાસો હું કરતી રહી છું.

જાહેરજીવનમાં પ્રવેશવાનો મારો નિર્ણય બહુ નાની ઉંમરે થઈ ચૂક્યો હતો. હું હેસ્ટિંગ્ઝ કોલેજમાં લો ભણતી હતી ત્યારે જ મને સાન ફ્રાન્સિસ્કોમાં ડિસ્ટ્રિક્ટ એટર્ની કાર્યાલયમાં નોકરી મળી ગઈ. એ પછી અલ્મેડા કાઉન્ટી ડિસ્ટ્રિક્ટ એટર્ની કાર્યાલયમાં મેં ઈન્ટર્નશિપ કરી હતી, એટલે હું મારું કામ જાણતી હતી. એ જ વખતે ૨૦૦૩માં મને પ્રમોશન મળ્યું અને હું ડિસ્ટ્રિક્ટ એટર્ની તરીકે ચૂંટાઈ. ૨૦૧૦માં કેલિફોર્નિયાની એટર્ની અને ૨૦૧૪માં ફરીથી એ જ પદ માટે હું ચૂંટાઈ... ૨૦૧૭થી ૨૧ સુધી કેલિફોર્નિયામાંથી યુનાઈટેડ સ્ટેટ્સના જુનિયર સેનેટર તરીકે જવાબદારી નિભાવ્યા પછી મેં સેનેટની ચૂંટણીમાં ભાગ લીધો અને લોરેટા સાન્ચેઝને હરાવ્યા.

૨૦૨૦માં ડેમોક્રેટીક રાષ્ટ્રપતિ પદમાં મારે ભાગ લેવો હતો, પરંતુ મને પ્રાયમરીના પહેલાં રનમાં જ બહાર કાઢી નાખવામાં આવી. હું જાણું છું કે એ વખતે કોઈને મારા ગુણો કે આવડત જાણવામાં રસ નહોતો. 'મેન્સ ક્લબ'માં કોઈ એક સ્ત્રી દાખલ થાય એ કોઈને મંજૂર નહોતું, કદાચ. એ પહેલાંના રાષ્ટ્રપતિ જો બાયડેને ઓગસ્ટ, ૨૦૨૦માં મને પોતાની સાથે રાખવાની જાહેરાત કરી અને અમે સાથે મળીને ૨૦૨૦ની ચૂંટણી જીત્યા. ૨૦ જાન્યુઆરી, ૨૦૨૧ના દિવસે મેં ઉપરાષ્ટ્રપતિની શપથ લીધી, ત્યારે જ નક્કી કરી લીધું હતું કે, આવનારી ચૂંટણીમાં હું રાષ્ટ્રપતિપદ માટે મારી જાતને તૈયાર કરીશ! આજે હું ડોનાલ્ડ ટ્રમ્પની સામે અમેરિકાના રાષ્ટ્રપતિપદની ચૂંટણી લડી રહી છું. નવાઈની વાત એ છે કે, મારી વિરુદ્ધ જ્યારે કોઈ વિગતો નથી મળતી, ત્યારે મારા ચારિત્ર્ય ઉપર આંગળી ચીંધવામાં આવી છે.

ગઈકાલે ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના જાહેર ભાષણમાં મારા એક્સ બોયફ્રેન્ડનો ઉલ્લેખ કર્યો. સાથે એવું પણ કહ્યું કે, મારા એક્સ બોયફ્રેન્ડે ડોનાલ્ડ ટ્રમ્પને મારા વિશે કેટલીક ખરાબ વાતો કહી છે... કહી હશે! હું એનો વિરોધ નથી કરતી. દુનિયાનો કોઈપણ સંબંધ તૂટી જાય એ પછી બંને વ્યક્તિઓને એકબીજા વિશે ફરિયાદ હોય જ! હું જ્યારે વિલિ બ્રાઉનને મળી ત્યારે ૨૭ વર્ષની હતી અને વિલિ ૬૦ વર્ષના. એ કેલિફોર્નિયાના મેયર હતા. અમે એક પાર્ટીમાં મળ્યા હતા. હું સિંગલ હતી અને એમના ડિવોર્સને ૧૦ વર્ષ થઈ ચૂક્યા હતા. અમેરિકા જેવા દેશમાં બે સિંગલ લોકો એકબીજાને મળે, ડેટ કરે કે એકબીજા સાથે સમય વિતાવે એમાં કોઈને કશું ખોટું નથી લાગતું! વિલિ બ્રાઉન અને હું બહુ સારા મિત્રો રહી ચૂક્યા છીએ. મારી કારકિર્દી ઘડવામાં એમનો ઘણો મોટો હાથ છે એ વાત મેં હંમેશાં આદરપૂર્વક સ્વીકારી છે, પરંતુ કારકિર્દી એની જ ઘડી શકાય જેનામાં કોઈ ટેલેન્ટ, આવડત અને આગળ વધવાની ધગશ હોય... એમણે મારામાં આવા કોઈ ગુણો જોયા હશે તો જ મારી મદદ કરી હશે ને!

આમ પણ કોઈ સ્ત્રી જ્યારે સડસડાટ પોતાની કારકિર્દીનાં પગથિયાં ચઢતી હોય ત્યારે સામાન્ય રીતે સૌને એવું લાગે છે કે, એણે પોતાના સ્ત્રીત્વનો કે શરીરનો ઉપયોગ કરીને આગળ વધવા માટે કોઈ 'મોટા' અને 'વગદાર' માણસની મદદ લીધી હશે. આમ જોવા જઈએ તો પુરુષો પણ આવું નથી કરતા? ચાપલુસી, ચમચાગીરી, કોઈના ખોટા કામમાં સહકાર આપીને આગળ નથી વધતા? તો પછી, માત્ર સ્ત્રી ઉપર જ પ્રશ્નાર્થચિહ્ન કેમ લગાડવામાં આવે છે? દરેક સફળ માણસનો કોઈ મેન્ટોર હોય જ છે, પરંતુ પુરુષને એ વિશે કોઈ કશું કહેતું નથી.

હું ડરતી નથી. હાર-જીત તો રાજકારણમાં ચાલ્યા કરે, પરંતુ જો હું જીતીશ તો મેં આપેલાં વચનો ચોક્કસ પૂરાં કરીશ. અત્યારે પણ હું જે કામ કરી રહી છું એમાં કોઈ ખુશ નથી કારણ કે, મેં અનેક લોકોને મારા દુશ્મન બનાવ્યા છે. (ક્રમશઃ)■

## અંગરક્ષકો નિયુક્ત કરનાર પ્રથમ અભિનેત્રીઃ મધુબાલા

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com



એક એવી મશહૂર અભિનેત્રી જે અંગરક્ષકો નિયુક્ત કરનાર પહેલી સિનેતારિકા હતી, જેણે પોતાના મહેલ જેવા બંગલામાં અઢાર અલ્સેશિયન કૂતરા પાળેલા, જેના પ્રાંગણમાં બ્યૂક, શેવરોલેટ, સ્ટેશન વેગન, હિલમેન અને ટાઉન ઇન કંટ્રી એમ પાંચ મોંઘેરી ગાડીઓ ખડી રહેતી અને જે દાનની રાણી તરીકે પણ ઓળખાતી.... બોલો, આ સિતારાની ઓળખાણ પડે છે?

જો ઓળખાણ ન પડે તો એનો બીજો પરિચય આ રહ્યોઃ એ ભારતીય સિનેમાની સૌથી ખૂબસૂરત અભિનેત્રી હતી, રૂપેરી સૃષ્ટિની વીનસ એટલે કે સૌંદર્યની પહેલી દેવી હતી, સિલ્વર સ્ક્રીનની સુંદરી હતી, એની મનમોહક મુસ્કાન દુનિયાનું સૌથી સુંદર સ્મિત ગણાય છે અને અનારકલી તરીકે એ લોકોના દિલમાં ઘર કરી બેઠી છે !

હા, એ જ. બરાબર ઓળખી. એનું નામ મધુબાલા. ભારતીય સિનેમાનો ઝળહળતો ને ઝગમગતો સિતારો. મધુબાલાનો દેખાવ જેટલો ખૂબસૂરત હતો, એટલું જ ખૂબસૂરત એનું દિલ પણ હતું. દાન કરવામાં એ પાછીપાની ન કરતી. ૧૯૫૦માં, મધુબાલાએ પોલિયોપીડિત બાળકો માટે અને જમ્મુ-કાશ્મીર રાહત કોષમાં પાંચ હજાર રૂપિયાનું દાન કરેલું. એ પછી પૂર્વ બંગાળના શરણાર્થીઓ માટે પચાસ હજાર રૂપિયાનું દાન કર્યું. એથી દાનવીર કે દાનની રાણી તરીકે એ જાણીતી થયેલી.

સંયોગ તો જુઓ. દાનની રાણી મધુબાલા એક સમયે રંક હતી. ૧૪ ફેબ્રુઆરી ૧૯૩૩ના દિલ્હીમાં આયશા બેગમ અને અતાઉલ્લા ખાનને ઘેર મુમતાઝ જહાં દેહલવી નામે મધુબાલાનો જન્મ થયેલો. અગિયાર ભાઈબહેનોમાં મુમતાઝ પાંચમા ક્રમાંકે. અતાઉલ્લા ખાન માટીનાં વાસણ બનાવવાનું કામ કરતા. પછી ઈમ્પિરિયલ ટોબેકો કંપનીમાં નોકરી મળી. પણ થોડા દિવસોમાં એ નોકરી ગઈ. મુમતાઝનું ખ્વાબ ફિલ્મ અભિનેત્રી બનવાનું હતું, પણ અતાઉલ્લા ખાનને એ પસંદ નહોતું. એ જ દિવસોમાં અતાઉલ્લા ખાનનો ભેટો કાશ્મીરવાલે બાબા નામે જાણીતા જ્યોતિષીએ મુમતાઝ વિશે ભવિષ્યવાણી કરી કે, આ દીકરી ખૂબ નામ અને દામ કમાશે.

બાબાની ભવિષ્યવાણીમાં અતાઉલ્લા ખાનને શ્રદ્ધા હતી. મુમતાઝને એની મરજી મુજબ આગળ વધવા દેવાનો નિર્ણય કર્યો. એ દિવસોમાં આકાશવાણીમાં બાળકો વિશે 'નિશાના ઔર શૃંગાર' નામનો કાર્યક્રમ યોજાતો. બેબી મુમતાઝનો એક કાર્યક્રમ પણ યોજાયેલો. સંગીતકાર ખુરશીદ અનવર કાર્યક્રમની પ્રસ્તુતિ કરતા. બેબી મુમતાઝનો કાર્યક્રમ હતો એ દિવસે સંગીતકાર મદનમોહનના પિતા રાયબહાદુર ચુન્નીલાલ દિલ્હી આવેલા. રાયબહાદુરની નજર બેબી મુમતાઝ પર ઠરી. એમણે એની ઓળખાણ બોમ્બે ટોકીઝની માલિકણ દેવિકા રાણી સાથે કરાવી. દેવિકા રાણીને બેબી મુમતાઝ ગમી ગઈ. એને ૧૯૪૨માં પહેલી ફિલ્મ 'બસંત' મળી. બસંત ૧૯૪૨ની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની. દેવિકા રાણીએ મુમતાઝનું નામ મધુબાલા કર્યું. અતાઉલ્લા ખાન પરિવાર સાથે દિલ્હીથી માયાનગરી મુંબઈમાં જઈ વસ્યા.

મુમતાઝ નામ સાથેની છેલ્લી ફિલ્મ ૧૯૪૭ની નીલકમલ હતી. રાજ કપૂર સાથેની આ ફિલ્મથી મધુબાલાને આગવી ઓળખ મળી. વીનસ ઓફ સિલ્વર સ્ક્રીન-સિનેમાની સૌંદર્યદેવીનું નામ મળ્યું. બે વર્ષ પછી કમાલ અમરોહી દ્વારા નિર્દેશિત ભારતીય સિનેમાની પહેલી હોરર ફિલ્મ મહલ આવી. મધુબાલા પર ફિલ્માવાયેલું 'આયેગા આયેગા આનેવાલા...' ખૂબ મશહૂર થયું. મહલ ફિલ્મ સાથે મુમતાઝ મધુબાલા બની ગઈ. પછીની એની બધી ફિલ્મો મધુબાલા નામે પ્રદર્શિત થઈ. મધુબાલા ઘરઘરમાં જાણીતી થઈ ગઈ.

જાણીતી મધુની કેટલીક અજાણી બાબતો : ઘેર બેઠાં હિંદી, ઉર્દૂ અને પશ્તૂનનું જ્ઞાન મેળવ્યા પછી મધુબાલાએ પૂર્વ અભિનેત્રી સુશીલારાણી પટેલ પાસે અંગ્રેજી શીખવાનું શરૂ કર્યું. માત્ર ત્રણ મહિનામાં ફાંકડું અંગ્રેજી બોલતાં શીખી. બાર વર્ષની ઉંમરે એ ડ્રાઈવિંગ શીખી ગયેલી. એ એક અચ્છી ચિત્રકાર હતી, સફળ અભિનેત્રી થયા પછી પેડર રોડ પર ભાડાનો બંગલો લીધો અને નામ રાખ્યું અરેબિયન વિલા. એની પાસે જે પાંચ ગાડી હતી, એમાં ટાઉન ઇન કંટ્રી એ સમયે માત્ર બે જણ પાસે હતી. ગ્વાલિયરના મહારાજા પાસે અને મધુબાલા પાસે. સિનેસૃષ્ટિમાં અંગરક્ષક રાખવાની પ્રથા મધુબાલાએ જ શરૂ કરેલી.... દિલ્હીમાં હતી ત્યારે લતીફ નામના છોકરાના પ્રેમમાં પડેલી. દિલ્હીથી મુંબઈ જતી વખતે પ્રેમના પ્રતીકરૂપે મધુએ લતીફને લાલ ગુલાબનું નજરાણું આપેલું.

મધુબાલાનો બીજો પ્રેમ કમાલ અમરોહી અને ત્રીજો પ્રેમ પ્રેમનાથ હતા. પછી દિલીપકુમાર. તરાના ફિલ્મના સેટ પર થયેલો બેયનો પરિચય પ્રણયરંગે રંગાયો. પણ એ પ્રણય લગ્ન સુધી ન પહોંચ્યો. બંનેનો સંબંધ તૂટી ગયો.

એક બાજુ સંબંધ સમાપ્ત થયો અને બીજી બાજુ મધુબાલાનું આયખું સમાપ્ત થઈ રહેલું. મુગલ-એ-આઝમના સેટ પર શૂટિંગ માટે એણે લગાતાર વજનદાર લોખંડની સાંકળોથી બંધાઈને રહેવું પડતું. પરિણામે એની સુંવાળી ત્વચા ઠેકઠેકાણે છોલાઈ ગયેલી. નજાકત જાળવી રાખવા એ માત્ર ઉકાળેલું પાણી પીતી. આખરે ફિલ્મ પૂરી થઈ. ૫ ઑગસ્ટ ૧૯૬૦ના ફિલ્મ પ્રદર્શિત થઈ અને સૌથી વધુ કમાણીનો વિક્રમ સર્જ્યો. અનારકલી મધુબાલા છવાઈ ગઈ.

દરમિયાન, મધુબાલાને લગ્નના ત્રણ પ્રસ્તાવ મળ્યા. ભારતભૂષણ, પ્રદીપકુમાર અને કિશોરકુમાર તરફથી. મધુબાલાએ પોતાની સખી નરગિસની સલાહ લીધી. નરગિસે ભારતભૂષણ સાથે લગ્ન કરવાની સલાહ આપી, પણ મધુબાલાએ કિશોરકુમાર પર પસંદગીનો કળશ ઢોળ્યો. બંનેએ લગ્ન કર્યાં. પણ પછી મધુની બીમારીને કારણે કિશોરકુમાર એનાથી દૂર થતા ગયા. મધુબાલા પોતાના અરેબિયન વિલામાં પાછી ફરી. એની તબિયત બગડતી ગઈ. નાકકાનમાંથી લોહી નીકળવા લાગ્યું. નબળાઈ આવવા લાગી. આખરે ૨૩ ફેબ્રુઆરી ૧૯૬૯ના સૌંદર્યનો સિતારો ખરી પડ્યો.

મધુબાલાના મૃત્યુ પછી આઈએએસ અધિકારી બની ચૂકેલા લતીફે સાચવી રાખેલું લાલ ગુલાબ એની કબર પર ચડાવી દીધું. એ પછી દર ૨૩ ફેબ્રુઆરીએ લતીફ મધુબાલાની કબર પર લાલ ગુલાબ ચડાવતા રહ્યા. એક લાલ ગુલાબ કબરની નીચે અને એક લાલ ગુલાબ કબરની ઉપર....! ■

## અકારણ ગુસ્સો શા માટે?

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

ધડામ!

જેવું નીશીનું આઈપેડ લઈ લેવામાં આવ્યું એ પછીના એક અઠવાડિયાની અંદર આ ત્રીજી ઘટના હતી, જેમાં એણે કોઈ વસ્તુનો છુટ્ટો ઘા કર્યો હોય.

મમ્મી કંઈક કહેવા જાય તો હમણા સુધી લગભગ દરેક વાતમાં હકારનો સૂર પુરાવતી નીશી હવે સામે બરાડા પાડતી અને પપ્પા ગુસ્સે થાય તો દરવાજો પછાડી સીધી બહાર ચાલી નીકળતી. ઘરમાં બધાંને એમ કે આપણે આઈપેડ નથી આપતા એટલે નશાની આદત માફક નીશી પરેશાન છે અને આવું ખરાબ વર્તન કરી રહી છે. અમુક અંશે આ ધારણા સાચી હતી તેમ છતાં બીજા એવાં ઘણાં કારણ હતાં કે જેને લીધે નીશી ધૂંધવાયેલી રહેતી. એને થઈ રહેલી પરેશાનીઓથી નીશી સિવાય ઘરમાં સહુ અજાણ હતાં.



'સોશ્યલ મીડિયા ક્વિન' ગણાતી નીશી અચાનક 'ઓનલાઈન ગુમ થઈ ગઈ છે' એ વાત વાયુવેગે એના ફ્રેન્ડસ અને સ્કૂલમેટ્સમાં પ્રસરી ગઈ હતી. નીશી તો ઠીક, પણ એના ફ્રેન્ડ- ફોલોઅર્સ માટે પણ આ નાનીસૂની ઘટના નહોતી એટલે એ સહુ પોતપોતાની સમજણ મુજબ અનુમાન બાંધી રહ્યા હતાં. અમુક એને ચીડવતા તો અમુક અફસોસ વ્યક્ત કરતા. કોઈ નીશી પર સવાલોનો મારો ચલાવતું તો કોઈ હવે જાણે એ મિત્રતાને લાયક ના હોય એમ વર્તતું. આવા જાણ્યા-અજાણ્યા ઈમોશન્સ એકીસાથે નીશીના માથે ઢગલો થતાં.એમાં નીશી અકળાયેલી રહેતી.

એક દિવસ રિસેસમાં બહાર નીકળતા પોતાના વગર ગ્રુપ ફોટોઝ લેતી ફ્રેન્ડ્સ પર નીશીનું ધ્યાન ગયું. એ ફટાફટ દોડીને પહોંચી તો એને આઘી હડસેલી દેવામાં આવી કે, 'તારું તો ઓનલાઈન અકાઉન્ટ જ નથી તો અમે તને ટેગ કંઈ રીતે કરીશું?'

છેલ્લા એકાદ-બે દિવસથી કલાસમાં 'બહેનજી' જેવા નામથી એને બોલાવવાનું પણ શરૂ થયું. એને કોઈ બર્થ-ડે પાર્ટીમાં ઈન્વાઈટ કરવામાં ના આવી. આ બધાથી ફાટફાટ થતાં મગજને નીશી શાંત કરે એવામાં કલાસ અસાઈન્મેન્ટ આપી દેવામાં આવ્યું. હવે આઈપેડ વગર પોતે શું કરશે એવો વિચાર ઝબકી ઉઠયો : ઓહ! નીશીએ બે હાથે પોતાનું માથું પકડી લીધું. આ બધું એનાથી એકસાથે હેન્ડલ થતું નહોતું. બહાર મિત્રોના વર્તનની તકલીફ અને ઘરમાં કોઈ એને સમજતું નથી એનો વસવસો. એમાં વળી તરુણાવસ્થામાં ઈમોશન્સ વ્યક્ત કરવાની અણઆવડત ભળી. અંતે નીશી અકારણ ગુસ્સાનું બીજું નામ થવા લાગી.

જોકે, આવો નાનો - મોટો સામાજિક બહિષ્કાર તરુણીઓ ઘણી વખત ભોગવતી હોય છે. મોટાભાગે તો એ સહન પણ કરી જતી હોય, પરંતુ નીશીના કિસ્સામાં ગુસ્સાનો પહાડ જ્વાળામુખીમાં ફેરવાઈ ગયો. ઘર પહોંચતાવેંત એક પછી એક જે કંઈ હાથમાં આવ્યું એ બધું નીશીના ગુસ્સાનો ભોગ બની જમીનદોસ્ત થઈ રહ્યું હતું. મમ્મીને જ્યારે લાગ્યું કે પરિસ્થિતિ કાબૂ બહાર જતી રહી છે ત્યારે એણે આસપાસમાં મદદ માગવાનું વિચાર્યું, પણ એવું કરવાથી નીશી વધુ વિફરી. અચાનક એનું ધ્યાન બારી બહાર પડયું. ઘર પાસે નાનું સરીખું ટોળું જમા થઈ ગયેલું એટલે મમ્મી પર વધુ ખીજ ચડી. ગુસ્સાથી થરથર કાંપતી એણે જાતને રૂમમાં બંધ કરી લીધી.

ઘરમાં મીટિંગનો દોર ચાલ્યો. નીશીને કોઈએ વાત કરવા કે પોતાની જાતને રજૂ કરવાની તક ના આપી. હવે વાત વધુ વણસે એ પહેલાં એને હોસ્ટેલમાં ભણવા મૂકી દેવાનો નિર્ણય લેવાઈ ગયોઃ 'પારકી મા જ કાન વીંધે' એવું સ્પષ્ટપણે માનતા વડીલોની અસ્પષ્ટ સમજણનું પરિણામ નીશીને અંતે ઘરથી દૂર ઢસડી ગયું.

નીશીથી થોડી નાની પણ એની જીગરજાન કઝિન એવી વિહાને ખબર પડી એટલે એણે નીશીને મળવા જવાની જીદ્દ ઉપાડી. રસ્તામાં બે-ત્રણ વાર એને પણ કહી દેવામાં આવ્યું કે જો વિહા હવેથી નહીં માને તો એને પણ નીશી માફક દૂર ભણવા મૂકી દેવાશે. જો કે, વિહાને હાલ કોઈ ચર્ચામાં રસ નહોતો એને તો બને એટલું જલ્દી નીશીને મળવું હતું. વિહાને જોઈ નીશી રોઈ પડી. વિહાના ખૂબ બધાં સવાલો સામે એટલું જ બોલી શકી કે કોઈને એની પરવાં નથી એટલે હવે મારે પણ કોઈ સાથે વાત નથી કરવી.

આવું લગભગ દરેક ટીન એજર સાથે બનતું હોય છે,જેને એમની આડોડાઈ કે ખરાબ વર્તન સાથે જોડી સતત એમને criticise કરવામાં આવે છે, પરંતુ ક્યારેય એવું વિચાર્યું છે કે આવું શા માટે થતું હશે?

ક્યારેક ટીવી પર પોતાનો ગમતો કાર્યક્રમ ન જોઈ શકાય કે ક્યારેક ભાવતી વાનગી જમવા નથી મળી કે ક્યારેક બહાર જવાનું કેન્સલ થયું છે તો ક્યારેક પોતાનું ધાર્યું સામેવાળાએ નથી કર્યું....આવાં કોઈપણ કારણોસર તુરંત જ વસ્તુઓનો ઘા કરતા, ગુસ્સે થતાં, બરાડા પાડતાં ટીનએજર્સ જોવા મળે એ આજકાલ બહુ સામાન્ય ઘટના બની ગઈ છે. અમુક ટીન્સ પોતાના ક્રોધ તેમજ આવેગોને બિલકુલ કાબૂમાં નથી રાખી શકતા. કોઈ બોલીને ખીજ ઉતારે તો કોઈ રિસાયને, ક્યારેક કોઈ મારામારી પર ઊતરી આવે અને અંતે પોતાની જાત, કરિયર, સંબંધો તેમજ જિંદગીને નુકસાન પહોંચાડી બેસે છે.

એક રીતે જોઈએ તો ગુસ્સો એ આપણી અંદર રહેલા અનેક ઈમોશન્સ-લાગણી-આવેગોમાંનો એક પ્રકાર છે. ટીનએજમાં ઘણાં તરુણોને આ ગુસ્સાને કેમ સાચવવો એ ના આવડતું હોય અનાયાસે જ મારામારી પર ઊતરી આવતાં હોય છે માટે જ, તરુણાવસ્થામાં આવા અકારણ-સકારણ ગુસ્સાને કાબૂ કરતા શીખવું ખૂબ જરૂરી છે. ટીનએજમાં આવતા અંતઃ સ્ત્રાવોના ફેરફારો પણ જરા અમસ્તી વાતમાં એમને emotionally vulnerable - ભાવનાત્મક રીતે સંવેદનશીલ બનાવી દે છે. એ સમયે ક્રોધ પર અંકુશ મૂકવા જેવું અઘરું પરંતુ અશક્ય નહીં એવું કામ કરવું ઘણું અગત્યનું છે .એ જો ન થાય તો નીશી માફક અકારણ ગુસ્સાનું ગંભીર પરિણામ ભોગવવાનો વખત પણ આવે ... ■

સ્પોર્ટ્સ વુમન
અજય મોતીવાલા
feedback.ladki@bombaysamachar.com

# હવે તો પહેલી વર્લ્ડ કપ ટ્રૉફી જીતી જ લાવજો

**ભારતીય મહિલાઓ ટી-૨૦ કે વન-ડેનો એકેય વિશ્વ કપ નથી જીતી. આજે યુએઈમાં શરૂ થાય છે ધમાકેદાર વિમેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ**

મહિલાઓ આજે દરેક ક્ષેત્રે પુરુષ સમોવડી થઈ ગઈ છે. સ્પોર્ટ્સમાં તો વાત જ શું કરવી! પૅરિસ ઑલિમ્પિક્સ હોય કે દિવ્યાંગ ઍથ્લીટો-ખેલાડીઓ માટેની પૅરિસ પૅરાલિમ્પિક્સ, મેડલ જીતવાની શરૂઆત મહિલાએ જ કરી હતી. જુલાઈમાં સમર ઑલિમ્પિક ગેમ્સમાં ભારતને પ્રથમ મેડલ શૂટર મનુ ભાકરે અપાવ્યો હતો, જ્યારે સપ્ટેમ્બરમાં પૅરાલિમ્પિક્સમાં પહેલો ભારતીય મેડલ શૂટર અવનિ લેખારા (ગોલ્ડ)એ અને શૂટર મોના અગરવાલ (બ્રૉન્ઝ)એ મેળવ્યો હતો. બન્ને ઑલિમ્પિક્સમાં ભારતીયોમાં મહિલા ઍથ્લીટોનું વર્ચસ્વ હતું. જોકે ભારતની સૌથી લોકપ્રિય રમત ક્રિકેટમાં મહિલાઓ હજી પુરુષની બરાબરીમાં નથી થઈ શકી, પરંતુ હવે આજથી એક મોકો મળી રહ્યો છે.

આજે યુનાઇટેડ આરબ અમીરાત (યુએઇ)માં મહિલાઓનો ટી-૨૦ વર્લ્ડ કપ શરૂ થઈ રહ્યો છે જેની ટ્રોફી જીતવા માટે ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડ ઉપરાંત ભારતની ટીમ પણ ફેવરિટ છે.

પુરુષોની ક્રિકેટમાં ભારતે વર્લ્ડ કપ જીતવાની શરૂઆત ૧૯૮૩માં કપિલ દેવના સુકાનમાં વન-ડે વિશ્વ કપની ટ્રોફી સાથે કરી હતી. ત્યાર બાદ મહેન્દ્રસિંહ ધોનીના સુકાનમાં ભારતે પહેલાં ટી-૨૦નો (૨૦૦૭માં) અને પછી વન-ડેનો (૨૦૧૧માં) વર્લ્ડ કપ જીતી લીધો હતો. મોટી ટ્રોફી વિનાના ૧૩ વર્ષના લાંબા ગાળા બાદ જૂન, ૨૦૨૪માં ભારતે રોહિત શર્માની કૅપ્ટન્સીમાં ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રોફી જીતીને દિગ્ગજ કૅપ્ટનોની પરંપરા ફરી શરૂ કરી હતી.

જોકે ભારતની મહિલા ક્રિકેટરો હજી સુધી વન-ડેમાં કે ટી-૨૦માં વર્લ્ડ કપનું ટાઇટલ નથી જીતી શકી. ભારતે મહિલા ક્રિકેટ જગતને મિતાલી રાજ, ઝુલન ગોસ્વામી વગેરે લેજન્ડ્સ આપી છે, પરંતુ એકેય વર્લ્ડ કપ ટ્રૉફી ભારતના હાથમાં નથી આવી. યુએઇમાં શરૂ થતા વિમેન્સ ટી-૨૦ વર્લ્ડ કપમાં હરમનપ્રીત કૌરની કૅપ્ટન્સીમાં અને સ્મૃતિ મંધાનાની વાઇસ-કૅપ્ટન્સીમાં ભારતની ટીમ યુએઇમાં રમવા ગઈ છે અને તેઓ ભારતને ઐતિહાસિક ચૅમ્પિયનપદ અપાવવા માટે સક્ષમ છે.

આ પહેલો વિમેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ છે જે તટસ્થ સ્થળે રમાવાનો છે. યુએઇમાં આ ટૂર્નામેન્ટ રમાવાની છે, પણ ૧૦ દેશની ટીમમાં યુએઇની ટીમ નથી. બાંગ્લાદેશમાં રાજકીય ઊથલપાથલ થતાં અભૂતપૂર્વ આંદોલન થયા જેને પગલે આ વર્લ્ડ કપ ત્યાંથી હટાવીને યુએઇમાં રાખવામાં આવ્યો છે. જોકે એમાં બાંગ્લાદેશની ટીમ રમવાની છે. સ્કૉટલૅન્ડની ટીમ પહેલી જ વાર મહિલાઓના વર્લ્ડ કપમાં જોવા મળશે.

વર્લ્ડ કપનો સમય પરફેક્ટ છે, કારણકે ઑક્ટોબરનો મહિનો એટલે યુએઇમાં ઠંડા વાતાવરણની શરૂઆતનો મહિનો. જોકે દિવસે તાપમાન ૩૦-પ્લસ ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે.

મહિલાઓના વન-ડે અને ટી-૨૦ વર્લ્ડ કપમાં ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડનું પ્રભુત્વ રહ્યું છે. વન-ડેના ૧૨માંથી સાત વર્લ્ડ કપ ઑસ્ટ્રેલિયાએ અને ચાર ઇંગ્લૅન્ડે જીત્યા છે અને એક વખત ન્યૂ ઝીલૅન્ડ ચૅમ્પિયન બન્યું છે. વિમેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ આઠ વાર રમાયા છે, જેમાંથી છ ઑસ્ટ્રેલિયાએ જીત્યા છે અને એક-એક વાર ઇંગ્લૅન્ડ તથા વેસ્ટ ઇન્ડિઝે વિજેતાપદ મેળવ્યું છે.

૧૯૯૭માં ભારતની મહિલા ટીમ વન-ડે વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં બે વાર (૧૯૯૭, ૨૦૦૦માં) પહોંચી હતી, પણ ટી-૨૦ વર્લ્ડ કપમાં ચાર-ચાર વાર (૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૮, ૨૦૨૩માં) સેમિમાં પહોંચવા છતાં ભારતની મહિલાઓ ટ્રોફી નથી જીતી શકી. આ અઠવાડિયે બન્ને વૉર્મ-અપ મૅચ જીતી લેનાર ભારતીય ટીમ પાસે આશા રાખીએ કે આ વખતે હરમનપ્રીત કૌર અને તેની ખેલાડીઓ વિમેન્સ ક્રિકેટની પ્રથમ ટ્રોફી સાથે ભારત પાછી આવશે. ■



### ચૅમ્પિયન ટીમને મળશે ૧૯.૬૫ કરોડ રૂપિયા

આઇસીસીએ મહિલાઓને પુરુષો જેટલી જ ઇનામીરકમ આપવાનો નિર્ણય લીધો ત્યાર પછીની આ પહેલી મહિલા ટૂર્નામેન્ટ છે, જેમાં તેમને પુરુષો જેટલું તોતિંગ ઇનામ મળશે. ચૅમ્પિયન બનનારી ટીમને ૨૩.૪૦ લાખ ડૉલર (અંદાજે ૧૯.૬૫ કરોડ રૂપિયા)નું પ્રથમ ઇનામ આપવામાં આવશે.

કોવિડ-પ્રેરિત લૉકડાઉન પછી ૨૦૨૩માં રમાયેલા ટી-૨૦ વર્લ્ડ કપમાં ઑસ્ટ્રેલિયાની ટીમ ચૅમ્પિયન બની ત્યારે તેને જે ઇનામીરકમ અપાઈ હતી એની સરખામણીમાં આ વખતની ઇનામીરકમનો ૧૩૪ ટકાનો વધારો કરાયો છે. રનર-અપ ટીમને ૧૧.૭૦ લાખ ડૉલર (૯.૮૩ કરોડ રૂપિયા)નું બીજું ઇનામ મળશે.

### ભારતની ટીમમાં કોણ-કોણ છે?

હરમનપ્રીત કૌર (કૅપ્ટન), સ્મૃતિ મંધાના (વાઇસ-કૅપ્ટન), રિચા ઘોષ (વિકેટકીપર), યસ્તિકા ભાટિયા (વિકેટકીપર), શેફાલી વર્મા, જેમાઇમા રૉડ્રિગ્સ, દીપ્તિ શર્મા, પૂજા વસ્ત્રાકર, દયાલન હેમલતા, શ્રેયંકા પાટીલ, સજીવન સજના, આશા શોભના, અરુંધતી રેડ્ડી, રેણુકા સિંહ અને રાધા યાદવ.

### કયા ગ્રૂપમાં કઈ ટીમ?

**ગ્રૂપ-એઃ**
ભારત, ઑસ્ટ્રેલિયા, પાકિસ્તાન, ન્યૂ ઝીલૅન્ડ, શ્રીલંકા.
**ગ્રૂપ-બીઃ**
ઇંગ્લૅન્ડ, સાઉથ આફ્રિકા, વેસ્ટ ઇન્ડિઝ, બાંગ્લાદેશ, સ્કૉટલૅન્ડ.

### ટૂર્નામેન્ટનું ફૉર્મેટ કેવું છે?

બે ગ્રૂપમાં પાંચ-પાંચ ટીમ છે. પ્રત્યેક ગ્રૂપમાંની દરેક ટીમ એકમેક સામે એક-એક લીગ મૅચ રમશે. બેઉ ગ્રૂપની ટોચની બે-બે ટીમ સેમિ ફાઇનલમાં જશે. સેમિ ફાઇનલ દુબઈ તથા શારજાહમાં રમાશે. ૨૦ ઑક્ટોબરની ફાઇનલ દુબઈમાં રમાવાની છે.

નૉકઆઉટ રાઉન્ડની દરેક મૅચ માટે રિઝર્વ-ડે રાખવામાં આવ્યો છે.

### આ વર્લ્ડ કપની વધુ રસપ્રદ વાતો

(૧) પહેલી જ વખત ન્યૂટ્રલ સ્થળે (યુએઇમાં) મહિલાઓનો ટી-૨૦ વર્લ્ડ કપ રમાવાનો છે.

(૨) આ ટૂર્નામેન્ટમાં જે ૧૦ દેશની ટીમ રમાવાની છે એમાંની એક પણ ટીમની ટી-૨૦ મૅચ ક્યારેય દુબઈમાં નથી રમાઈ. આ વખતે પહેલી જ વાર રમાશે.

(૩) શારજાહમાં ૨૪ વર્ષમાં પહેલી વાર ભારતીય ક્રિકેટ ટીમ રમતી જોવા મળશે. ભારતની ટીમ શારજાહમાં રમી હોય એવું છેલ્લે ૨૦૦૦માં બન્યું હતું.

### ભારત-પાકિસ્તાનની હાઇ-વૉલ્ટેજ ટક્કર ક્યારે?

ભારતની પ્રથમ લીગ મૅચ ન્યૂ ઝીલૅન્ડ સામે શુક્રવાર, ૪ ઑક્ટોબરે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) રમાશે. ભારતની બીજી મૅચ પાકિસ્તાન સામે છે જે રવિવાર, ૬ ઑક્ટોબરે (બપારે ૩.૩૦ વાગ્યાથી) રમાશે. ભારતની ત્રીજી મૅચ શ્રીલંકા સામે બુધવાર, ૯ ઑક્ટોબરે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) અને ચોથી મૅચ ઑસ્ટ્રેલિયા સામે રવિવાર, ૧૩ ઑક્ટોબરે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) રમાશે.

વિશેષ
નિધિ શુકલા
feedback.ladki@bombaysamachar.com

# છોકરી એના સાસરિયાઓને પોતાનું ઘર માને છે...

## પણ છોકરાઓ કેમ એવું નથી માનતા?

આપણે નાનપણથી ઘણી વાર આ સાંભળ્યું છે કે દીકરીઓ બીજાની સંપત્તિ છે, સાસરીનું ઘર તેનું અસલી ઘર છે, પણ છોકરાઓ માટે આ વાતો કેમ નથી કહેવાતી?

ભારતીય સમાજમાં, લગ્ન જીવનનો એક મહત્ત્વપૂર્ણ તબક્કો છે, જેમાં પરિવારો એકબીજા સાથે જોડાય છે, ઘણી વખત છોકરીઓ લગ્ન પછી તેમનાં સાસરિયાનાં ઘરને પોતાનું ઘર માનવા લાગે છે, પરંતુ છોકરાઓ તેમના સાસરિયાનાં ઘરને પોતાનું ઘર માનવા લાગે છે. વ્યક્તિને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. ચાલો આ શા માટે થાય છે તે સમજવાનો પ્રયત્ન કરીએ.

### સંસ્કારો અને પરંપરાઓ

ભારતીય સમાજમાં, સાસરે ગયા પછી, છોકરીઓ તેને સ્વીકારવા અને નવી ભૂમિકાઓ ભજવવા માટે તૈયાર થાય છે. નાનપણથી જ તેમને શીખવવામાં આવે છે કે તેઓએ તેમના સાસરિયાઓનાં રિવાજો અને પરંપરાઓનું પાલન કરવું જોઈએ. તેનાથી વિપરીત, છોકરાઓને તેમના માતાપિતાના ઘરે રહેવાની ટેવ હોય છે. તેમના માટે, તેમના સાસરિયાનાં ઘરે જવાનો અર્થ એ છે કે તેમના જીવનમાં એક મોટો ફેરફાર સ્વીકારવો, જે ક્યારેક પડકારરૂપ બની શકે છે. જમાઈને સમાજમાં સાનુકૂળ રીતે જોવામાં આવતા નથી.

### ભાવનાત્મક જોડાણ

છોકરીઓ માટે પોતાનું ઘર છોડીને નવા ઘરમાં જવાનું એ ભાવનાત્મક પ્રવાસ છે. તે ઘણીવાર તેના પતિના પરિવાર સાથે જોડાવા પ્રયાસ કરે છે અને ધીમે ધીમે તેના સાસરિયાઓને પોતાનું ઘર માનવા લાગે છે. જ્યારે છોકરાઓ તેમના માતા-પિતાના ઘરમાં જ રહે છે અને તેમના સાસરિયાઓની અલગથી સંભાળ રાખે છે. આ જ કારણ છે કે અમે અમારા સાસરિયાં સાથે ઊંડા ભાવનાત્મક સંબંધો બાંધી શકતા નથી.



### સામાજિક અપેક્ષાઓ

ભારતીય સમાજમાં, છોકરાઓ પર પરિવારને ટેકો આપવા અને તેમના માતાપિતાની સંભાળ રાખવાનું દબાણ છે. આ કારણે છોકરાઓ ઘણીવાર તેમની પત્નીના પરિવારથી દૂર રહે છે અને તેમના સાસરિયાઓને સ્વીકારવામાં અસ્વસ્થતા અનુભવે છે. જ્યારે છોકરીઓ તેમના સાસરિયાનાં ઘરને પોતાનું ઘર બનાવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

### સમય પસાર કરવો

લગ્ન પછી છોકરીઓએ આખી જિંદગી સાસરીમાં વિતાવવી પડે છે અને ક્યારેક મામાના ઘરે પણ જવું પડે છે, આથી નવવધૂને પોતાનું ઘર માનવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. તેનાથી વિપરિત છોકરાઓ સાસરિયામાં બહુ ઓછો સમય વિતાવે છે. ત્યાં બહુ ઓછો સમય વિતાવવાને કારણે તેમના માટે તેને પોતાનું ઘર માનવું મુશ્કેલ છે. ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# બાપ્પા તો ગયા હવે સફાઈ કરી નાખું?

હજી તો બાપ્પા શેરીના નાકે પણ પહોંચ્યા નહોતા. હજી તો ગણપતિ બાપ્પાનું વિસર્જન પણ થયું નહોતું. ત્યાં તો કામવાળાબહેન મારી સામે આવીને ફોજદારની અદામાં ઊભાં રહ્યાંઃ 'તે હવે બાપ્પામાંથી પરવાર્યાં હોય, તો ઘરનાં જાળાં બાળાં પાડવાનું શરૂ કરી દઉં? પછી કે'તા ની કે મેં તમને પહેલાં પૂછ્યું નહોતું.'

હું કામવાળા લખીબહેનનો પ્રસ્તાવ સાંભળીને પહેલાં તો સાવ ચકભમ જ થઈ ગઈઃ 'લખીબહેન, હજી તો બાપ્પાની વિદાયનાં આંસુ સુકાયાં નથી અને હજી તો પેલાં અંબા, કાળી, બહુચરા ઘરના દ્વારે આવીને ઊભાં ઊભાં પૂછે છે કે, અલીઓ, નવરાત્રિની તૈયારી કરી કે નહીં? ઘરમાં દીવડા, માટલી, સાથિયા, દિવેલ, ગલગોટા, શણગાર, ગરબાની તૈયારી રૂપે ચણિયાચોળી, વગેરે સામાન લાવ્યાં કે નહીં? નવરાત્રિને બહાને પતિદેવનાં ખિસ્સા ખાલી કરાવી દો ને એ પછી દિવાળીને બહાને તો ક્રેડિટ કાર્ડ જ પડાવી લેજો. પછી કે'તી નહીં કે માડી, તમે પૈસા પડાવવાનો આઇડિયા તો આપ્યો જ નહોતો!'

'તેં મેં (હું) કંઈ ની જાનું (જાણું). મેં તો એતલું જ જાનું કે વેલો તે પેલો... તમારે દરવાજે જેમ અંબા, કાળી, બહુચરા નવરાત્રિ હારુ ટકોરા મારે છે, તેમ મારા બારણે હો વારંવાર ટકોરા પડે છે. તમારી જેમ આજુબાજુવાળી રમાબેન ને નેહાબેન-તમારી હામેવાળી સુધા ને ગંગા.... લગભગ આખા મહોલ્લાની બધી જ બહેનોની દિવાળી ઑફર આવી ગઈ છે'.

'એટલે?'

'એટલે એમ કે રમાબહેને દિવાળી કામના ત્રણ હજાર આપવા અને મન ફાવે ત્યારે કામ શરૂ કરવાની ઑફર આપી છે. ગંગાને ખબર પડતાં કલાક પછી મારે દ્વારે ગંગામૈયા પધાર્યાંને ચાર હજારની ઑફર તેમજ મને મન ફાવે ત્યારથી કામ કરવાની ઑફર આપી છે.... સુધાબહેન - રમાબહેનના ફોન આવી ગયા. એમણે શું કહ્યું તે સાંભળવું છે?'

'હા, બોલને... '

'તમારાથી હંભળાહે ની...'

'તું તારે બોલ. મારી ફિકર નહીં કર.'

'તો હાંભળો. એ બેવ બેનોએ કીધું કે અમે તારી હેઠાણી જેવાં કંજૂસ નથી.બાકી અમારાં ઘરનાં કામ કરે તો તને ચા-પાણી, નાસ્તો, જમવાનું ને વારે તહેવારે સાડી, મીઠાઈ વગેરે તો અમે આપતાં જ રહીશું. જતાં જતાં કહી ગયાં કે તું શાંતિથી વિચારીને કહેજે ! '

'જુઓ લખીબહેન, તમે ખૂબ વરસોથી મારે ઘરે કામ કરો છો એટલે તમને આપણા ઘરની બધી સિસ્ટમ ખબર જ છે અને અમારો સ્વભાવ પણ. હા, તમને ત્યાં વધારે પૈસા આપતાં હોય અને સાડી, મીઠાઈ મળતાં હોય તો તમે ત્યાં કામ બાંધી લ્યો. હવે તો એવી એજન્સી નીકળી છે, જે જ્યારે જોઈએ અને જેવાં જોઈએ એવાં કામવાળા મોકલે છે. ફટાફટ ઘર ચકાચક...! કાચ જેવું ચોખ્ખું કરી આપે છે. કલાક પ્રમાણે પૈસા અને કામ પછી એ છુટ્ટા અને અમે પણ છુટ્ટા. પાછું એ તો જે સમય આપો એ સમયે હાજર! ને તમે લોકો તો રાહ જોવડાવી જોવડાવીને અમારું ટેન્શન વધારી દો છો. ઇન્સ્ટન્ટ ઢોકળાની જેમ ઇન્સ્ટન્ટ કામવાળા! એક ફોન કરો કે હાજર!'

'તત... ફફ...' કરતાં લખીબહેન બોલ્યાંઃ

તે હું ક્યાં તમને નથી જાણતી... તમારો સ્વભાવ ક્યાં અને એ બધીઓનો સ્વભાવ ક્યાં! વરહો જૂનું કામ છોડી એવા આજ કાલનાં આવેલાંઓને ત્યાં કોણ કામ કરવા જાય.? આ તો આ કાને હાંભળવાનું ને બીજે કાને કાઢી નાખવાનું.... બાકી તમારાં જેવા દયાળુ અને ભક્તિભાવવાળાં હેઠ-હેઠાણી ક્યાં મળવાનાં? દીવો લઈને હોધવા જાવ, તો હો ની મલે. ગયે વરહે તમે દિવાળી પેલાં ખાલી એક જ વાર કીધું એટલામાં દહ હજારનો ઉપાડ આપેલો! બાકી આ જમાનામાં કોણ આમ ફટ દઈને ઉપાડ આપે છે? મેં તો સુધાબહેન ને રમાબહેનને ફટ દઈને સંભળાવી દીધેલું કે, અમારાં હેઠ-હેઠાણી બેવ તો ભગવાનના માણહ... જ્યારે જ્યારે હું ભીડમાં હોઉં ત્યારે ત્યારે ફટ દઈને ઉપાડ આપે છે એટલે એમનાં ઘરનું કામ તો તમે દહ હજાર પગાર આપો તો હો હું ની જ છોડું.!'



'છતાં લખીબેન, એક વાત કહું?'

'તે કહો ને...'

'તો હાંભળો. રમાબહેન તેમજ સુધાબહેનની કામવાળી કાલે તમારા ગયા પછી આપણા ઘરે આવેલી.'

'કેમ મૂઈ આપણા ઘરે આવેલી?'

'એને આપણા ઘરે કામ બાંધવું છે. એ કહેતી હતી કે, આખી સોસાયટીમાં તમારાં ઘરે જ બધી વાતની શાંતિ છે. ભલે તમે મને લખી કરતાં હો-બહો રૂપિયા ઓછા આપજો.... પણ અમને લખીની જગ્યાએ કામ આપો.' મેં કીધુંઃ 'પણ મારાથી વારેવારે સાડી, મીઠાઈ વગેરે નહીં અપાશે, તો ચાલશે? અને હા, વારેવારે ઉપાડ પણ નહીં અપાશે તો ચાલશે?'

'હેં... તે તમે એને હું જવાબ આપ્યો?'

મેં હજી કાંઈ કીધું નથી. લખીબહેન, મને થયું કે તમે વરસોથી કામ કરો છો તો તમને પહેલાં પૂછી લઉં. તમને હવે ભેટ-સોગાદ અને ઉપાડ લેવા રમાબહેન ને સુધાબહેનનાં ઘરે કામ કરવું હોય તો એમનાં ઘરની કામવાળીને હું આપણા ઘરે રાખી લઉં અને તમે સાડી, મીઠાઈ આપે એવાં ભલા બેનને ત્યાં...'

'મને એવી એમની પેરેલી જૂની હાડી ને વાહી મીઠાઈ નથી જોઈતી. એ બેવના હાથ ટાંટિયા મારે જ તોડવા પડહે. હામી દિવાળીએ મારું આટલું હારું, ખટપટ વિનાનું કામ હડપ કરવું છે... અરે! તમે હું જાણો... એ બેવના ઘરમાં તો ટોપલા ભરી ભરીને વાહણ ઘહવાનાં ને ડોલચાં ભરી ભરીને કપડાં ધોતાં બધીઓ વાંકી વળી ગઈ છે. જે કામ કરે તે બે મહિનામાં કામ કરી કરીને માંદી પડી જાય છે. મૂઈ મારાં કામ પર નજર બગાડે છે! પણ મને તો હારી રીતે ખબર કે તમને મારા વગર કોઈના હાથનું કામ ગમવાનું જ નથી. આટલા વરહથી કામ કરું છું. એટલે જ તમે દર દિવાળીએ દહ હજારનો ઉપાડ હો હસતાં હસતાં આપો છો... તે ધીરે ધીરે પગારમાંથી કાપી લેવાનો... તમારી હારી ભાવના હું ક્યાં નથી જાણતી? હવે તો તમે કેહો ત્યારથી દિવાળીનું કામ ચાલુ કરહું. ખરું ને?!'

ટૂંકમાં અમારાં લખીબહેન LBW થઈને બેક ટુ પેવેલિયન! ■

# માત્ર મેકઅપ કરવો જ નહીં, પરંતુ રિમૂવ કરવો પણ અગત્યનું છે

આપણે જ્યારે પણ કોઈ પાર્ટી કે ફંક્શન માટે તૈયાર થવા માટે અનેક દિવસો પહેલા તૈયારીઓ શરૂ કરી દઈએ છીએ. મેક અપ માટે જો આપણે પાર્લર જવું હોય તો એમાં ઘણો સમય લાગે છે. ફંકશન પૂરું થયા બાદ એ હેવી મેક અપ સાથે આપણે જ્યારે ઘરે આવીએ છીએ, તો આપણે એ ભૂલી જઈએ છીએ કે મેક અપ પણ રિમૂવ કરવાનો છે. મેક અપ જો આખી રાત ચહેરા પર રહે તો ચહેરા પર એના નિશાન પડી જાય છે. સાથે જ એના કારણે ચહેરા પર ખીલ પણ આવે છે. જો યોગ્ય રીતે મેક અપ હટાવવામાં આવે તો ચહેરાના છીદ્રો ખૂલી જાય છે અને ત્વચામાં ચમક આવે છે. મેક અપ હટાવવા માટે આપણે શું શું કરવું જોઈએ એના પર એક નજર નાખીએ.

### મેક અપ કઈ રીતે રિમૂવ કરવો

મેક અપ હટાવવા માટે આપણે ફેસવૉશ, પેટ્રોલિયમ જેલી, મોશ્ચરાઇઝર, ક્લીંઝર, આઇ મેક અપ રિમૂવર અથવા તો બેબી ઑઇલની જરૂર પડે છે.

### આંખોનો મેક અપ કેવી રીતે હટાવવો

આંખોના મેક અપ માટે આપણે મસ્કરા, આઇશેડો અને આઇલાઇનરનો ઉપયોગ કરીએ છીએ. એને સાફ કરવા માટે આંખો અને એની આસપાસ રૂ વડે મેક અપ રિમૂવર લગાવવું, જેથી મસ્કરા સારી રીતે સાફ થઈ શકે. એના માટે બેબી ઑઇલના ટીપાં રૂ પર નાખીને મેક અપ હટાવી શકાય છે.

**ચહેરાનો મેક અપઃ** ચહેરાનો મેક અપ હટાવવા માટે હલકા હાથેથી ચહેરાને ધોવો એનાથી મેક અપ નીકળી જશે અને ચહેરાના છીદ્રો ખૂલી જશે.

**લિપસ્ટિકઃ** લિપસ્ટિક હટાવવા માટે પેટ્રોલિયમ જેલીનો ઉપયોગ કરવો. જો પેટ્રોલિયમ જેલીને કારણે હોઠ ડ્રાય થઈ જાય તો લિપ બામ લગાવવો. એનાથી હોઠ મુલાયમ બને છે.

**ચહેરા પર સ્ટીમ લેવીઃ** જો તમે વોટરપ્રૂફ મેક અપ કરતા હોવ તો મેક અપ હટાવવા માટે ચહેરા પર બાફ લેવી એ પણ એક ક્લીંઝર જ છે, જે સ્કીનની અંદર જઈને સફાઈ કરે છે. બાફ લીધા બાદ ચહેરાને કોટન પેડથી લૂંછી લેવો. એનાથી પણ છીદ્રો ખૂલી જાય છે.

**મોશ્ચરાઈઝરઃ** ચહેરો ધોયા બાદ મોશ્ચરાઇઝર લગાવવું જોઈએ. એનાથી સ્કીનની ડ્રાયનેસ ઓછી થાય છે. મેક અપ ઉતાર્યાં બાદ આંખો પર ઠંડું પાણી છાંટવું. એનાથી ઘણો આરામ મળે છે.

- નીલોફર શર્મા ■




# શનિવારથી મધ્ય રેલવેમાં અમલી બનશે નવું ટાઈમટેબલ, હાલાકી ઘટવાની અપેક્ષા

## મેલ એક્સપ્રેસ ટ્રેનોના સમયમાં ફેરફાર થશે, નવી ટ્રેનોની સર્વિસમાં થશે વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ રેલવેમાં બારમી ઑક્ટોબરથી નવું ટાઈમટેબલ અમલી બની રહ્યું છે ત્યારે શનિવારથી મધ્ય રેલવેમાં નવું ટાઈમટેબલ આવી રહ્યું છે, જેમાં લોકલ ટ્રેનોની સાથે મેલ-એક્સપ્રેસ ટ્રેનોના સમયમાં પણ ફેરફાર થશે. પાંચમી ઑક્ટોબરના શનિવારથી અમલી બનતા નવા ટાઈમટેબલમાં ઘણા બધા ફેરફાર કરવામાં આવ્યા છે, જેમાં અમુક ટ્રેનોને એક્સટેન્ડ કરવાની સાથે અમુક સ્ટેશનો પરથી ઉપડનારી અને સમાપ્ત થનારી ટ્રેનોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

**સીએસએમટીના બદલે દાદરથી ટ્રેનો મળશે**

મધ્ય રેલવેમાં સીએસએમટીના બદલે દાદરથી ૨૦ ફાસ્ટ લોકલ ટ્રેન શરૂ થશે, જેથી પશ્ચિમ રેલવેમાંથી ટ્રાવેલ કરનારા પ્રવાસીઓને પણ લોકલ ટ્રેનમાં સીટ મળવાના ચાન્સ રહેશે. સીએસએમટીના બદલે દાદરથી ટ્રેનો ઉપાડવાને કારણે સીએસએમટીમાં પ્રવાસીઓની ભીડ ઓછી થશે. આ ફાસ્ટ લોકલ ટ્રેનોને હાલના અગિયાર નંબરના પ્લેટફોર્મ પરથી ઉપલબ્ધ રહેશે.

૮૩ જેટલી લોકલ ટ્રેનના ટાઈમમાં ફેરફાર કરવામાં આવ્યા છે. ૨૪ દાદરથી ઉપડતી (ટર્મિનેટ) લોકલ ટ્રેનોને હવે પરેલ સુધી એસ્ટેન્ડ કરવામાં આવી છે, જ્યારે છ થાણેથી ઉપડતી (ટર્મિનેટ) થનારી ટ્રેનોને કલ્યાણ સુધી લંબાવવામાં આવી છે. પાંચમી ઑક્ટોબરથી અમલી બનનારા નવા ટાઈમટેબલમાં ૧૦ નવી ટ્રેનને થાણે અને કલ્યાણ વચ્ચે શરૂ કરવામાં આવ્યો છે.

**લાસ્ટ લોકલનું સ્ટેટસ પણ જાણી લો**

મોડી રાતની છેલ્લી લોકલ ટ્રેનોની વાત કરીએ તો કર્જત (એસ વન)ની સીએસએમટીથી રાતના ૧૨.૧૨ વાગ્યે ઉપલબ્ધ રહેશે, જ્યારે કસારા (એન વન) રાતના ૧૨.૦૮ વાગ્યાની રહેશે. પીક અવર્સમાં અમુક ફાસ્ટ લોકલ ટ્રેનોને હવે મુંબ્રા અને કલવા હોલ્ટ રહેશે. મોર્નિંગ પીકમાં કલવામાં (ટ્રેન નંબર એ૨૦ સવારના ૮.૫૬) અને મુંબ્રામાં (ટ્રેન નંબર એએન-૮) સવારના ૯.૨૩ વાગ્યાના સુમારે હોલ્ટ રહેશે.

**ગાંધી જયંતીની રજાને કારણે પ્રવાસીઓને હાલાકી**

પશ્ચિમ રેલવેમાં દશેરાના દિવસથી નવું ટાઈમટેબલ અમલી બનશે, જ્યારે મધ્ય રેલવેમાં નવું ટાઈમટેબલ શરૂ થવાના અહેવાલો વચ્ચે હજુ પણ મધ્ય રેલવેના પ્રવાસીઓને ટ્રેનોમાં ટ્રાવેલ કરવામાં રાહત થઈ નથી. બીજી ઑક્ટોબરના બુધવારે ગાંધી જયંતીની રજાના દિવસે રવિવારના ટાઈમટેબલ પ્રમાણે લોકલ ટ્રેનો દોડાવવાને કારણે સવારથી લોકલ ટ્રેનોનું શેડયૂલ ખોરવાયું હતું. લોકલ ટ્રેનો એક કલાકથી વધુ સમય મોડી દોડવાને કારણે પ્રવાસીઓએ રેલવે પ્રશાસન પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી. આ ઉપરાંત, મંગળવારે રાતના સાત વાગ્યાના સુમારે કલ્યાણ-ઠાકુર્લી વચ્ચે ઓવરહેડ વાયરમાં ખામીને કારણે લોકલ ટ્રેનોની સર્વિસ ખોડંગાઈ હતી. રાતના લોકલ ટ્રેનો એક કલાકથી વધુ મોડી દોડવાને કારણે પ્રવાસીઓને ટ્રેનમાં ટ્રાવેલ કરવામાં હાલાકી પડી હતી. ■

# ૪૫ બાળકોને ખોરાકીઝેરની અસરઃ સ્કૂલ મેનેજમેન્ટ સામે ગુનો

થાણેઃ થાણેમાં મધ્યાહ્‌ન ભોજન આરોગ્યા બાદ ખોરાકીઝેરની અસર થતાં ૪૫ બાળકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પોલીસે આ પ્રકરણે સ્કૂલ મેનેજમેન્ટ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

ખાનગી સ્કૂલમાં મંગળવારે જમ્યા બાદ ૮થી ૧૧ વર્ષની વયના ૩૮ બાળકોએ ચક્કર આવવા, ઊલટી, પેટમાં દુખાવો, માથામાં દુખાવાની ફરિયાદ કરી હતી, જેને પગલે તેમને કલવા વિસ્તારની પાલિકાની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. મોડી રાતે વધુ સાત બાળકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેને પગલે બાળકોની સંખ્યા ૪૫ થઇ હતી.

દરમિયાન એક બાળકના વાલીએ આ પ્રકરણે કલવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે સ્કૂલ મેનેજમેન્ટ અને ફૂડ સપ્લાયર સામે ભારતીય ન્યાય સંહિતા અને એફડીએ રેગ્યુલેશન હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસની તપાસ ચાલી રહી હોવાથી હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી નથી. *(પીટીઆઇ)* ■

# મહારાષ્ટ્રના પુણેમાં હેલિકૉપ્ટર ક્રેશ, ત્રણ લોકોનાં મોત

પુણે : મહારાષ્ટ્રના પુણેમાં હેલિકૉપ્ટર ક્રેશ થયું છે. બાવધન બુદ્રુક ગામ પાસે હેલિકૉપ્ટર ક્રેશ થયું છે. આ અકસ્માતમાં ૩ લોકોનાં મોત થયાં છે. ગ્રામજનોએ હિંજવડી પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી હતી. પોલીસ અને મેડિકલ ટીમને રવાના કરવામાં આવી છે. હાલ ઘટનાસ્થળે બે એમ્બ્યુલન્સ અને ચાર ફાયર ફાઇટર છે. પોલીસે જણાવ્યું હતું કે આ એક દુર્ભાગ્યપૂર્ણ ઘટનામાં બુધવારે સવારે પુણેમાં હેલિકૉપ્ટર ક્રેશ થતાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં, જેમાં બે પાઈલટ અને એક એન્જિનિયરનું મોત થયું હતું. આ અકસ્માત પુણે જિલ્લાના બાવધન વિસ્તારમાં થયો હતો. દુર્ઘટના બાદ તરત જ આગ ફાટી નીકળતાં હેલિકૉપ્ટર સંપૂર્ણપણે નાશ પામ્યું હતું. ઘટનાની જાણ થતાં જ બે એમ્બ્યુલન્સ અને ચાર ફાયર ટેન્કર ઘટનાસ્થળે મોકલવામાં હતા. અકસ્માત પછી અકસ્માતગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા. ■

## દેશ વિદેશ

# રાષ્ટ્રપતિ અને વડા પ્રધાને ગાંધીજી અને શાસ્ત્રીજીને જન્મજયંતી નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પી

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને ભારતના બીજા વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીને તેમની જન્મજયંતી નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

રાષ્ટ્રપતિ મુર્મૂએ એક્સ પર જણાવ્યું કે હું તમામ નાગરિકો વતી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને તેમની ૧૫૫મી જન્મજયંતી પર મારી નમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. તેણીએ અન્ય એક પોસ્ટમાં કહ્યું કે શાસ્ત્રીએ તેમના સમગ્ર જીવનમાં સાદગી, પ્રમાણિકતા અને દેશભક્તિના સર્વોચ્ચ આદર્શો રજૂ કર્યા હતા. તેમના મજબૂત નેતૃત્વ હેઠળ ભારતે આર્થિક, વ્યૂહાત્મક અને અન્ય સફળતાઓ હાંસલ કરી હતી. ચાલો તેમના જીવનમાંથી પ્રેરણા લઇએ અને એક મજબૂત ભારતનું નિર્માણ કરવાનો સંકલ્પ કરીએ. મુર્મૂએ હિન્દી પોસ્ટમાં કહ્યું કે હું ભૂતપૂર્વ વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીને તેમની જન્મજયંતી પર મારી નમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.



**શ્રદ્ધાંજલિઃ** નવી દિલ્હીમાં રાજઘાટ ખાતે બુધવારે ગાંધી જયંતી નિમિત્તે ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (પીટીઆઇ)

મોદીએ એક્સ પર એક પોસ્ટમાં કહ્યું કે સત્ય, સદ્દભાવ અને સમાનતા પર આધારિત પૂજ્ય બાપુનું જીવન અને આદર્શ હંમેશાં દેશના લોકો માટે પ્રેરણાસ્રોત રહેશે. મોદીએ ભારતના બીજા વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીને પણ શ્રદ્ધાંજલિ અર્પી હતી, તેમનો જન્મ પણ આ જ દિવસે થયો હતો. મોદીએ શાસ્ત્રી વિશે કહ્યું કે તેમણે પોતાનું જીવન દેશના સૈનિકો, ખેડૂતો અને ગૌરવ માટે સમર્પિત કર્યું હતું. તેમણે 'જય જવાન, જય કિશાન'નો નારો આપ્યો હતો અને તેમની સાદગી અને પ્રમાણિકતાએ તેમને વ્યાપક સન્માન અપાવ્યું હતું. વડા પ્રધાને બુધવારે સવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને અન્ય ઘણા મહાનુભાવો સાથે રાષ્ટ્રીય રાજધાનીમાં ગાંધી અને શાસ્ત્રીની સમાધિની મુલાકાત લીધી અને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ■

# આફ્રિકાના જિબૂટીના દરિયાકાંઠે હિજરતીઓ ભરેલી બોટ ડૂબી, ૪૫નાં મોત

જિબૂટીઃ પૂર્વ આફ્રિકન દેશ જિબુતીના દરિયા કિનારે આફ્રિકાથી હિજરત કરનારાઓને લઇ જતી એક બોટ લાલ સમુદ્રમાં ડૂબી ગઇ હતી. જેમાં ૪૫ લોકોનાં મોત થયાં હતાં. આ જાણકારી સંયુક્ત રાષ્ટ્રની સ્થળાંતર એજન્સીએ મંગળવારે આપી હતી.

ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર માઇગ્રેશનના જણાવ્યા અનુસાર બોટ ૩૧૦ લોકોને લઇને યમનથી રવાના થઇ હતી. આફ્રિકન, મધ્ય પૂર્વ અને દક્ષિણ એશિયાના દેશોમાંથી હજારો હિજરત કરનારાઓ દર વર્ષે યુરોપમાં વધુ સારા જીવનની શોધમાં અનિયમિત સ્થળાંતરનો પ્રયાસ કરે છે. દાણચોરો યુરોપખંડ સુધી પહોંચવા માટે પોતાનો જીવ જોખમમાં મૂકવા તૈયાર મરણિયા લોકોથી બોટો ભરી દે છે. સંયુક્ત રાષ્ટ્ર એજન્સી કે જે શોધ અને બચાવ પ્રયાસોમાં મદદ કરી રહી હતી તેણે એક્સ પર જણાવ્યું કે ૩૨ બચી ગયેલા લોકોને બચાવી લેવામાં આવ્યા છે. જિબુતીના કોસ્ટ ગાર્ડે જણાવ્યું કે આ દુર્ઘટના ઉત્તર-પશ્ચિમ ખોર અંગાર ક્ષેત્રની નજીક દરિયા કિનારાથી લગભગ ૧૫૦ મીટર દૂર બની હતી. સંયુક્ત બચાવ પ્રયાસ ચાલી રહ્યો છે, જે સોમવારે સવારે શરૂ થયો હતો. ૧૧૫ બચી ગયેલા લોકોને બચાવી લેવામાં આવ્યા છે. એજન્સીએ પોસ્ટ કરેલા નિવેદનમાં જણાવ્યું કે અમે ગુમ થયેલા લોકોને શોધવા અને બચી ગયેલા લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ.

# ડોનલ્ડ ટ્રમ્પ '૬૦ મિનિટ્સ'ના ઇન્ટરવ્યૂમાં ભાગ નહિ લે

ન્યૂ યોર્ક: સીબીએસ ન્યૂસે મંગળવારે જણાવ્યું હતું કે અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીમાંના રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનલ્ડ ટ્રમ્પે ચૂંટણી માટેના અમારા ખાસ કાર્યક્રમ '૬૦ મિનિટ્સ'માંના ઇન્ટરવ્યૂમાં ભાગ લેવાનો ઇનકાર કર્યો છે.

તેણે જણાવ્યું હતું કે અમે આવતા સોમવારે ટ્રમ્પના હરીફ ડેમોક્રેટીક પાર્ટીનાં ઉમેદવાર કમલા હેરિસનો ઇન્ટરવ્યૂ લઇશું.

અમેરિકામાં ટેલિવિઝન પરના સૌથી વધુ લોકપ્રિય આ કાર્યક્રમમાં પ્રમુખપદની ચૂંટણી નજીક આવે ત્યારે તેના બે ઉમેદવારને ઇન્ટરવ્યૂ માટે અલગ-અલગ બોલાવાય છે.

સામાન્ય રીતે આ ઇન્ટરવ્યૂ રવિવારે હોય છે, પરંતુ આ વખતે સોમવારે રખાયો છે.

'૬૦ મિનિટ્સ'એ જણાવ્યું હતું કે ડોનલ્ડ ટ્રમ્પ શરૂઆતમાં ઇન્ટરવ્યૂ માટે તૈયાર થયા હતા, પરંતુ બાદમાં સીબીએસને ઇન્ટરવ્યૂ માટે ના પાડી હતી.

હાલનાં ઉપપ્રમુખ અને પ્રમુખપદની ચૂંટણીનાં ઉમેદવારનો બિલ વિટેકર સાથેનો અગાઉથી ટેપ કરાયેલો ઇન્ટરવ્યૂ પ્રસારિત કરાશે.

સીબીએસ ન્યૂસ ચેનલ મંગળવારે ઉપપ્રમુખપદના ઉમેદવારોની વચ્ચે 'વાદવિવાદ'ના કાર્યક્રમને યોજવાની છે. (એજન્સી) ■

# દક્ષિણ ગાઝામાં ઈઝરાયલના હુમલામાં ૫૧ લોકો માર્યા ગયાઃ પેલેસ્ટાઇન અધિકારી

દેર અલ-બાલાહઃ ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયનું કહેવું છે કે દક્ષિણી શહેર ખાન યુનિસ પર ઈઝરાયલના હવાઈ અને જમીની હુમલામાં ઓછામાં ઓછા ૫૧ લોકો માર્યા ગયાં છે અને ૮૨ અન્ય ઘાયલ થયા છે. બુધવારની સવારથી શરૂ થયેલા હુમલા અંગે હજુ સુધી ઈઝરાયલની સેનાએ કોઈ ટિપ્પણી કરી નથી. પેલેસ્ટિનિયન રહેવાસીઓનું કહેવું છે કે આર્મીએ ત્રણ વિસ્તારોમાં ઘૂસણખોરી કરી છે.

નોંધનીય છે કે હમાસના આતંકવાદીઓએ ગયા વર્ષે ૭ ઓક્ટોબરે ઈઝરાયલ પર હુમલો કર્યો હતો, જેના લગભગ એક વર્ષ બાદ પણ ઈઝરાયલ ગાઝામાં હમાસનાં સ્થળો પર હુમલો કરી રહ્યું છે. દરમિયાન, હમાસના સમર્થનમાં હુમલાનો બદલો લેવા માટે ઇઝરાયલે લેબનીઝ આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહ વિરુદ્ધ ગ્રાઉન્ડ અભિયાન શરૂ કર્યું છે. આ યુદ્ધ વચ્ચે ઈઝરાયલ અને ઈરાન વચ્ચે હુમલા પણ થઈ રહ્યા છે. ઈરાને મંગળવારે મોડી રાત્રે ઈઝરાયલ પર બેલેસ્ટિક મિસાઈલથી હુમલો કર્યો હતો.

હિઝબુલ્લાહે કહ્યું હતું કે તેના આતંકવાદીઓ અને ઇઝરાયલના સૈનિકો વચ્ચે લેબનોનના સરહદી શહેર ઓડેસામાં અથડામણ થઇ છે જેના કારણે તેઓને પીછેહઠ કરવાની ફરજ પડી હતી. સેનાએ દક્ષિણ લેબનોનનાં અન્ય ૨૪ ગામોને ખાલી કરાવવાની ચેતવણી આપી હતી, તેના એક દિવસ બાદ સેનાએ આવી જ ચેતવણી જાહેર કરી હતી. યુદ્ધની શક્યતાને પગલે હજારો લોકો પહેલેથી જ તેમના ઘર છોડીને ભાગી ગયા છે.

ગાઝાના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે ખાન યુનિસમાં બુધવારે સવારે શરૂ થયેલા ઓપરેશનમાં ઓછામાં ઓછા ૫૧ લોકો માર્યાં ગયાં અને ૮૨ ઘાયલ થયા હતા. 'યુરોપિયન હોસ્પિટલ'ના રેકોર્ડ અનુસાર,મૃતકોમાં સાત મહિલાઓ અને ૧૨ બાળકોનો સમાવેશ થાય છે. સ્થાનિક હોસ્પિટલોના જણાવ્યા અનુસાર ગાઝામાં અલગ-અલગ હુમલાઓમાં બે બાળકો સહિત અન્ય ૨૩ લોકો માર્યા ગયા હતા.

ઈઝરાયલી સેનાએ હજુ સુધી આ મામલે કોઈ પ્રતિક્રિયા આપી નથી. સ્થાનિકોના મતે ઈઝરાયલે ભારે હવાઈ હુમલા કર્યા છે અને તેના સૈન્યએ ખાન યુનિસના ત્રણ વિસ્તારોમાં ઘૂસણખોરી કરી છે.. ''ઘણા લોકો કાટમાળ નીચે દટાયા છે અને કોઈ તેમને બચાવી શક્યું નથી.''

સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઇઝરાયલના વળતા હુમલામાં ૪૧,૦૦૦ થી વધુ પેલેસ્ટિનિયનો માર્યા ગયા છે, જોકે તેઓએ જણાવ્યું નથી કે તેમાંથી કેટલા આતંકવાદીઓ હતા. તેમણે કહ્યું કે માર્યા ગયેલા લોકોમાં અડધાથી વધુ મહિલાઓ અને બાળકો હતાં. સેનાનું કહેવું છે કે તેણે ૧૭,૦૦૦થી વધુ આતંકવાદીઓને ઠાર કર્યા છે પરંતુ તેના કોઈ પુરાવા આપ્યા નથી. ■



**શ્રાદ્ધઃ** ચેન્નઈના મરીના બીચ ખાતે બુધવારે પિતૃ પક્ષના અંતે 'મહાલય અમાવસ્યા' નિમિત્તે પૂર્વજો માટે 'પિતૃ કર્મ પૂજા' કરતા લોકો. (પીટીઆઇ)

# યુદ્ધની અગનઝાળ શૅરબજારને દઝાડશે, સેબીનો સપાટો પડતા પર પાટું મારશે!

મુંબઇઃ શેરબજારમાં મોટો કડાક લાવી શકે એવા પરિબળો ઝળુંબી રહ્યાં છે. બજારના સેન્ટિમેન્ટને સૌથી મોટો ફટકો વિશ્વયુદ્ધ જેવી પરિસ્થિતિ સર્જાવાની સંભાવના છે. ઇઝરાયલને છંછેડીને ઇરાને સમગ્ર વિશ્વની શાંતિને ડહોળી નાંખી છે. એક તરફ ઇઝરાયલે ઇરાનને ચોખ્ખી ચેતવણી આપી છે અને અમેરિકાએ પણ ઇક્રાનને ખુલ્લેઆમ ધમકાવી નાંખ્યું છે.

ભયભીત થયેલા ઇરાને હવે જાન બચાવવા નમતું જોખ્યું છે અને પોતે પહેલ નહીં કરે એવું ઉચ્ચારણ કર્યું છે, પરંતુ ઇઝરાયલ શું કરશે એ કલ્પના બહારની વાત છે. ઇઝરાયલને અમેરિકા સાથ આપી રહ્યું છે, તો ઇરાનને રશિયા તરફથી સાથ મળવાની સંભાવના છે. આ રીતે જો સુપર પાવર યુદ્ધમાં ઝંપલાવશે તો સમગ્ર વિશ્વ માટે મોટું જોખમ ઊભું થઇ જશે.

સ્વાભાવિક છે કે જીઓ-પોલિટિકલ જોખમ ઊભા થતાં રોકાણકારો અને હેજ ફંડો ગોલ્ડ અને અન્ય સેફ હેવન એસેટ તરફ આગળ વધે છે અને ઇક્વિટી જેવા રિસ્કી એસેટમાં વેચવાલી વધવાને કારણે શેરબજારને ફટકો પડે છે. બીજી તરફ આ જ કારણસર ક્રૂડ ઓલિના ભાવમાં ઉછાળો આવે છે, (જે આવ્યો જ છે), જે ઇન્ફલેશન વધારે છે અને વૈશ્વિક અર્થતંત્રને ફટકો મારે છે. યુદ્ધ જેવી પરિસ્થિતિને કારણે વૈશ્વિક સપ્લાઇ ચેઇન ખોરવાઇ જાય છે અને નિકાસ વેપારને ફટકો પડે છે. આ ઉપરાંત ચીન પણ ભારતીય શેરબજાર માટે નકારાત્મક પરિબળ બનીને ઊભું થયું છે. ચીનની અર્થવ્યવસ્થામાં કહેવાતા સુધારા અને ચીની સરકારે જાહેર કરેલા સ્ટિમ્યુલસ પેકેજ તથા અત્યંત નીચા વેલ્યુએશન્સને કારણે વિદેશી સંસ્થાકીય ફંડો ચીની શેરબજાર તરફ ફંટાયા હોવાના અહેવાલ છે. હવે સેલ ચાઇના એન્ડ બાય ઇન્ડિયાને સ્થાને સેલ ઇન્ડિયા એન્ડ બાય ચાઇના જેવો ઘાટ ઘડાઇ રહ્યો છે. આ પરિસ્થિતિમાં એફઆઇઆઇની વેચવાલી સતત ચાલુ રહેવા સાથે વધતી રહેવાની સંભાવના છે, જે બજારને અને બજારના સેન્ટિમેન્ટને તોડવાનું કામ કરશે. અલબત્ત, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ) પાસે ખૂબ પ્રવાહિતા હોવાથી બજારને ટેકો મળશે ખરો, પણ તે ક્યાં સુધી એ પણ પ્રશ્ન છે.

આ બધામાં સેબીનો સપાટો પડતાને પાટું મારવાનું કામ કરશે એવું લાગે છે. સેબીએ ઇન્ડેક્સ ડેરિવેટિવ્ઝ પર ટ્રેડિંગની અત્યંત સટ્ટાકીય પ્રવૃતિને ધ્યાનમાં રાખીને જે પગલાં લેવાનું નક્કી કર્યુ છે, તેની સીધી અસરે આજે શેરમાર્કેટ ડાઉન થઇ શકે છે. માર્કેટ રેગ્યુલેટર સેબીએ સાપ્તાહિક ધોરણે એક્સપાયરી ઘટાડવા સહિત રોકાણકારોની સુરક્ષા અને બજારની સ્થિરતા સુધારવા માટે ઈન્ડેક્સ ડેરિવેટિવ્ઝ ફ્રેમવર્કને મજબૂત કરવા અનેક પગલાં જાહેર કર્યા છે. દરેક એક્સચેન્જને સાપ્તાહિક એક્સપાયરી સાથે તેના બેન્ચમાર્ક શેરઆંકમાંથી માત્ર એક માટે ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ ઓફર કરવાની મંજૂરી આપવામાં આવશે. સેબીએ પણ ડેરિવેટિવ્ઝ માટે ન્યૂનતમ ટ્રેડિંગ રકમ વર્તમાન રૂ. પાંચ-દસ લાખથી વધારીને રૂ. ૧૫ લાખ કરી છે, જે બાદમાં વધારીને રૂ. ૧૫ લાખથી રૂ. ૨૦ લાખની વચ્ચે કરવામાં આવશે. માર્કેટ રેગ્યુલેટર દ્વારા જારી કરવામાં આવેલી અખબારી યાદીમાં જણાવ્યા મુજબ, લોટનું કદ એવી રીતે નક્કી કરવામાં આવશે કે સમીક્ષાના દિવસે ડેરિવેટિવનું કોન્ટ્રાક્ટ મૂલ્ય રૂ. ૧૫ લાખથી રૂ. ૨૦ લાખની વચ્ચે હોય. ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ માટેના નવા ધોરણો ૨૦ નવેમ્બરથી તબક્કાવાર લાગુ કરવામાં આવશે. સાપ્તાહિક એક્સપાઇરી સાથેના ઇન્ડેક્સ ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ, કોન્ટ્રાક્ટના કદમાં વધારો અને વધારાના એક્સ્ટ્રીમ લોસ માર્જિન લાદીને ટેલ રિસ્ક કવરેજમાં વધારો એ જ દિવસથી રજૂ કરવામાં આવશે. ઓપ્શન પ્રીમિયમ પહેલી ફેબ્રુઆરી, ૨૦૨૫થી ખરીદદારો પાસેથી અગાઉથી એકત્રિત કરવામાં આવશે અને કેલેન્ડર સ્પ્રેડ ટ્રીટમેન્ટ સમાપ્તિના દિવસે દૂર કરવામાં આવશે. પહેલી એપ્રિલ, ૨૦૨૫થી ઇન્ટ્રાડે પોઝિશન લિમિટનું નિરીક્ષણ કરવામાં આવશે. સેબીએ જણાવ્યું હતું કે ઇન્ડેક્સ વિકલ્પોમાં એક્સપાયરી ડે ટ્રેડિંગ મોટાભાગે સટ્ટાકીય હોય છે. સ્ટોક એક્સચેન્જો એવા કોન્ટ્રાક્ટ ઓફર કરે છે જે અઠવાડિયાના દરેક દિવસે એક્સપાયર થાય છે. રેગ્યુલેટરના કન્સલ્ટેશન પેપરમાં જણાવ્યું હતું કે એક્સપાયરીનાં દિવસે ઈન્ડેક્સ ઓપ્શન્સમાં ભારે ટ્રેડિંગ થાય છે, જેમાં સરેરાશ પોઝિશન હોલ્ડિંગ પિરિયડ મિનિટોમાં હોય છે, તેમજ સમગ્ર દિવસ દરમિયાન અને એક્સપાયરીના સમયે ઈન્ડેક્સના ભાવમાં વધતી જતી અસ્થિરતા હોય છે.

દરમિયાન, સ્થાનિક ધોરણે બજાર આરબીઆઇની આગામી પોલિસી મીટિંગ અને બીજા ક્વાર્ટરના કંપની પરિણામોની રાહ જુએ છે. એક્સચેન્જના ડેટા અનુસાર પાછલા સત્રમાં એફઆઈઆઈએ રૂ. ૯૭૯૨ કરોડના શેર ભારતીય બજારમાં ઠાલવ્યાં છે. વિદેશી ફંડોએ પાછલા સપ્તાહ દરમિયાન કેશ સેગમેન્ટમાં રૂ. ૩,૯૩૩ કરોડના શેરનું ચોખ્ખું વેચાણ કર્યું હતું, પરંતુ સપ્ટેમ્બરમાં રૂ. ૨૨,૪૦૪ કરોડના ખરીદદારો રહ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ)એ પાછલા સપ્તાહે રૂ. ૧૫,૯૬૨ કરોડની જંગી ખરીદી નોંધાવી હતી. બજારના વિશ્લેષકો પાછલા છ મહિનાથી વધુ પડતા ઊંચા વેલ્યુએશન અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. આ કારણે નવા રોકાણકારો બજારમાં નાણાં રોકતા પહેલા સાવધાન થઈ રહ્યા છે. તેમજ ઘણા સેગમેન્ટમાં પ્રોફિટ બુકિંગ જોવા મળી રહ્યું છે. એક ફંડ મેનેજરે જણાવ્યું હતું કે, વેલ્યુએશન ઘણું ઊંચુ છે, પરંતુ હજુ પણ ભારત જેવી ગ્રોથની સંભાવના ધરાવતા બજારો બહુ ઓછા છે. આપણી રાજકોષીય ખાધ અને ફુગાવો અંકુશમાં છે. રૂપિયો પણ એકંદરે સ્થિર છે.

કરંટ ટોપિક

નિલેશ વાઘેલા

## મધ્યપૂર્વના મિસાઇલ હુમલાથી ક્રૂડ ઑઈલના ભાવમાં ભડકો

મુંબઇઃ ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા તણાવને કારણે વિશ્વમાં ચિંતા વધી રહી છે. ઈરાને લગભગ ૧૮૦ મિસાઈલો છોડીને ઈઝરાયલ પર જોરદાર હુમલો કર્યો છે તો સામે ઈઝરાયલી સેનાએ પણ જવાબી હુમલા માટે સંપૂર્ણ રીતે તૈયાર હોવાનો દાવો કર્યો છે. બંને દેશોમાં વધતા તણાવની અસર સૌથી પહેલા ક્રૂડ ઓઈલની કિંમતો પર જોવા મળી રહી છે અને ક્રૂડ ઓઈલના ભાવમાં એક સાથે પાંચ ટકાનો વધારો થયો છે. ઈરાન, જે ઓપેકનું સભ્ય છે અને તેને આ ઓઈલ સેક્ટરનો સૌથી મોટો ખેલાડી પણ માનવામાં આવે છે. તેમજ ઈરાન વિશ્વના લગભગ એક તૃતીયાંશ તેલનો પુરવઠો પૂરો પાડે છે. એવામાં આ હુમલા કારણે હવે ઓઈલ સપ્લાય ચેઈનમાં વિક્ષેપ આવવાની અસર પણ હવે દેખાઈ રહી છે. જે ક્રૂડ ઓઈલની કિંમતોમાં જોરદાર ઉછાળો રૂપે જોઈ શકાય છે. ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના તણાવની અસર આંતરરાષ્ટ્રીય બજારમાં જોવા મળી રહી છે. જેમાં વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ ક્રૂડ (ડબલ્યુટીઆઈ ક્રૂડ)ના ભાવમાં અચાનક પાંચ ટકા સુધીનો વધારો જોવા મળ્યો છે. ભૂતકાળમાં તેમાં લગભગ ૨.૭ ટકાનો ઘટાડો થયો હતો, પરંતુ તાજેતરના વધારા બાદ તેની કિંમત ફરી એક વખત પ્રતિ બેરલ ૭૧ને પાર કરી ગઈ છે. આપણે વૈશ્વિક બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડની કિંમત વિશે વાત કરીએ, તો તે લગભગ પાંચ ટકાના ઉછાળા સાથે પ્રતિ બેરલ ૭૫ની ઉપર પહોંચી ગયો છે. ઈરાન અને ઈઝરાયલમાં વધી રહેલા તણાવની અસર માત્ર ક્રૂડ ઓઈલની કિંમતો પર જ નહીં, પરંતુ હવે વૈશ્વિક શેરબજારો પર પણ કડાકો જોવા મળી રહ્યો છે. ઉપરાંત તેલના ભાવ વધી રહ્યા છે, બોન્ડ વધી રહ્યા છે, સોનાના ભાવ વધી રહ્યા છે અને શેરબજાર તૂટી રહ્યું છે.

## સપ્ટેમ્બર મહિનાનો ઔદ્યોગિક ઉત્પાદનનો પીએમઆઈ આંક ઘટીને આઠ મહિનાના તળિયે

નવી દિલ્હીઃ ગત સપ્ટેમ્બર મહિનામાં ફેક્ટરી ઉત્પાદનમાં થયેલા ઘટાડાની સાથે નવાં નિકાસ ઓર્ડરમાં પણ ઘટાડો થતાં ઔદ્યોગિક ક્ષેત્રમાં ઉત્પાદનનો આંક ઘટીને આઠ મહિનાના તળિયે પહોંચ્યો હોવાનું એક માસિક સર્વેક્ષણમાં જણાવ્યું છે.

આજે જાહેર થયેલો ગત સપ્ટેમ્બર મહિનાનો સિઝનલી એડજસ્ટેડ એચએસબીસી ઈન્ડિયા મેન્યુફેક્ચરિંગ પર્ચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ આગલા ઑગસ્ટ મહિનાના ૫૭.૫ પૉઈન્ટ સામે ઘટીને જાન્યુઆરી પછીની સૌથી નીચી ૫૬.૫ની સપાટીએ રહ્યો હોવાનું સર્વેક્ષણમાં જણાવતા ઉમેર્યું હતું કે ઉનાળાના મહિનાઓમાં જોવા મળેલી મજબૂત વૃદ્ધિ બાદ ઉત્પાદન ક્ષેત્રે વૃદ્ધિ મંદ પડી છે. નોંધનીય બાબત એ છે કે ૫૦ની ઉપરનો આંક વિસ્તરણનો અને ૫૦ની નીચેનો આંક ઘટાડાનો નિર્દેશ આપતો હોય છે.

એચએસબીસીનાં ચીફ ઈન્ડિયા ઈકોનોમિસ્ટ પ્રાંજુલ ભંડારીએ જણાવ્યું હતું કે ગત સપ્ટેમ્બર મહિનામાં ઉત્પાદન, નવાં ઓર્ડરોની મંદ પડેલી વૃદ્ધિ અને નવાં નિકાસ ઓર્ડરોની વૃદ્ધિ પણ માર્ચ, ૨૦૨૩ પછીની નીચી સપાટીએ રહેતાં પીએમઆઈ આંકમાં ઘટાડો જોવા મળ્યો છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે સતત ત્રણ મહિના સુધી ઉત્પાદન અને નિકાસ ઓર્ડરમાં વધારો થયા બાદ ગત સપ્ટેમ્બર મહિનાના પીએમઆઈ ડેટા દેશભરમાં ઉત્પાદન પ્રવૃત્તિ મંદ પડી હોવાના સંકેત આપે છે.

વધુમાં ભાવના મુદ્દે અહેવાલમાં જણાવ્યું હતું કે ગત સપ્ટેમ્બર મહિનામાં ઈનપૂટ્સ ખર્ચમાં અને વેચાણ ખર્ચમાં સાધારણ વધારો થતાં ખરીદ ભાવમાં વધારો થયો છે. તેમ જ મજૂરી ખર્ચમાં પણ વધારો થતાં ભારતીય ઉત્પાદકોએ ભાવમાં સાધારણ વધારો કર્યો છે. ભંડારીના જણાવ્યાનુસાર ગત સપ્ટેમ્બરમાં ઈનપૂટ ખર્ચમાં ઝડપી વૃદ્ધિ થઈ છે, જ્યારે ફેક્ટરી ગેટ પ્રાઈસ ઈન્ફ્લેશમાં સાધારણ ઘટાડો થતાં ઉત્પાદકોના માર્જિન સાધારણ દબાણ હેઠળ આવ્યા છે. આમ નફાશક્તિ નબળી પડતાં ઉત્પાદકોની રોજગાર માગ પર માઠી અસર પડવાને કારણે સતત ત્રીજા મહિનામાં રોજગાર વૃદ્ધિ પણ મંદ પડી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

## ખાંડમાં ₹ ૧૦થી ૨૦નો ઉછાળો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૧૦થી ૩૬૫૦માં ટકેલા ધોરણે થયાના નિર્દેશો હતા.

જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને આવતીકાલથી શરૂ થઈ રહેલા નવરાત્રોત્સવને કારણે રિટેલ સ્તરની માગ પ્રબળ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦નો ઉછાળો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૨૦ વધી આવ્યા હતા. આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત આવતીકાલથી નવરાત્રીના તહેવારોને ધ્યાનમાં લેતા રિટેલ સ્તરની માગ પ્રબળ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના ઉછાળા સાથે રૂ. ૩૭૧૨થી ૩૮૦૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ અને ઉપલા મથાળેથી રૂ. ૨૦ વધીને રૂ. ૩૮૧૨થી ૩૯૫૨માં થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની પ્રબળ માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૨૦ વધી આવ્યા હતા, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૮૫થી ૩૭૨૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૬૫થી ૩૮૨૫માં ગુણવત્તાનુસાર ધોરણે થયાના અહેવાલ હતા.

## ડૉલર મજબૂત થતાં વૈશ્વિક સોનામાં પીછેહઠ, રોકાણકારોની નજર અમેરિકાના રોજગારીના ડેટા પર

લંડનઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ ઉપરાંત રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના રોજગારીના ડેટા પર સ્થિર હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. જોકે, આજે ગાંધી જયંતીની જાહેર રજાને કારણે સ્થાનિક ઝવેરી બજાર સત્તાવાર ધોરણે બંધ રહ્યું હતું. વધુમાં આજે ચીન તથા ભારતની બજારો બંધ હોવાને કારણે પણ લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં કામકાજો પાંખાં રહ્યા હતા, જેમાં હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૨૬૪૯.૧૭ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૭ ટકા ઘટીને ૨૬૭૦.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા ઘટીને ઔંસદીઠ ૩૧.૧૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ગઈકાલે ઈરાને ઈઝરાયલ પર હુમલો કર્યા બાદ મધ્ય પૂર્વના દેશોમાં પરિસ્થિતિ વધુ વણસે તેવી ભીતિ હેઠળ ડૉલર ઈન્ડેક્સમાં તીવ્ર ઉછાળો આવતાં સોનાની પડતર વધી આવતા માગ નબળી પડતાં સોનાના ભાવ વધુ દબાણ હેઠળ આવ્યા હતા. તેમ જ ભારત અને ચીનની બજાર બંધ હોવાથી કામકાજો પણ સુસ્ત રહ્યા હતા.

આજે રોકાણકારોની નજર મોડી સાંજે હાજર થનારા અમેરિકાના એડીપી એમ્પ્લોઈમેન્ટ ડેટા અને ફેડરલના અધિકારીઓના વક્તવ્ય પર તથા આ સપ્તાહના અંતે જાહેર થનારા આઈએસએમ અને નોન ફાર્મ પે રૉલ ડેટા પર સ્થિર થઈ છે.

જો આઈએસએમ અને નોન ફાર્મ પૅરૉલ ડેટા પ્રોત્સાહક આવે તો ફેડરલ રિઝર્વ દ્વારા હળવી નાણાનીતિમાં આક્રમક વલણ અપનાવે તેવી શક્યતા પાતળી કરતાં સોનાના ભાવમાં વધ્યા મથાળેથી ઘટાડો જોવા મળી શકે છે, એમ સિટી ઈન્ડેક્સના એક વરિષ્ઠ વિશ્લેષક મેટ્ટ સિમ્પસને જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે જો મધ્ય પૂર્વમાં તણાવમાં નોંધપાત્ર વધારો ન થાય તો સોનાના ભાવ સર્વોચ્ચ સપાટીની અંદર જ રહેશે તેમ છતાં આર્થિક ડેટાની જાહેરાત પશ્ચાત્ સોનાના ભાવમાં વધઘટ અંગેનું વલણ સ્પષ્ટ થશે.

જોકે, અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નવેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજ દરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો ઘટાડો કરે તેવી ૬૫ ટકા અને ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતા સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ટ્રેડરો જોઈ રહ્યા છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ઈરાને ઈઝરાયલ પર હુમલો કરતાં ઈઝરાયલના પ્રમુખ બેન્જામિન નેત્યનાહુએ જણાવ્યું હતું કે ઈરાને ઈઝરાયલ પર કરેલા હુમલાની કિંમત ચુકવવી પડશે એમ જણાવ્યું હતું, જ્યારે તહેરાને પણ જો ઈઝરાયલ દ્વારા હુમલો કરવામાં આવે તો તે મોટો વિનાશ નોતરશે, એવી ચીમકી આપતા પરિસ્થિતિ વધુ વણસે તેવી ભીતિ સપાટી પર આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ચીનથી આયાત થતાં છ ઉત્પાદન સામે એન્ટિ ડમ્પિંગ તપાસ

નવી દિલ્હીઃ ભારત સરકારે ચીનથી આયાત થતાં અમુક રસાયણો, કોલ્ડ રોલ્ડ ઈલેક્ટ્રિકલ સ્ટીલ અને બ્લેક ટોનર પાઉડર કાટ્રિજ સામે વિવિધ સ્થાનિક ઉત્પાદકોની ફરિયાદને ધ્યાનમાં રાખીને એન્ટિ ડમ્પિંગ તપાસ હાથ ધરવામાં આવી છે. વાણિજ્ય મંત્રાલય હેઠળની તપાસકર્તા એજન્સી ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડ રેમેડિઝ (ડીજીટીઆર)એ ચીનથી આયાત થતા ૧,૧,૧,૨-ટેટ્રાફ્લોરોઈથીન અથવા આર-૧૩૪એ, એક્રીલોનાઈટ્રિટ બ્યુટાડાઈન રબર, અમુક એન્ટિ ઑક્સિડેન્ટ, પોલીટેટ્રાફ્લોરોઈથીલિન, બ્લેક ટોનર પાઉડર કાટ્રિજ અને કોલ્ડ રોલ્ડ નોન ઓરિયન્ટેડ ઈલેક્ટ્રિકલ સ્ટીલની એન્ટિ ડમ્પિંગ તપાસ શરૂ કરી છે.

ડીજીટીઆર દ્વારા જાહેર કરવામાં આવેલા અલગ અલગ નોટિફિકેશન અનુસાર અરજદારોએ ફરિયાદ કરી છે કે ચીનથી થતાં ડમ્પિંગને કારણે સ્થાનિક ઉદ્યોગને નોંધપાત્ર માત્રામાં હાનિ પહોંચી છે. આથી તેઓએ ડમ્પિંગને કારણે થતાં નુકસાનને ધ્યાનમાં લેતા એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવાનો અનુરોધ કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર એસઆરએફ લિ. એ ઑટોમોબાઈલ એર કન્ડિશનરમાં હાઈ ટેમ્પરેચર રિફ્રેજન્ટ તરીકે વપરાતા આર૧૩૪એ સામે એન્ટિ ડમ્પિંગ તપાસની માગણી કરી છે. આ સિવાય એપ્કોટેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.એ ઑઈલ ઍન્ડ ગૅસ ક્ષેત્રમાં તેમ જ ઑટો સેગ્મેન્ટમાં વપરાતા અને ચીન, યુરોપિયન યુનિયન, કોરિયા અને રશિયાથી આયાત થતાં એક્રીલોનાઈટ્રિટ બ્યૂટાડીન રબર પર એન્ટિ ડમ્પિંગ તપાસનો અનુરોધ કર્યો છે.

વધુમાં ચીન અને સિંગાપોરથી આયાત થતાં અને પ્લાસ્ટિકના ઉત્પાદન માટે વપરાતા અમુક એન્ટી ઑક્સિડેન્ટ પર એન્ટિ ડમ્પિંગ તપાસની માગ વિનતી ઓર્ગેનિક્સ દ્વારા તથા ગુજરાત ફ્લોરો કેમિકલ્સ લિ.એ ઈલેક્ટ્રિકલ, મેકેનિકલ અને રસાયણ ઉદ્યોગમાં વપરાતા પોલિટેટ્રાફ્લોરોઈથિલિન પર એન્ટિ ડમ્પિંગ તપાસ હાથ ધરવા અનુરોધ કર્યો છે.

## એફસીઆઈ ૫૬૧ ડેપોમાં અદ્યતન વીડિયો સર્વેલન્સ સિસ્ટમ બેસાડશે

નવી દિલ્હીઃ જાહેર ક્ષેત્રની ફૂડ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા સર્વેલન્સ યંત્રણા અપગ્રેડ કરતાં અદ્યતન બનાવતા તેનાં ૫૬૧ સ્ટોરેજ ડેપોમાં ૨૩,૭૫૦ કેમેરા સહિતની આઈપી-આધારિત અદ્યતન વીડિયો સર્વેલન્સ યંત્રણા બેસાડશે. આ નવી આઈપી આધારિત યંત્રણાના અમલથી ઉચ્ચ રિઝોલ્યુશન ઈમેજિંગ અને રિમોટ એક્સેસ દ્વારા મોનેટરિંગ ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો થશે, એમ અનાજ મંત્રાલયે એક યાદીમાં જણાવ્યું હતું. નવી સર્વેલન્સ યંત્રણામાં સ્થાપિત કરવામાં આવનારા સીસીટીવી કેમેરા ઓનબોર્ડ એનાલિટીક્સ ફીચર્સ જેમ કે કેમેરા ટેમ્પરિંગ, કેમેરા ફિલ્ડ ઓફ વ્યુ ચેન્જ, કેમેરા બ્લર-આઉટ ઓફ ફોકસ, મોશન ડિટેક્શન અને ટ્રિપ વાયર વગેરેને બાબતોમાં સહાયક રહેશે. વધુમાં આ નવી સર્વેલન્સ યંત્રણા સેન્ટ્રલાઈઝ કમાન્ડ કન્ટ્રોલ સેન્ટર ધરાવતી હશે.

## નાદારીની પ્રક્રિયા હેઠળ લેન્ડર્સ દ્વારા ₹ ૩.૫ લાખ કરોડની વસૂલાત

મુંબઇઃ પાછલાં આઠ વર્ષમાં નાદારીની પ્રક્રિયા હેઠળ સ્ટ્રેસ્ડ એસેટ્સના રિઝોલ્યુશન દ્વારા ધિરાણકર્તાઓએ રૂ. ૩.૫ લાખ કરોડની વસૂલાત કરી છે. આ સમયગાળા દરમિયાન એનસીએલટીએ ૧૦૦૦ રિઝોલ્યુશન પ્લાનને મંજૂરી આપી છે. મહત્વની વાત એ છે કે આઈબીસી હેઠળ, મિલકતોની ફેર વેલ્યુ એટલેકે વ્યાજબી મૂલ્યના લગભગ ૮૪ ટકા રકમની રિકવરી થઈ છે.

દેવાના ડુંગર હેઠળ દબાઈને અંતે ડિફોલ્ટ કંપનીઓ પાસેથી રિકવરી કરવા અને કંપનીની અસ્કયામતોની સુરક્ષાના હેતુસર ભારતમાં આઠ વર્ષ અગાઉ લાગુ કરવામાં આવેલા ઈન્સોલવન્સી બેન્કરપ્સી કોડને નોંધપાત્ર સફળતા મળી હોવાનો દાવો અધિકારીઓ કરી રહ્યાં છે. ઈન્સોલવન્સી એન્ડ બેંકરપ્સી કોડ (આઈબીસી) સ્ટ્રેસ્ડ એસેટ્સના માર્કેટ-લિંક્ડ અને ટાઈમ-બાઉન્ડ રિઝોલ્યુશન પ્રદાન કરે છે. નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ અને ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા આઈબીસી ઈકોસિસ્ટમની મુખ્ય સંસ્થાઓ છે.

છેલ્લા બે વર્ષમાં એનસીએલટીએ ૪૫૦ રિઝોલ્યુશન પ્લાનને મંજૂરી આપી છે. પાછલાં આઠ વર્ષમાં મંજૂર કરાયેલી આવી ૧૦૦૦ યોજનાઓમાં પાછલાં બે વર્ષનો જ હિસ્સો ૪૫ ટકા રહ્યો છે. આ સિવાય વસૂલ થયેલ કુલ રૂ. ૩.૫ લાખ કરોડમાંથી ૧ લાખ કરોડ તો માત્ર પાછલાં બે વર્ષમાં જ આવ્યા છે.

## સપ્ટેમ્બરમાં વધુ વરસાદઃ પાવરનો વપરાશ ૧૪૧.૩૬ અબજ યુનિટના સ્તરે સ્થિર

નવી દિલ્હીઃ ગત સપ્ટેમ્બર મહિનામાં દેશમાં થયેલા સાધારણ કરતાં વધુ વરસાદને કારણે વાતાનુકુલિત ઉપકરણો અને ડેઝર્ટ કુલરોના વપરાશમાં ઘટાડો થવાને કારણે દેશમાં પાવરનો વપરાશ સપ્ટેમ્બર, ૨૦૨૩નાં ૧૪૧.૨૯ અબજ યુનિટ સામે ૧૪૧.૩૬ અબજ યુનિટની સપાટીએ સ્થિર જેવો રહ્યો હતો.

ઈન્ડિયા મીટરોલોજિકલ ડિપાર્ટમેન્ટના જણાવ્યાનુસાર ગત સપ્ટેમ્બર મહિનામાં વરસાદ સાધારણ કરતાં ૧૦.૬ ટકા વધુ થયો હતો. પાવર મંત્રાલયની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્ટેમ્બર મહિનામાં પીક પાવર માગ સપ્ટેમ્બર, ૨૦૨૩ના ૨૩૯.૯૩ ગિગા વૉટ સામે ઘટીને ૨૩૦.૬૦ ગિગા વૉટના સ્તરે રહી હતી. જોકે, ગત મે મહિનામાં દેશમાં પીક પાવર માગ વધીને ઑલ ટાઈમ હાઈ ૨૫૦ ગિગા વૉટની સપાટીએ રહી હતી. આ પૂર્વે ગત સપ્ટેમ્બર, ૨૦૨૩માં પીક પાવર માગ ૨૪૩.૨૭ ગિગા વૉટના સ્તરે રહી હતી. આ વર્ષના આરંભે પાવર મંત્રાલયે મે મહિનામાં દિવસ દરમિયાન પીક પાવર માગ ૨૩૫ ગિગા વૉટ અને સાંજના સમયે ૨૨૫ ગિગા વૉટ રહેવાનો અને જૂન મહિનામાં દિવસ દરમિયાન પીક પાવર માગ ૨૪૦ ગિગા વૉટ અને સાંજના સમયે ૨૩૫ ગિગા વૉટ રહેવાનો અંદાજ મૂક્યો હતો. તેમ જ ઉનાળા દરમિયાન મે મહિનામાં પીક પાવર માગ વધીને ૨૬૦ ગિગા વૉટ સુધી પહોંચવાનો પણ અંદાજ પાવર મંત્રાલયે મૂક્યો હતો.

નિષ્ણાતો જણાવે છે દેશભરમાં ચોમાસું સક્રિય રહેતાં એરકન્ડિશનર અને ડેઝર્ટ કૂલર જેવાં વાતાનુકુલિત ઉપકરણોના વપરાશમાં ઘટાડો થવાથી પાવરના વપરાશમાં ઘટાડો અને પાવરની માગમાં ઘટાડો જોવા મળ્યો છે. જોકે,હવે ચોમાસાની વિદાય સાથે ઔદ્યોગિક અને વાણિજ્યિક પ્રવૃત્તિઓમાં વધારો થવાથી અને તહેવારોની મોસમ શરૂ થવાથી પાવરની માગમાં મક્કમ વલણ જોવા મળે તેવી શક્યતા તેઓ વ્યક્ત કરી રહ્યા છે.

## સપ્ટેમ્બરમાં કોલસાનું ઉત્પાદન બે ટકા વધ્યું

નવી દિલ્હીઃ ગત સપ્ટેમ્બર મહિનામાં દેશમાં કોલસાનું ઉત્પાદન સપ્ટેમ્બર, ૨૦૨૩ના ૬.૭૨૬ કરોડ ટન સામે બે ટકા વધીને ૬.૮૯૪ કરોડ ટનની સપાટીએ રહ્યું હોવાનું એક અધિકૃત યાદીમાં જણાવાયું છે. જોકે, વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાનનું કોલસાનું કુલ ઉત્પાદન ગત સાલના સમાનગાળાના ૪૨.૭૯૭ કરોડ ટન સામે ૫.૮૫ ટકા વધીને ૪૫.૩૦૧ કરોડ ટનના સ્તરે રહ્યું હોવાનું પ્રાથમિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. વધુમાં ગત સપ્ટેમ્બર મહિનામાં કોલસાની રવાનગી ૪.૩૫ ટકા વધીને ૭.૩૩૭ કરોડ ટનના સ્તરે અને વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાનની કોલસાની રવાનગીઓ ગત સાલના સમાનગાળાના ૪૬.૨૨૭ કરોડ ટન સામે ૫.૫૪ ટકા વધીને ૪૮.૭૮૭ કરોડ ટનની સપાટીએ રહ્યું હોવાનું યાદીમાં ઉમેર્યું હતું. એકંદરે ઉપાડ અથવા તો રવાનગીઓમાં વધારો થવાને કારણે દેશમાં કોલસાની સ્ટોકની સ્થિતિ સંતોષજનક સ્તરે રહી છે. સ્થાનિકમાં કોલસા આધારિત એકમોમાં ગત ૨૯મી સપ્ટેમ્બરના રોજ કોલસાનો સ્ટોક ગત સાલના સમાનગાળાના ૨.૨૧૫ કરોડ ટન સામે ૫૧.૦૭ ટકા વધીને ૩.૩૪૬ કરોડ ટનની સપાટીએ રહ્યો હતો. વધુમાં કોલસા મંત્રાલયે યાદીમાં જણાવ્યું હતું કે દેશમાં કોલસાના ઉત્પાદન અને રવાનગીઓમાં વધારો થવાથી ઈંધણની પર્યાપ્ત માગ સંતોષાઈ રહી છે તેમ જ ઈંધણની સલામતી પણ પૂરી પાડવાની સાથે કોલસાના પુરવઠામાં આત્મનિર્ભરતા પણ વધી રહી છે.

## સપ્ટેમ્બરમાં કૉલ ઈન્ડિયાના ઉત્પાદનમાં એક ટકાનો ઘટાડો

નવી દિલ્હીઃ ગત સપ્ટેમ્બર મહિનામાં જાહેર ક્ષેત્રની કૉલ ઈન્ડિયા લિ.નું કોલસાનું ઉત્પાદન સપ્ટેમ્બર, ૨૦૨૩ના ૫.૧૪ કરોડ ટન સામે ૫.૦૯ કરોડ ટનની સપાટીએ રહ્યું હોવાનું કંપનીએ તાજેતરમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જને એક યાદીમાં જણાવ્યું હતું. દેશનાં કોલસાના કુલ ઉત્પાદનમાં કૉલ ઈન્ડિયા લિ. ૮૦ ટકા હિસ્સો ધરાવે છે. એકંદરે ગત સપ્ટેમ્બર મહિનામાં કંપનીના ઉત્પાદનમાં ઘટાડો થયો હોવા છતાં વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી સપ્ટેમ્બર સુધીનું કોલસાનું ઉત્પાદન ગત સાલના સમાનગાળાના ૩૩.૨૯ કરોડ ટન સામે ૨.૫ ટકાના દરે વધીને ૩૪.૧૫ કરોડ ટનની સપાટીએ રહ્યું હતું.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ઈ-ટેન્ડર નોટિસ

| | | |
|---|---|---|
| વિભાગ | : | હાઈડ્રોલિક એન્જિનિયર/ ડે. હાઈડ્રોલિક એન્જિનિયર (મેન્ટ.) |
| સેક્શન | : | A.E(મેન્ટ.) W.W.E.S - I |
| બીડ નંબર | : | i) ૨૦૨૪_MCGM_૧૦૯૭૨૪૨_૧<br>ii) ૨૦૨૪_MCGM_૧૦૯૭૨૨૪_૧ |
| વિષય | : | i) પૂર્વિય પરાંમાં A.E.W.W.'M/E' વોર્ડ માટે વોટર મેઈનની જાળવણી અને ક્રોસ કનેક્શન મેકિંગ માટે જરૂરી વિવિધ સાઈઝ એસેસરીઝની સપ્લાય<br>ii) A.E(મેન્ટ.) W.W.E.S - I હેઠળ એમર્જન્સી સેક્શન માટે વાલ્વ અને વોટર મેઈન્સની જાળવણી માટે જરૂરી વિવિધ સ્પેર્સની સપ્લાય |
| બીડ પ્રારંભ તારીખ અને સમય | : | ૦૩.૧૦.૨૦૨૪ સ. ૧૦.૦૦ થી |
| બીડ અંતિમ તારીખ અને સમય | : | ૧૨.૧૦.૨૦૨૪ સાં. ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | : | http://portal.mcgm.gov.in |

સંપર્ક વ્યક્તિઃ-

| | | | |
|---|---|---|---|
| a | નામ | : | શ્રી. એ.એમ. કોલટે, A.E(M)W.W.E.S |
| b | ટેલિફોન | : | ૦૨૨-૨૫૧૫૩૨૪૯/૫૦ |
| c | મોબાઈલ નંબર | : | ૯૯૩૦૨૬૦૫૦૮ |
| d | ઈ-મેલ Id | : | aewwmes.he@mcgm.gov.in |

સહી/-
એક્ષિક્યુટીવ એન્જિનિયર
(હેડ વર્કસ) વોટર વર્કસ

PRO/1478/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## દુઃખદ અવસાન



(ઉંમર વર્ષ ૩૮)

## ચિ. મયંક ભાઈ સુંદરાણી

કચ્છ ગામ અંજારના અનિલા પ્રબોધકુમર સુંદરાણી (કાનાભાઈ) ના પુત્ર

તા. ૦૧-૧૦-૨૦૨૪ ના રોજ રામ શરણ પામેલ છે.

વર્ષા બેન ના પતિ, ચિ. વિહાન ના પિતા, ધૃતિ વિરેન મોદના મોટા ભાઈ, તેમજ મીના બેન સરેમલ જૈનના વચેટ જમાઈ.

**પ્રાર્થના સભા**

આજે તા. ૦૩-૧૦-૨૦૨૪, સમય શાંજ ના ૫.૩૦ થી ૭ સુધી

કાલિદાસ મેરીએજ હૉલ, પી.કે. રોડ મુલુંડ (વેસ્ટ)

મુંબઈ - ૮૦ મા રાખેલ છે.

(લોકિક વ્યવહાર સદંતર બંધ છે)

**શોકાતુર**

શ્રી સંજય દિના પાટીલ

સંસદ સભ્ય - ઈશાનીયા મુંબઈ


**આગમનઃ** માતાજીના આગમન અને નવરાત્રોત્સવના આરંભને લોકોએ શ્રદ્ધા અને ભાવભક્તિપૂર્વક વધાવી લીધો હતો. પરેલ વર્ક શોપમાં તૈયાર કરવામાં આવેલી માતાજીની આ મૂર્તિનું લોકોએ પુષ્પોથી સ્વાગત કર્યું હતું. (તસવીરઃ જે.પી. કેળકર)



# લાડકી બહેન યોજનાઃ દિવાળી ધમાકેદાર!

## ઑક્ટોબર-નવેમ્બરના પૈસા ૧૦ ઑક્ટોબરે ખાતામાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાયબ મુખ્યપ્રધાન અજિત પવારે બુધવારે જણાવ્યું હતું કે, અમે લાડકી બહેન યોજનાના ઓક્ટોબર અને નવેમ્બરના પૈસા દસમી ઓક્ટોબર સુધીમાં ચૂકવવાની તૈયારી કરી રહ્યા છીએ. આ પૈસા તમારા માટે વાપરો. મહિલાઓ સન્માન સાથે જીવી શકે તે માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.

એનસીપીવતી તેઓ તહેસીલ કાર્યાલયના મેદાનમાં આ ઉત્સવનું આયોજન કરવા આવ્યા હતા. બીડમાં છત્રપતિ સંભાજી મહારાજ ચોકથી નીકળેલી ફેરીમાં જેસીબીથી હાર પહેરાવીને અજિત પવારનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સાંસદ સુનીલ તટકરે, કૃષિ મંત્રી ધનંજય મુંડે અને અન્ય હાજર રહ્યા હતા.

પવારે કહ્યું હતું કે, બીડ જિલ્લાના લોકો એનસીપીને પ્રેમ કરે છે. સરકારની યોજનાઓ તમારા સુધી પહોંચાડવા માટે, જન સન્માન દ્વારા આ ઉત્સવનું

(જુઓ પાનું ૪) ▶▶

# માટુંગાના કચ્છી વેપારીએ અટલ સેતુ પરથી લગાવી મોતની છલાંગ

## હતાશામાં અંતિમ પગલું ભર્યું હોવાની પોલીસને શંકા




(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અટલ સેતુ પરથી દરિયામાં ઝંપલાવી રાષ્ટ્રીયકૃત બેન્કના મેનેજરે આત્મહત્યા કરી હોવાની ઘટના તાજી છે ત્યારે અનેક અગ્રગણ્ય સંસ્થાઓ સાથે સંકળાયેલા માટુંગાના ૫૧ વર્ષના કચ્છી વેપારીએ પણ બુધવારે સવારના અટલ સેતુ પરથી મોતની છલાંગ લગાવી હતી. વેપારી કેટલાક સમયથી ડિપ્રેશનમાં હતા અને તેમની સારવાર પણ ચાલી રહી હતી, એવું તેમની પત્નીએ પોલીસને જણાવ્યું હતું.

કચ્છના માંડવી તાલુકાના નાની ખાખરના વતની ફિલિપભાઇ હિતેનચંદ શાહ (દેઢિયા) માટુંગામાં તેલંગ રોડ પર રાજ નિકેતન ખાતે પત્ની સેજલ અને બે પુત્ર દેવ તથા યુગ સાથે રહેતા હતા. કચ્છી વિશા ઓશવાળ જૈન સમાજના ફિલિપભાઇ મસ્જિદ બંદર દેરાવાસી મહાજન પાલાગલી શાળાના ટ્રસ્ટી પણ હતા. ફિલિપભાઇ બુધવારે સવારે આઠ વાગ્યે કાર્યક્રમમાં જઇ રહ્યાનું કહીં ઘરેથી નીકળ્યા હતા. કારમાં તેઓ અટલ સેતુ પર પહોંચ્યા હતા. કાર થોભાવ્યા બાદ તેઓ નીચે ઊતર્યા હતા અને બાદમાં દરિયામાં ઝંપલાવી દીધું હતું. ન્હાવા શેવા પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર અંજુમ બાગવાને જણાવ્યું હતું કે સવારે નવ

(જુઓ પાનું ૪) ▶▶


| DEP DATES | 28th OCT | 30th OCT | 02nd NOV | 23rd DEC | 27th JAN | 10th FEB | 17th FEB | 17th MAR | 24th MAR |
|---|---|---|---|---|---|---|---|---|---|

PACKAGE INCLUSIONS

- Ateshgah, Qobustan, Flame Tower, Baku Eye, Little Venice, Mud Volcano, Crystal Hall, Funicular Ride, Coaster Ride અને Vintage Car Museum નો અદભુત અનુભવ.
- વર્લ્ડ ક્લાસ એરલાઈન દ્વારા પ્રવાસ.
- આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને ઇંગલિશ જાણતા ટૂર મનેજર ની સેવા.
- વીઝા અને એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.

SHAH HOLIDAYS

203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74


# મહારાષ્ટ્ર સરકાર સામે શરદ પવારના પક્ષનું ‘આરોપનામું’

## રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા કથળી ગયા છે, ઉદ્યોગો સ્થળાંતર કરી રહ્યા છે

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી આંગણે આવીને ઊભી છે ત્યારે શરદ પવારના રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી))એ બુધવારે મહાયુતિ સરકાર સામે ‘આરોપનામું - ચાર્જશીટ’ રજૂ કરી હતી. આરોપનામામાં રાજ્યમાંથી ઉદ્યોગોના સ્થળાંતર તેમજ કથળી ગયેલી કાયદો અને વ્યવસ્થાના પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

શરદ પવારની આગેવાની હેઠળની એનસીપી (એસપી)એ દસ મહત્ત્વના ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરીને એક અભિયાન શરૂ કર્યું છે જેમાં ‘મહારાષ્ટ્રનું આર્થિક પતન, ઉદ્યોગોનું સ્થળાંતર અને મહિલાઓની સલામતી’ સહિત અન્ય મુદ્દાઓ સમાવી લેવામાં આવ્યા છે.

લોકસભાના સભ્ય સુપ્રિયા સુળે અને પક્ષના મહારાષ્ટ્ર એકમના અધ્યક્ષ જયંત પાટીલના નેતૃત્વ હેઠળ પક્ષના નેતાઓએ મંત્રાલય નજીક મહાત્મા ગાંધીજીની પ્રતિમાથી પૂર્વ વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીની પ્રતિમા સુધી કૂચ કરી હતી અને ત્યારબાદ દક્ષિણ મુંબઈના હુતાત્મા ચોક તરફ ચાલ્યા ગયા હતા.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં જયંત પાટીલે જણાવ્યું હતું કે ‘અમે રાજ્યભરમાં ‘હક્ક માગતોય મહારાષ્ટ્ર’ (અધિકારોની માગણી કરતું મહારાષ્ટ્ર) અભિયાન શરૂ કરી રહ્યા છીએ. અમે એકત્ર થઈ મહારાષ્ટ્ર સરકાર સામે ચાર્જશીટ રજૂ કરીએ છીએ. આ ઝુંબેશ વધુ ને વધુ લોકો સુધી પહોંચાડવા ઓડિયો - વિઝ્યુઅલ (દ્રશ્ય - શ્રાવ્ય) પદ્ધતિએ તૈયાર કરવામાં આવી છે. એમાં વિવિધ માધ્યમોમાં જાહેરખબરો તેમજ નવા ગીતનો પણ

(જુઓ પાનું ૪) ▶▶


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"






સમાવેશઃ ઍરફૅર ⋮ ટુરિસ્ટ વિઝા ⋮ ટ્રાવેલ ઈન્શ્યોરન્સ ⋮ લક્ઝરિયસ હોટેલ
સાઈટીંગ માટે પ્રવેશ ફી ⋮ એક્ટિવીટીઝ ⋮ ભારતીય ટૂર મેનેજર
રાજસ્થાની મહારાજ* ⋮ ટીપ્સ અને બીજું ઘણું બધું

*શરતો લાગુ

AURORA TRAVEL-TOURS PVT.LTD

ઔરોરા ટ્રાવેલ્સ ટુર્સ પ્રા. લી.

સંપર્ક : ઓફિસ નંબર ૭૦૨,૭મે માળે, મહાલક્ષ્મી ચેમ્બર્સ, બી.ડી. માર્ગ, મુંબઈ-૨૬, મહારાષ્ટ્ર.
ફોન : 022-23519710 / 11 / 12 / 13 / 14

| ધવલ | જેસલ | ખુશ્બુ | નીલ | નીરાલી | વિશાલ ગોસાલિયા | જતીન સંઘવી |
|---|---|---|---|---|---|---|
| 98219 21920 | 98331 00845 | 9820798588 | 98218 90405 | 9137601052 | 98196 37535 | 98206 22417 |






WE SPECIALIZE IN CUSTOMISED & GROUP TOURS TO
USA - CANADA - AUSTRALIA - NEW ZEALAND - JAPAN - SOUTH AFRICA - TURKEY - VIETNAM - DUBAI - SRILANKA - ALMATY - BAKU - KASHMIR - BHUTAN - LEH LADAKH - UTTARAKHAND

Hemant Jain - +9198928 91993 | Rahul Gurjar - +9180807 09096

Mumbai Gujarat mayursuvidha www.mayursuvidhaa.com info@mayursuvidhaa.com

Head office : 14/15, Kakad Arcade, Near Bombay Hospital, Barrack Road, Opposite Dominos, New Marine Lines, Mumbai - 400020.
Kalbadevi Branch office : 90/92, Shivaldas Bldg Ground Flr Shop No 5 Tel Galli Vitthal Wadi Kalbadevi Mumbai - 400002.
Vapi Branch Office : G-25 Sonorous Complex,MG Circle, Vapi - 396 191.


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor ★ Nilesh Mahendra Dave (★Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**